મહાત્મા શ્રી

લવંજીસ્વામીનું જીવનચરિત્ર.

કર્ત્તા

મુનિ શ્રી જેઠમલજી.

પ્રકાશક

સંઘવી સવચંદ હરજી.

ૐ

મહાત્મા શ્રી
લવજી સ્વામીનું જીવનચરિત્ર.

કર્ત્તા,

એ મહાત્માના શિષ્ય

મુનિ શ્રી જેઠમલજી

(લીંબડી સંપ્રદાય).

પ્રકાશક,

સંઘવી સવચંદ હરજી

જામખંભાળીઆનિવાસી.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

વીર સંવત ૨૪૪૦. વિ. સં. ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૪.

મૂલ્ય રૂ. ૦-૮-૦

અમદાવાદ.

શ્રી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.



મદરૂલ મહામ

શેખ મહમદ બહાઉદ્દીનભાઈ. સી. આઈ. ઈ.

જુનાગઢના નામદાર વઝીર સાહેબ.

The Lakshmi Art, Bombay.

અર્પણપત્રિકા.

મહરૂલ મહામ ખાનસાહેબ બહાઉદ્દીનભાઈ

સી. આઈ. ઈ.

માજી વઝીર સાહેબ,

જુનાગઢ.

જે મહાત્મા પુરૂષના સદુપદેશને આપ અમૃત તુલ્ય માનો છો, તેમજ તે શ્રવણ કરવાને હમેશાં ઉત્સુકતા દર્શાવો છો, એટલુંજ નહિ પણ તેમના સત્સંગનો લાભ લેવા પ્રબળ ઈચ્છા રાખો છો, તેજ મહાત્મા પુરૂષનું જીવનચરિત્ર આપનેજ અર્પણ કરી કૃતાર્થ થઉં છું.

લી. સેવક,

સંઘવી સવચંદ હરજી.

જામખંભાલીઆ.

અભિપ્રાયો.

માન્યવર મુનિમહારાજાઓ તથા સદ્‌ગૃહસ્થો તરફથી આવેલા અભિપ્રાય પત્રોમાંના થોડાકને અત્રે જગ્યા આપવામાં આવે છે.

પુજ્યપાદ મહારાજશ્રી જેઠમલજી સ્વામીજીની પવિત્ર સેવામાં.

સવિનય વિજ્ઞપ્તિ જે મહાત્માશ્રી લવજી સ્વામીના જીવન ચરિત્રનું ઉત્તમ બોધદાયક પુસ્તક મારા અહોભાગ્યે વાંચવાનો પ્રસંગ મળ્યો તે વાસ્તે હું આપનો ઉપકાર માનું છું. તે વિષેના મારા ઉદ્‌ગારો આ સાથે જણાવ્યા છે તેથી આપ વાકેફ થશોજી. તેમાં મારાથી કાંઇ દોષ થયો હોય તો ક્ષમા ચાહું છું. આપના દર્શનનો લાભ મળ્યો અને ઉપદેશનો પણ અન્ય લાભ મળ્યો તેથી મારા મનને એમ પણ ખાત્રી થઇ કે જૈન શાસ્ત્રને દીપાવનાર હજુ પણ વીર રત્નો પડયા છે અને તેમનાથી બનતો પ્રયાસ કરી જૈન મતનાં ઉત્તમોત્તમ સિદ્ધાંત ફરમાનો યોગ્ય રીતે સમજાવી જૈન ધર્મની મહત્તામાં વધારો કરે છે.

જૈન સાધુજીનું કર્તવ્ય સંકુચિત દ્રષ્ટિવાળું ન હોવું જોઇએ અને તે પ્રમાણે આપ ઉદાર મન રાખી જ્યાં જ્યાં વિચરો છો ત્યાં ત્યાં અન્ય ધર્મીઓને પણ સારો બોધ આપી હિંસાદિક અનેક અનીતિનાં કૃત્યો કરતાં અટકાવો છો એટલુંજ નહિ પણ એવાં કૃત્યો કરવાથી કેટલી હાની થાય છે તે સમજાવી એ સૂત્રનો યથાયોગ્ય સચોટ ભાવ સાથે અવલોકન કરાવો છો અને તેથીજ અનેક કુકર્મ થતાં અટકાવ્યાં છે. મહાવિર જયન્તિ વાસ્તે જે પ્રયાસ થયેલ છે તે સ્તુત્ય છે અને આશા છે કે તેવા પ્રયાસનું પરિણામ સારૂંજ આવશે.

આપ જ્યાં જ્યાં પધારો ત્યાં જૈનશાળા અને જૈન કન્યાશાળા કે શ્રાવિકાશાળા વાસ્તે પણ બોધ આપી તેની સંસ્થાઓ વાસ્તે શ્રાવકો યોગ્ય પગલાં લે તેમ પણ કરવા વિનંતિ છે.

ગુરૂજીનું જીવન વાંચતાં હર્ષ એ થાય છે કે તેમણે બાળપણથી જ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દીક્ષા ગ્રહણ કરી છે તેમના સમાગમ તથા ઉપદેશથી ઘણા શીષ્યો અને ભાવિક હશે તે તો ઠીક પણ ઘણા ઘણા ક્ષત્રી રાજવંશીઓ, યુરોપીઅનો તથા પારસીઓ વિગેરે જૈન મતના ફરમાનનો યોગ્ય સત્કાર કરી આપની અમૂલ્ય વાણીનું પાન કરી તે પ્રમાણે અમલ કર્યો છે. તે વાસ્તે જેટલો ધન્યવાદ ઘટે તે આપનેજ છે. જીવન ચરિત્ર જોકે બહુ સાદી અને સરળ ભાષામાં લખાયું છે, તોપણ મહારાજશ્રી જેઠમલજી સ્વામીએ અથાગ શ્રમ લઇ આવા નાના પુસ્તકમાં પણ જૈન ધર્મની ફીલસુફીનાં ઉત્તમ તત્વોનું ગુરૂજીના ઉપદેશથી અવલોકન કરાવ્યું છે. મને ઝાઝો અવકાશ ન હોવાથી ગુરૂજીની પવિત્ર વાણી સાંભળવાનો વખત ન આવ્યો તે ખાતે દીલગીર છું.

નવલચંદ ગુલાબચંદ બી. એ.
ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, નવાનગર સ્ટેટ.

REV. MUNI SHRI JETHMALJI SWAMI,
JETPUR.

Received your favour dated 20th inst. I think myself under your deep obligation for retorting as to my irregularity; but over-pressure of work has been the chief source of delay for which I hope to be excused.

It is with delight that I have gone through the Jiwan Charitra of Rev. Muni Maharaj Lawji Swami. The brief account of his birth and actions after his renunciation of this wordly life and initiation in this saintly career has been well worded and put forth. Though the author has not been able to satisfy the definition of a Jiwan Charitra but it is to his credit that he has undertaken a task which no one amongst us at present ventures, owing to which many deserving persons, have been left in the corner and never remembered.

This little book can well set the example of which our Maharajas are in a position to do if they bend up their mind to elevate the state of the worldly wings both spiritual and moral.

Wandan to Maharaj Shri and you.

Engineering college, Poona.
Jan. 26 1913.

Obediently,
CHHOTALAL C. SHETH,
B. A.

(તરજુમો.)

મહાત્મા મુનિશ્રી **જેઠમલજી** સ્વામી. **જેતપુર.**

મહાત્મા મુનિ મહારાજ લવજી સ્વામીનું જીવન ચરિત્ર ઘણા આનંદની સાથે મેં પુરૂં વાંચી લીધું છે. તેમનો જન્મ અને સંસારી જીંદગીનું અને સંયમ ધારણ કર્યા પછીની તેમની કારકિર્દીનું ટુંકામાં

બહુ સારા શબ્દોમાં વર્ણન કરેલ છે. જો કે ગ્રંથકર્તા જીવનચરિત્રની સંતોષકારક વ્યાખ્યામાં મુકી શકેલ નથી પરંતુ તેણે જે કામ માથે ઉઠાવ્યું છે તેને માટે તેને ખરેખર ધન્યવાદ ઘટે છે. કારણ હાલના સમયમાં આપણામાંથી કોઇ તે પ્રમાણે કરવા આગળ આવત નહિ અને તેને લીધે કેટલાક લાયક પુરૂષોને કોઇ યાદ પણ કરતું નહિ અગર તેમની હકીકત ખુણામાં પડી રહે છે,

આપણા મુનિ મહારાજો મન ઉપર લે તો સંસારી જીવોને નીતિ અને પરમાત્મક સ્થિતિમાં ઉંચા લાવવાને શક્તિવાન છે એમ બતાવી આપવાને આ નાનું પુસ્તક સારો દાખલો બેસાડે છે.

મહારાજશ્રીને તથા આપને વંદના કરૂં છું.

એનજીનીયરીંગ કોલેજ પુના. | આપનો આજ્ઞાંકીત,
તા. ૨૬ જાન્યુઆરી ૧૯૧૩ | **છોટાલાલ સી. શેઠ** બી. એ.

CERTIFICATE.

To,

MAHARAJ SAHEB JETHMALJI SWAMI.

It was very kind of you to send me a copy of your book મહાત્માશ્રી લવજી સ્વામીનું જીવનચરિત્ર. I have gone through it with great interest. You must have laboured hard to bring it to such perfection. I think very highly of it and consider it does you great credit.

Jam Kandorna.
18th July 1913.

Yours obediently,
NAVALCHAND V.
M. G. Jam Kandorna
Dispensary.

॥ ॐ ॥

બગડુશાળા તા. ૪–૩–૧૩.

જણાવવાને આનંદ થાય છે કે આજે જૈનમતાનુયાયી સ્વામી શ્રીજી મહાનુભાવ **લવજી** સ્વામી તથા તેમના શિષ્ય **જેઠમલજી** સ્વામીનું યદૃચ્છયા અત્રે પધારવું થયું, તેમની સાથે જ્ઞાન વિનોદ થયો, જેમાં ભાવી હિંદને હવે કેવા ધર્મવિચારની આવશ્યકતા છે, તે વિષે વિશિષ્ટ ઉહાપોહ થતાં તેમના સદ્વિચારો ખરેખર એક નૂતન સુધારકને પણ પશ્ચાત મુકે તેવા સ્તુત્ય અને ગ્રાહ્ય છે. તેમની પુરાણી પ્રભામાં પ્રસ્તુત નૂતન તેમના વિચારો તેમના તરફ અન્ય મતાનુયાયી કોઈ પણ ત્યાગી વ્યક્તિઓને પુજ્યભાવ પ્રકટાવવાને પુરતા છે.

આજકાલ ઉપદેશકોની અતિ ક્ષતિ જોવામાં આવતી નથી. પણ એટલું તો પ્રાસંગિક હોય તે કહેવાયા સિવાય રહેવાતું નથી કે તેઓના ઉપદેશમાં પોતાનો કક્કો સચોટ સિદ્ધ કરવાની ચમત્કૃતિયુક્ત શબ્દ સંકલનાં યુક્ત વાક્યાવલી બાદ કરતાં કેવળ નિઃસારતાજ શેષ હસ્તગત થાય છે. જો કે ઉક્ત સ્વામીશ્રી અમુક વિશિષ્ટ સંસ્થાના ઉપદેશક છતાં સામાન્ય ધર્મના સર્વ સામાન્ય મૂળતત્વો પોતાના ઉપદેશમાં પ્રબોધે છે.

સ્વામીશ્રીનો સચોટ ઉપદેશ હિંસાવર્જિત અને હિંસામાંજ રચ્યા પચ્યા રહેનારા મનુષ્યોમાં સચોટ ઉપદેશ કરે છે. એટલુંજ નહિ પણ સાંભળતાંજ તેવા મનુષ્યો પોતાનો પ્રમાદ સમજતાં પશ્ચાતાપ કરી સ્વામીશ્રીના **अहिंसा परमोधर्मः** ના ઉદાર વાવટાની નીચે જીવન સમર્પણ કરે છે. એજ સ્વામીશ્રીના ઉપદેશનો અદ્ભુત વિજય છે.

પવિત્ર પ્રિયદેશના બંધુઓ, તમે હિંદુ હો કે ભલે મુસલમાન હો કે સનાતની હો કે સમાજિષ્ટ હો, વૈષ્ણવ હો કે શૈવ હો, પારસી હો કે ઈસુ હો, થીઓસોફીસ્ટ હો કે બુદ્ધિષ્ટ હો, જૈની હો કે બ્રાહ્મી હો, જે હો તે હો.

ભલે સ્વધર્મના વિશિષ્ઠ મુળતત્વો વિશેષ ફરજ તરીકે સ્વીકારો કિન્તુ સર્વધર્મના સામાન્ય ધર્મ સિદ્ધાન્તમાં સર્વનું ઐક્ય સુદૃઢ થાઓ અને અન્યોઅન્ય ઈર્ષા, દ્વેષ અને કુસંપના વિષમય બીજો તદ્દન લય થાઓ એવું સ્વામીશ્રીના ઉપદેશનું લક્ષ્ય કે તે પ્રત્યેક બંધુને અને ધર્મ પ્રવર્તક આચાર્યશ્રીઓને સ્વીકાર્ય અને શીરોધાર્ય છે.

તેમનું જીવન નખશિખ ઉચ્ચ અભિલાષિત જગહિત સાધના સાધતું દૃષ્ટિગોચર થાય છે.

शान्तो महान्तो निवसन्ति सन्तो
वसन्तवल्लोकहितं चरन्ति ।
परोपकारार्थ विचारशीलः ।
न हेतुनान्या विचरन्ति सन्तः ॥

પ્રાચીન કવિએ વર્ણવેલ સાધુઓના ઉત્કૃષ્ટ ચરિત્રરૂપ ઉપમાન સાથે મહાનુભવ સ્વામીશ્રીનું જીવન યથાતથ્ય ઉપમેય થાય છે.

પરમાત્મા તેમના જરાગ્રસિત તનુમાં વિશેષ આત્મબળ તથા આયુર્બળ પ્રેરે અને તેમનું શિક્ષણિય અને અનુકરણિય જીવન ઉત્તમ મધ્યમ અને અધમ જીવાત્માઓને ઉદ્ધારણ કરવામાં જયવંત દૃષ્ટાંતરૂપ બનાવો એવી અંતિમ ઈચ્છા છે, ઇત્યલમ્ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

લી.

ધનેશ્વર શર્મા કેવદ્રાકર.

જેતપુર તા. ૨૫ ડીસેમ્બર સને ૧૯૧૨.

વકતા મહારાજશ્રી **જેઠમલજી** સ્વામી.

આપે ઘણો પરિશ્રમ ઉઠાવી મહાપુરૂષ સદ્ગુણી મહાત્મા ગુરૂરાજ **લવજી** સ્વામીનું જીવન વૃત્તાન્ત તૈયાર કરવા જે તસ્દી લીધી

છે તેને માટે બધો શ્રાવકવર્ગ આપનો ઘણો આભારી થયો છે ને તે બુક મેં આતુરતાથી ઘણા લક્ષપૂર્વક વાંચી છે તેથી તે મને ઘણી ઉપયોગી અને જરૂરીઆતવાળી જણાય છે એટલુંજ નહિ પણ તેમનું જીવન ચરિત્ર જાણવા ઉપરાંત મુસલમાન સદ્‌ગૃહસ્થો જો કે આપણો ધર્મ નાપસંદગીની નજરથી જોતા આવ્યા છે તેવા મુસલમાન સદ્‌ગૃહસ્થોને આપના બોધથી થએલી ભારે અસર અને તેમનો વખતો વખતના આવવા જવાનો પરિચયે ઘણુંજ વખાણવા લાયક આપના પ્રયાસનું દેખાઇ આવેલું પરિણામ અમો શ્રાવક લોકોને વધારે મગરૂર બનાવે છે અને આખી ન્યાતીને આપણા ધર્મ તરફ લાગણી ઉત્પન્ન કરવાનું ખરેખરૂં પહેલું માન આપેજ મેળવ્યું છે.

તેમજ મહાત્માશ્રી લખવાના કામમાં ભારે કુશળતા ધરાવે છે તે જો કે હું હમેશાં મહારાજ સાહેબ અને આપની પાસે આવવા જવાના પરિચયવાળો હોવા છતાં તેના સંબંધમાં હું તદ્દન અજાણપણાની સ્થિતિમાં હતો તે આપની રચેલી બુકથીજ જાણીતો થવાથી મને ઘણી ખુશી પ્રાપ્ત થઇ છે અને અમોને ભારે આભાર નીચે મુકયા છે.

દા. **માનસિંગ નરભેરામ કામદાર.**

પંડીત વકતા સુકંઠી મહારાજ શ્રી **મોહનલાલજી** સ્વામી (બરવાળા સંપ્રદાય.) ઉપલેટા મુનસફ સાહેબ મારફત લખાવે છે કેઃ—

મહાનુભાવ પંડિતરાજ જૈન ધર્મોન્નતિકારક શ્રી **જેઠમલજી** મહારાજ **તરફથી** રચાઇ બહાર પડેલી પ્રૌઢ પ્રતાપી પંચાચાર પાળક **અષ્ટમદ** ગાળક શાંત દાંત ક્ષમાદી ગુણોપેત મહાત્માશ્રી ૧૦૮ **લવજી** સ્વામીનું જીવનચરિત્રનું પુસ્તક વાંચી મ્હને પૂર્ણ સંતોષ થયો છે.

કારણ કે તમોએ દેશાંતરમાં વીચરી પૂર્ણ તસ્દી લઈ સ્વમતિ પરમતિ અને રાજાદિકમાં ખુબ ધર્મોન્નતિ પ્રસારી છે તેથી ખરેખર જૈનધર્મીઓને મગરૂર બનવાનું છે. પ્રાચીન કાળમાં આપણા વીર પ્રણિત દયા ધર્મની જાહોજલાલી અખીલ વિશ્વમાં ઝળકી રહી હતી અને તે જાહોજલાલીની વિજયવંત પતાકા તળે ક્ષત્રિઓ, બ્રાહ્મણો, વૈશ્યો, અને શુદ્રો, વગેરે જૈન ધર્મરૂપી સાંકળના અંકોડા તરીકે જોઈન્ટ રહી આર્ય ભૂમિને આર્યત્વથી ભુષીત કરતા હતા. પરંતુ અર્વાચીન કાળમાં તે સાંકળ છીન્ન ભીન્ન થઈ જવાથી તે પૈકીમાંના વૈશ્યો દૃષ્ટિગોચર થાય છે. તેનું મુખ્ય કારણ તપાસીએ તો ઉક્ત અધોગતિના નિમિત્ત રૂપ આપણેજ છીએ, પણ હવે ચાલુ જમાનાને તેવા સાંકડા વિચારો તથા પ્રાપ્ત સ્થિતિનો સંતોષ પકડવો એ કદી બંધ બેસશે નહિ અને તેથી ઉક્ત મહાત્માનો અવર્ણ્ય પરિશ્રમથી આપણા શીર રહેલી જોખમદારીઓની ફરજ બજાવવા સારી રીતે શીખવે છે. આશા છે કે તેવીજ રીતે આત્મભોગ આપી અવાચક પ્રાણીઓનું સંરક્ષણ કરવા સમેત સત્યના અને દયાના પવિત્ર માર્ગથી વિરક્ત રહેલા જનોને સદ્રસ્તે દોરવા જે પ્રયત્ન કર્યો છે તેવીજ રીતે બલકે તેથી અધિકતર પ્રયાસનું મિષ્ટ ફળ આસ્વાદન કરાવી ઉપકૃત કરશો. તથાસ્તુ.

ૐ શાન્તિ. વીર સંવત ૨૪૩૫ના જેષ્ટ કૃષ્ણપક્ષ સપ્તમી બુધવાર સ્થળ ભાયાવદર.

પંડીતરાજ શ્રી ઉત્તમચંદ્રજી સ્વામી (લીંબડી સંપ્રદાય) નીચે મુજબ લખીત અભિપ્રાય મોકલાવે છે કે મુનિશ્રી જેઠમલજી વિરચિત મહારાજ શ્રી લવજી સ્વામીના જીવન ચરિત્રની બુક મળી તે વાંચતાં યોગ્ય કર્તવ્ય બજાવેલ છે. ફક્ત મારા આધિન મત મુજબ પત્રો દાખલ

કર્યા છે તેના સંબંધમાં અમોને અનુચિત જણાય છે. સિવાય બાકી સઘળું લખાણ વગેરે માટે અમારો ઉંચો મત છે. સ્થળ ગાગોદર (કચ્છ વાગડ) સં. ૧૯૫૯ ચૈત્ર વદી ૨.

પૂજ્ય શ્રી **અમરસિંહજી** સ્વામી (**ધ્રાંગધ્રા** સંપ્રદાય.) લખે છે કે, મુનિશ્રી **જેઠમલજી** તરફથી રચેલ મહારાજશ્રી **લવજી** સ્વામીના જીવન ચરીત્રની ચોપડી ભેટ તરીકે મોકલાવી તે પહોંચી છે. મુનિશ્રી તમોએ જે ગુરૂજીનું જીવનચરિત્ર લખ્યું તે ઘટીત કર્યું છે. વળી તે વાંચતાં સારૂં જોવામાં આવે છે........એ મુજબ અમારો યોગ્ય અભિપ્રાય સ્વીકારશો. સ્થળ સીતાપુર સં. ૧૯૫૮ ના અસાડ વદી ૨ ને વાર સનિ.

પંડીતશ્રી અવધાની **રત્નચંદ્રજી** સ્વામી (લીંબડી સંપ્રદાય) પાલણપુરથી લખાવે છે કે ત્યાં બીરાજતા મહારાજ સાહેબ શ્રી **લવજી** સ્વામી થાણા. ૨ ને અત્રે બીરાજતા મહારાજશ્રી ગુલાબચંદજી સ્વામી આદિ થાણા ૪ ની વતી યથાયોગ્ય વંદણા સાથે સુખ શાતા પુછશો.

મહારાજ શ્રી **જેઠમલજી**એ મહાત્માશ્રી **લવજી** સ્વામીના જીવન ચરિત્રની ચોપડી મોકલી તે પહોંચી છે અને તે હર્ષ સાથે સ્વીકારી છે. અન્ય મતિ વર્ગમાં ધર્મપ્રચાર સારો કર્યો તે વાંચી સંતોષ થયો છે. પુજ્ય **અજરામરજી** સ્વામીના જીવનચરિત્રની બુક ભેટ તરીકે મોકલી છે તે સ્વીકારશો.

પાલણપુર મીતી ભાદરવા વદ ૨ બુંધવાર.

પીતામ્બરભાઈ હાથીભાઈ (માજી દીવાન,)

પાલણપુર.

પુજ્યપાદ સ્વામીજી લવજી સ્વામીનું જન્મ વૃત્તાન્ત મળ્યું વાંચતાં મને અનહદ આનંદ ઉપજ્યો છે તથા તે સંબંધે મારા જે વિચારો ઉદ્ભવ્યા છે તે નીચે ટાંકું છું. આવા મહાન પુરૂષો ભારતભૂમિના સદ્ભાગ્યે આ અવનીપર થતા આવ્યા છે અને થતા જાય છે ને તેથીજ આ ભારતભૂમિપર મહાન વિપત્તિઓનાં કાલચક્ર ફરી જવા છતાં ઇતર મહાન પ્રજાની માફક ભારતવાસીઓના ધર્મનો સદંતર નાશ પામ્યો નથી. આવા લીબરલ વિચારો તેમજ ઉત્કટ ભાવનાનું અનુકરણ આપણા ધર્માચાર્યો તથા અન્ય ધર્મના નેતાઓ અહોનિશ કરતા રહે એવી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે. આપના તરફથી ખંભાલીઆની પ્રજાને જે જાહેર વ્યાખ્યાનોદ્વારા અલભ્ય લાભ મળ્યો છે તે ખાતે હું તથા ખંભાલીઆની પ્રજા આભારી છીએ.

જામ ખંભાલીઆ, તા. ૨૫-૧-૧૩.

જીવણદાસ ડુંગરશી સરાયા.
બી. એ. એલ. એલ. બી. મેજીસ્ટ્રેટ ખંભાલીઆ.

श्रीमच्छुककोकिलपारावतबर्हिनिनादित विविधोद्यानसुशोभिते निम्बाल्यपुरे कृताधिवासं संस्कृतगुर्जरांग्लिशमागधीयादि भाषाविशेषनिपुणमुपशमशीलं मुनिवर्यं जेठमल्लजीनामानं वटपुरनिवासी सोमेश्वरोऽभिवादयति परं च वक्ष्यमाण प्रकारेण स्वाभिप्रायं निवेदयति ।

मुनिवर्यभवल्लिखितं महात्मनो लवजीस्वामिनो जीवनचरित्रमवलोकितं मया अहो सुष्ठुतरं कृतमेतद्भवद्भिर्यत्साधुगुणभूषणभूषितस्येदृशस्य महात्मनो माहात्म्यसूचको वृत्तान्त उपवर्णितः ।

नूनमिदृशा लोके विरला उपलभ्यन्ते चोत्पद्यन्ते नृणां भूरिभाग्येनैव अवश्यमेवास्य मुनिवर्यस्य चरित्रश्रोतृणां हृदि करुणोपशमपरोपकारित्व शीलसदाचरणादयोगुणा आविर्भविश्यन्त्येवेत्याशासे ।

ली. पंडित सोमेश्वर रघुनाथ. (मुंबई).

પ્રસ્તાવના.

પ્રાચીનકાળથી અદ્યાપિ પર્યંત જીવન ચરીત્રો લખવાની પ્રણાલિકા ચાલી આવતી જોવામાં આવે છે. આવાં ચરિત્રો લખવાનો મુખ્ય ઉદ્દેશ માત્ર એજ છે કે દુનિયાની ભવિષ્યની પ્રજા પોતાના કર્તવ્ય રૂપ ઉચ્ચ ભૂમિમાં પ્રચાર કરવા લલચાય અથવા તો તે ચરિત્રો તેમનો ઉત્સાહ વધારનારાં શુભ સાધનરૂપ થઈ પડે. વિશેષે કરીને વ્યવહારિક પુરૂષોના જીવન ચરિત્રો કરતાં ત્યાગી અથવા તો મહાત્મા પુરૂષોના જીવન ચરિત્રો અખિલ વિશ્વની સમગ્ર વ્યક્તિઓને સર્વાંશે અનુકરણ રૂપ થઈ પડે છે. મહાપુરૂષોના ચમત્કારિક ચરિત્રોથી સદ્‌ગુણના જીજ્ઞાસુ નરને એવા પુરૂષોની જીંદગીથી મહાબળવાન અને ઉત્તેજીત ધડો મળે છે, કારણ કે એ પુરૂષોએ આ સંસારરૂપ મહાન શાળામાં રૂડી રીતે રહીને પોતાના જીવન ચરિત્રની નોંધ દુનિયાને વારસામાં આપવા સાથે ભવિષ્યની પ્રજાના કલ્યાણ રૂપ વૃક્ષ હમેશ ફળે એવું બીજ રોપેલું હોય છે. મહાપુરૂષોએ નિજપંથને પોતાનું સર્વસ્વ અર્પી આત્મબલીદાન કરનારા આર્ય ભૂમિના મહાપુરૂષોનું નિરંતર સ્મરણ, તેમના ચરિત્રોનું વારંવાર અવલોકન અને તેમના દીવ્ય પંથે વળતિ વૃત્તિઓ વિગેરેની આજના તીક્ષ્ણ હરીફાઇવાળા જમાનામાં અત્યાવશ્યકતા છે અને તે અનેક રીતે આવાં પુસ્તકોથી પુરી પડે છે. વળી તે આંતરિક રીતે ઘણાજ શુભાશયવાળા હોય છે. પાશ્ચાત્ય પ્રજા ઈતિહાસો અને જીવનચરિત્રો તરફ દિનપ્રતિદિન વધારે ને વધારે લક્ષ આપતી જાય છે. ત્યારે આપણા ભારતવાસીઓનું ધ્યાન તે તરફ ક્વચિતજ ખેંચાતું અવલોકવામાં આવે છે. યુરોપાદિ

દેશોમાં મહાન પુરૂષોના સ્મરણાર્થે કાગળ પત્રો, વિચાર સમાગમના પ્રસંગો, ડાયરીઓ સાચવી રખાય છે. તેને યોગે ભવિષ્યમાં એવા મહાન્‌નરોના જીવનચરિત્રો લખનારને જોઇતી સગવડ મળી શકે છે. ત્યારે આપણા દેશમાં આવા યત્નો અલ્પ દૃષ્ટિગોચર થાય છે. જેમ જેમ જીવનચરિત્રોનો બહોળો પ્રચાર થાય તેમજ જનસમાજને કિંવા દેશને અપરિમિત ફાયદાઓ સંપાદિત થાય છે. તેને માટે જાણીતા લેખક મી. ગુટેએ લખ્યું છે કે:—

On the lives of Remarkable men inkstand and paper could least be spaired.

અર્થાત્ નામાંકિત નરોના જીવનચરિત્ર પાછળ શાહી કે કાગળની સહેજ કરકસર કરવી જોઇએ નહીં. 'સેલ્ફ હેલ્પ'ના કર્તા કહે છે કે જેવી રીતે સ્માઇલ્સે પોતાના દેશના અને ખંડના પુરૂષોના સ્વપ્રાક્રમની નોંધ એકઠી કરીને બહાર પાડી છે તેવીજ રીતે દરેક દેશે પોતાના મહાપુરૂષોના સ્વાશ્રયની બીના બહાર પાડવી જોઇએ પરન્તુ આપણામાં જીવનચરિત્રો લખવાનો અગાઉથી વહીવટ નથી તેથી એવો સંગ્રહ કરવા જોઇએ તેવું સાહિત્ય મળી શકવું મુસ્કેલ છે અને તે ખાતે મારા મનને અફસોસ રહે છે. પણ નિરૂપાય! જીવનચરિત્રોની નોંધવહીઓ પાછળથી ખાણરૂપ થઈ પડે છે અને તે ખજાનામાંથી તે દોલત તરીકે આપણને ઉપયોગી થઇ પડે છે તેથી વીગતવાર તપસીલ આપવી જોઇએ. પૂર્વે થઈ ગએલા અશોક રાજાએ કોતરાવેલા શિલાલેખો આજે ભારતવાસીઓ તેમજ અન્ય પ્રજાનું ધ્યાન ખેંચી રહ્યા છે. આવા શિલાલેખો તથા તામ્રપત્રો વંચાવી તેના તરજુમા પાછળ નામદાર બ્રિટિશ સરકાર ઘણો પૈસો ખરચે છે. તે શિલાલેખાદિ પ્રાચીન ભારતભૂમિની સાંસારિક અને ધાર્મિક એમ

ઉભય પ્રકારની અમુક સ્થિતિનું દીગ્દર્શન કરાવે છે, એટલુંજ નહિ પરન્તુ અનેક માહીતીઓ પુરી પાડે છે. આવો એક લેખ સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવેલા ગિરનાર ડુંગરની તળેટીમાં એક મોટા પત્થર ઉપર કોતરેલો અવલોકવામાં આવે છે. તે લેખમાં લખેલી બીનાનો સાંપ્રત સમયની ભાષામાં તરજુમો કરી આપવા માટે જુનાગઢના નામદાર નવાબસાહેબે વિદ્વાન પુરૂષોને બોલાવી તેનો તરજુમો કરાવી પોતાના મ્યુઝમમાં રાખેલ છે. આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે ભારતવર્ષની પ્રજાને પુરાતન વસ્તુ તરફ અભિરૂચી થતી જાય છે અને કેટલાક સંજોગોપરથી એટલું પણ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે કે આપણા લોકો હવે ઇતિહાસો અને જીવનચરિત્રો કેટલેક અંશે અગત્યની હકીકત પુરી પાડે છે તે સારી રીતે જાણતા જોતા થયા છે. જીવન ચરિત્રો જેવા અગત્યના કાર્ય તરફ આપણી જોતી વૃત્તિ નહોતી અને હતી તેમજ અદ્યાપિ છે તે તદન જુદાજ રૂપમાં હસ્તી ધરાવે છે. મુખ્યત્વે એ ચરિત્રના નાયક અને તેના લાગતા વળગતાઓ સાથેનું પરસ્પર સંવાદનું ચિત્ર ખડું કરવામાં આવે છે. પણ જો એમાં નાયકે જનસમાજના હૃદયનાં કયાં કયાં સંગીન કાર્યો કરી વિજય કર્યો તે દર્શાવવામાં આવે તો તે વધારે ઉપયોગી થઇ પડે. જીવનચરિત્રો કોનાં અને કયારે લખવાં ઉચિત ગણાય તે જાણવાની અગત્ય છે. નહિ કે પાંચ વર્ષ થયાં નહિ ત્યાં તથા પોતાનાજ વાડામાં ભરાઇ રહી સ્વયંસેવકોના મુખદ્વારા પ્રશંસા પાત્ર થઇ પડવાથી અથવા "**घरपंडीयामठशुरा**" એ વાકયાનુસાર થઇ પડતાં મોટાં મોટાં પોથાં ભરી દેવાં, પરન્તુ જાણવું જોઇએ કે નાયકે લખવા જેવાં શું શું કાર્યો કર્યાં ? તે જોવું જોઇએ. વળી બીજી બાજુ દૃષ્ટિપાત કરવાથી સહજ ભાન થયા વિના નહિજ રહે કે મનુષ્યોનું બહુધા

પરસ્પરની સ્પર્ધા તથા અઘટીત ટીકા તરફ વધારે વલણ હોય છે અને તે કુટેવને લઈનેજ આપણી પ્રજા જલદી આગળ વધી શકતી નથી. પોતે શું કરી બતાવ્યું તે જોયા પછીજ ઈતિર વ્યક્તિ તરફ અમુક પ્રકારનો મત બાંધવો. એક વિદ્વાન્ કહે છે કે "ટીકા તો માત્ર વિદ્વાનોજ કરી શકે." અમુક કાર્ય સારૂં અગર નરસું કહેવાને માત્ર વિદ્વાનોજ સમર્થ છે. સામાન્ય મનુષ્યો અનાધિકારી છે વાસ્તે ટીકા કરવાને લાયક થયા પહેલા અમુક વ્યક્તિના કાર્ય વિષે દોષ બતાવવાની ગંભીર ભૂલ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરવો. કેટલાંક જીવનચરિત્રોમાં અતિશયોક્તિ અવલોકવામાં આવે છે. નજીવા વિષયોને વધારે પડતા ખીલવવા ઉપરાંત સમગ્ર વ્યક્તિઓને પોતાનું અનુકરણ કરી બતાવવામાં આવે છે તેથી પરિણામે ખરેખર હાસ્યને પાત્ર થઇ પડે છે, પરન્તુ તેથી થતી લઘુતાની રીતિ ખ્યાલમાં રાખી માત્ર સત્યનું અર્થાત્ યથાર્થ આલેખન કરવું એ સર્વાંશે અત્યુત્તમ ગણી શકાય પણ કેટલાક સંપ્રદાયના મુનિઓએ અમારૂં અનુકરણ કર્યું છે એવી રસમો જોડી દીધેલી હોય છે તો શું તેમ કરવાથી પોતાની વિદ્વતા વિભૂતિનો વિજય થવાનો હતો ? પરન્તુ **હે**માચાર્ય, **ધ**ર્મદાસજી, **અ**જરામરજી સ્વામી * * * કે **લો**ંકાશા જેવા મહાત્માઓએ કરેલ વાધ ઈદિ કોઇએ કરી બતાવી છે ? એ સંશયાત્મક છે.

જે જે મહા પુરૂષોથી જગતનું કલ્યાણ થયું છે તે સર્વે અંતઃકરણના સબળ શાંત સ્થિતિમાં નિરંતર રહેનારા હતા એટલુંજ નહિ પરન્તુ તેઓના સમાગમમાં જે જે વ્યક્તિઓ આવી હતી તે સર્વને પોતાના આત્મરૂપ જાણી તેમના પર પ્રેમ કરનારા હતા. તેઓ પોતાના ઉંચ વિચારોનો પ્રકાશ બીજા સામાના અંતઃકરણ પર નાંખતા હતા પરન્તુ બીજાઓના અંતઃકરણનો અંધકાર પોતાના અંતઃકરણમાં કદી પણ

પ્રવેશ થવા દેતા નહિ. તેઓ પોતાનું સામર્થ્ય અન્યને અર્પણ કરતા હતા પણ અન્યની દુર્બળતા કદી પણ ગ્રહણ કરતા નહિ. જેમ પારસમણી હલકી ધાતુનો સ્પર્શ કરી તેને સુવર્ણ બનાવે છે, પણ પોતે સ્વગુણ છોડી લોખંડ બની જતું નથી તેમ તેઓ પ્રત્યેક મનુષ્યના સંબંધમાં આવી તેને ઉંચ બનાવતા પણ પોતે કનીષ્ઠ બનતા નહિ. નીકૃષ્ટ મનુષ્યને ઉત્કૃષ્ટ બનાવવા અનેકવાર નીકૃષ્ટ ભૂમિકામાં ઉતરી પડતા જણાતા હતા પણ તે ભૂમિકામાં પોતાના સ્વભાવસિદ્ધ જ્ઞાનને પ્રકાશને અને સામર્થ્યને લાવતા અને તે ભૂમિકામાં સ્થિત મનુષ્યોમાં તે પ્રવર્તાવતા અને પુનઃ પોતાની ઉંચ ભૂમિકામાં જતા. કનીષ્ઠ ભૂમિકાનાં દુઃખો, અજ્ઞાન, અશક્તિ અને અંધકારને પોતાની સાથે કદી પણ લઈ જતા નહિ. નીકૃષ્ટ મનુષ્યોને ઉત્કૃષ્ટ કરવા ઇચ્છનાર મનુષ્યોએ તેમના વર્તનના આ નિયમોનું નિરંતર અનુકરણ કરવું જોઇએ.

પ્રભો! અમારા પૂર્વજોના મહાન કર્તવ્યની પરાકાષ્ટાએ પહોંચી વળવા અને સ્વાશ્રય પ્રયાસ તરફ પ્રગતિ કરવા અમારા સાંપ્રત સમયના નેતાઓના હૃદયમાં પ્રેરણા કર? કર્તવ્યના ક્ષેત્રમાં ભિરૂતાએ કરેલ નિવાસને જલદી હાંકી કાઢી કર્તવ્યના મેદાનમાં પ્રવેશ કરવા જેટલું વીરત્વ સમર્પણ કર? જ્ઞાન અને સ્વતંત્રતાનો પ્રીયરસ ચખાડી વિચાર મંદીરની સાંકડી દીવાલોમાંથી અને સંસ્થા રૂપ દુનિયાની છીન્ન-ભિન્નતાને આબાદ કરી સત્યના ઉંડા ઝરામાંથી શબ્દોનો અસ્ખલીત પ્રવાહ વ્હેતો કરી અજ્ઞાનરૂપ પ્રજવલીત દાવાનલનો વીલય કરી પ્રયત્નશીલ પુરૂષોના સંપૂર્ણ કર્તવ્યના ઉંચ શિખરે પહોંચી વળવા મદદનીશ થા. ન્યાયના સ્વચ્છ ઝરાવડે શુષ્ક રેતાલ મૃતઃપ્રાય ટેવમાં સપડાએલ તેમાંથી વીમુક્ત કરી અમારા વિકાશ માર્ગને દ્રષ્ટિગોચર કર! અમારા પ્રતિનિધિઓનાં મન વિશાલ અને ઉદાર તથા કર્મમાં પ્રવર્ત કરી સ્વ-

તંત્રતાના સ્વર્ગમાં જાગૃત કર ! ફ્રાન્સના ઇતિહાસમાં એક સત્ય બનેલી હકીકત છે કેઃ—ફ્રાન્સના રાજા ૧૬ મા લુઇ તથા તેની રાણી (મેરી) એન્ટો એન્ટના જુલમથી કંટાળેલી પ્રજાએ બંડ કરીને રાજદ્વારી કેદીઓને કેદ કરવાના "બૅસ્ટીલ" નામક પ્રાચીન કારાગૃહના દરવાજા કેદીઓને નાસી જવા માટે જ્યારે મોકળા કરી દીધા અને વળી કેદખાનાની કુંચીઓ "વૉશિંગ્ટન"ને મોકલી દીધી ત્યારે એજ કેદખાનાની અંદર નાનપણથી ઘડપણ સુધી રહેલા અનેક કેદીઓ કે જેઓ આ કેદખાનાનેજ જગત સમજતા હતા, તેઓ પોતાના છુટકારાથી ગભરાઇ ગયા અને અંધારી કોટડીમાંથી પ્રકાશમાં આવતાં તેની આંખમાં ઝાંઝવાં આવ્યાં અને હવે ક્યાં જઇશું, શું કરીશું, આપણી આંખો આ તેજ કેમ કરીને ખમી શકશે વિગેરે ફીકર કરીને તેમનો છુટકારો કરવા આવેલી પ્રજાને પોતે હતા તેવીજ સુખી સ્થિતિમાં રહેવા દેવા પ્રાર્થના કરી ! !

એ ઉપનયે લાંબા કાળથી અજ્ઞાનરૂપી અંધકારના ભયંકર પંજામાં સપડાએલા હોવાથી નૂતન રોશની પ્રાપ્ત થવાથી ગભરાઈ પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માની બેઠેલા અમારા વીરયોદ્ધાના હૃદયમાં જૈનોદયરૂપ ભાનુના ઉજ્વળ કીરણોની રોશની જલદી પ્રદીપ્ત થાવ. એક નહિ પણ અનેક સત્ય પ્રયત્નશીલ અને સત્ય કર્તવ્યનિષ્ઠ સમાજોદયના શુભ પ્રયત્ન આદરનાર જલદી બહાર આવો. અમને એવાં દીવ્ય ઉત્કૃષ્ટ ધામ પહોંચાડવા માટે સત્ય પ્રવૃત્તિવાન કાર્યપરાયણ કર્તવ્યનિષ્ઠ અને સમાજના સઘળા અંગો તરફ સ્નેહ અને સમાનવૃત્તિથી જોનાર પ્રેમાળ હૃદયવાળા નેતા અથવા લીડરની જરૂર છે. પણ વિદ્વતાનો ડોળ અને ફાંકો ધરાવનાર અન્ય પ્રાદુર્ભાવ પામતા નરરત્નોને કંટકરૂપ થઇ પડતા રક્ત (લાલ) કાનવાળાની કાંઈ પણ જરૂર છેજ નહિ. મનુષ્ય

જીવનચરિત્રોની વીસ્તીર્ણ રંગભૂમિ ઉપરથી ધીરજ અને આગ્રહથી કર્તવ્ય તરફ કમર કસી મંડયા રહેનારના ઘણા જાણવાજોગ ચરિત્રો મળી આવે છે તેમાં **આ** ચરિત્ર પણ મુખ્ય ભાગ ભજવે એમ ઇચ્છુંછું. પ્રથમાવૃત્તિ ખલાસ થઇ જવાથી જનસમાજની ઉત્કટ ભાવનાને અનુસરી ઘણાજ સુધારા વધારા સાથે આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. તથાસ્તુ. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ.

પ્રકાશકની નોંધ.

આ પુસ્તક સ્વામી શ્રી **જેઠમલજી** સ્વામીએ છપાવવા મારા હાથમાં મુકયું જે જોતાં મને ઘણુંજ ઉપયોગી અને યોગ્ય કર્તવ્ય જણાતાં મેં તેમના પાસેથી મેળવી પ્રસિદ્ધ કરવા દુરસ્ત ધાર્યું પરંતુ સ્વામીજીએ બીજા પુસ્તકોની માફક વેપાર કે નફો નહિ મેલતાં બનતા સદ્ ઉપયોગની સરતે ફ્રી તરીકે જનસમાજમાં વ્હેંચવું. અથવા તો તેમ ન બની શકે તો ખરચ બાદ કરતાં હાંસલ કે નફો નહિ કાઢવાની સરતે વધારાની (નફાની) બુકો મફત ઉપયોગી અને સાર્વજનીક સંસ્થાઓમાં તેમજ યોગ્ય અધિકારીઓમાં વ્હેંચવી તે સુચના મુજબ નફો નહિ કાઢતાં થયેલ ખરચ રૂ. ૨૦૦) માત્ર ૪૦૦ બુકોમાંથી પ્રતે ૦-૮-૦ આઠ આના રાખી થયેલ ખરચ વસુલ કરી વધારાની બુકો મફત વ્હેંચવા ઉચીત ધાર્યું જેના અત્યાર સુધીમાં લગભગ ૨૫૦ બુકો નોંધાવનાર આશ્રય દાતાઓનો આ સ્થળે ઉપકાર માનવાની તક હાથ ધરવામાં આવે છે.

શુદ્ધિપત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.	પાનું.	લીંટી.
મહાનલજ્નુ	મહાનરેજ્નુ	૨	૧૭
विधुज्योति	विधुर्ज्योति	૩	૧
वि	+	૩	૬
निवास	निपातः	૧૦	૧૨
પાવત્ર	પવિત્ર	૧૧	૩
ભાઈ	ભાવિ	૧૨	૯
પ્રાણશરણુ છે	ત્રાણ શરણુ છે	૧૨	૧૬
નહીં–ખપતા નથી તેવીજ રીતે હું પણ નહીં		૧૪	૪
अयु	आयु	૧૪	૮
લિખિત	મુદ્રિત	૧૭	૮
चंपायामं नयरिदीथा	चंपायामं यारिहोथा	૧૮	૧૦
मियायुते	मियापुते	૧૮	૧૪
अंधविह्णिणो	अंधगाविह्णिणो	૧૮	૨૧
પ્રવિત્ર	પવિત્ર	૨૦	૫
થાયઓ	ધાયઓ	૨૪	૧૯
આખર	ખાખર	૨૬	૭
વિસ્તારિ	વિસ્તરિ	૨૭	૧૫
એક પ્રકારે	+	૨૯	૧
શારદા	શારદ	૩૧	૧
શશિકાંતની	શશાંકની	૩૧	૧
સાહેબ દરબાર	દરબાર સાહેબ	૫૫	૫
સ્ટેટ પોલીસ	ઈમ્પીરીયલ–સેન્સર્સ	૫૮	૧૦

અશુદ્ધ.	શુદ્ધ.	પાનું.	લીંટી.
પ્રયાસ કર્યો હતો	પ્રયાસ કર્યો છે	૬૪	૧૯
રમી રહ્યા હતા	રમી રહ્યા છે	૬૪	૨૦
જેનેતર	અન્ય	૬૪	૨૩
વાપરી હતી	વાપરી છે	૬૪	૨૪
કરવાથી	કરવાની	૭૫	૮
પાયછીત	પ્રાયશ્ચિત	૭૬	૨૧
એક દાહાડા	એક દહાડો	૭૭	૧૯

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું. ભિક્ષાજીવન ૧

સુગુણોની ભૂમિકા ૧
વૈરાગ્યનું બીજ ૧૧
વૈરાગ્યની કસોટી ૧૫
બહોળો શાસ્ત્રાભ્યાસ ૧૯
ગુરૂ મહારાજનો સ્વર્ગવાસ ... ... [illegible]

પ્રકરણ ૨ જું. પ્રયાસની સફળતા ૨૭

કાઠિયાવાડના પ્રદેશમાં વિહાર ૨૭
લેખકનો ઉદ્ધાર અને શિષ્ય તરીકેનો સ્વીકાર ... ૨૯
સત્સંગની મહત્તા ૩૦

પ્રકરણ ૩ જું. કર્તવ્યનું વિશાળ ક્ષેત્ર ૩૪

રાજવંશીઓ, યુરોપીઅનો તથા પારસીઓનું વલણ અને જૈનોદયનાં શુભ કાર્યો ૩૪
જીવહિંસા બંધ કરવી વગેરેને લગતા ઠરાવો. ... ૪૨
જુનાગઢના વજીર અને મુસલમાન અમીરો... ... ૪૭
સૌરાષ્ટ્ર પ્રાંતના માજી પોલીટીકલ એજંટ ૫૭

પ્રકરણ ૪ થું. કૃત કાર્યનો પુરાવો ૫૮

કેટલાક અગત્યના પત્રો ૫૮
સ્વામીજીના પ્રયાસનું સંગીનપણું ૬૪
મહાવીર જયંતી... ... ... ૮૫

પ્રકરણ ૫ મું. પ્રકીર્ણ પત્રમાલા ૯૨

ॐ नमः सिद्धं ॥

મહાત્મા શ્રી

લવજી સ્વામીનું જીવનચરિત્ર.

પ્રકરણ ૧ લું.

વિદ્યાજીવન.

પવિત્ર ભરતખંડની ઉપર અનેક આક્રમણો થયા છતાં, અદ્યાપિ પર્યંત સહીસલામતી હસ્તી ભોગવે છે, ધર્મના વજ્રમય સંસ્કારો એવા તો સચોટ ઘર કરી રહ્યા છે કે લોકોના વિચારમાં તથા તેમના વર્તનમાં ધર્મ સદા અગ્રપદ ભોગવે છે, પ્રભુ અને ધર્મ પ્રજાની રગેરગમાં રમી રહ્યા છે, તેનો વિચારરૂપ પડદો દૂર કરવા અપરિમિત શ્રમ ઉઠાવવા છતાં કદી પણ ભુંસાવા પામ્યો નથી, તેને માટે એક પાશ્ચાત્ય વિદ્વાન લેખક લખે છે કેઃ " આટલા બધા સંકટો પડવા છતાં હિંદુસ્તાનની અને મિસર દેશની ફલદ્રૂપતા ટકી રહી છે, તેનું કારણ તે દેશની પ્રજા અહિંસા પાળે છે તેજ છે." વિદેશીઓ પણ તેને આર્યમાતાના નામથી બોલાવતા આવ્યા છે, ઇત્યાદિ દ્વિતીય બિરૂદથી પદારૂઢ થએલ ભારતભૂમિ પ્રાચીન અને અર્વાચીન કાળથી, કોટચાવધિ વિદ્વદ્ અને વીર નરરત્નોનો પ્રાદુર્ભાવ કરી માતૃ તરીકે અંકિત થવા સાથે પોતાનું અવર્ણનીય ગૌરવ

સુગુણોની ભૂમિકા.

(નૂર) પ્રકાશિત કરનાર આર્જવાદિક દૈવી સંપત્તિના સદ્ મનરૂપ હિંદભૂમિના વિશેષણુ કિંવા નામથી વિખ્યાતિ પામેલ પરંતુ સત્ય-નામ હિંદુસ્તાન નહિ કિંતુ "ઇનેન્દુસ્થાન" અંકિત થયેલ છે. 'ઇન' એટલે સૂર્ય અને 'ઇન્દુ' એટલે ચંદ્રમા એટલે કે જેની અંદર સૂર્ય-વંશી અને ચંદ્રવંશી એવા ઉભય કુલના અથવા કોટીના ક્ષત્રિ (રજપુત) રાજવંશીઓનું સામ્રાજ્ય હસ્તી ધરાવતા હોવાના સબબે "ઇનેન્દુસ્થાન" એવું નામ સંસિદ્ધ થયેલ છે, પરન્તુ સાંપ્રત સમયમાં તે સંજ્ઞાનો વિપ્રયાસ એટલે અપભ્રંશ થવાથી અપર નામ હિંદુસ્તાન પ્રચલિત દૃષ્ટિગોચર થાય છે. મજકુર હિંદની અંદર એક નહિ પણુ અનેક રાષ્ટ્રો તેના પેટા વિભાગમાં સમાયેલા છે, પૈકી સર્વોપરી ભાગ ભજવનાર વિદ્યા, હુન્નર (કળા) અને લક્ષ્મીથી વિભૂ-ષિત અલ્કે ફલદ્રુપતાની અપૂર્વ લીલાવડે ચિત્તાકર્ષક એવી ગુર્જર ભૂમિ તેના પશ્ચિમ વિભાગમાં આવેલા ભાલ પ્રદેશમાંના કોઠ તાબેના વેજળકા ગામમાં સમયાનુસાર આર્થીક સ્થિતિથી યુક્ત ભાવસાર જ્ઞાતિમાં **નરસિંહદાસ** નામે એક વેપારી વસતા હતા, તેમને બે સ્ત્રીઓ હતી. તેમાંનાં માતુશ્રી **કેશરબાઇ** નામના પવિત્ર આર્યા સ્ત્રીને ઉદરે આ ચરિત્રના નાયક અને ભવિષ્યના મહાનલજ્જુ (સરલ) પ્રકૃ-તિના મહાત્માનો જન્મ સંવત્ ૧૯૧૨ના શ્રાવણુ સુદ ૧૧ ને બુધની રાત્રે ૧૦ દશ વાગે થયો જેથી ઉક્ત દમ્પતીના નિકટના સંબંધીઓમાં અને મિત્રોમાં અત્યાનંદ પ્રાપ્ત થયો. રૂઢી અનુસાર દ્વાદશમે દિવસે જન્મનક્ષેત્રાધારે **લવજી** એવું નામારૂઢ કર્યું. પુત્રનું દર્શન હમેશાં માતાપિતાને ઉત્કૃષ્ટ પ્રિય હોય છે. તેમાં વળી વિશેષે કરીને માતાના નેત્રને તો પૂર્ણું વિશેષાનંદ ઉપજાવે છે. એના સંબંધમાં એક વિદ્વાન કહે છે કેઃ—

सुधामधुविधुज्योति । मृद्धिकाशर्करादितः ।
• वेधशासारमुचित्य । जनानिजनीतं मनः ॥

અર્થ—અમૃત, મધ, ચંદ્રનું તેજ, દ્રાક્ષ, અને સાકર, એ વિગેરૈમાંથી સારસાર તત્વો લઇને વિધિએ એક માતાનું મન નીપજાવ્યું છે. પિતાના સંબંધમાં પણ એમજ છે કેઃ—

जननी जन्मभूमिश्च जाह्नवि च विजनार्दनः ।
जनकः पञ्चमश्चैव जकाराः पञ्च दुर्लभाः ॥

અર્થ—જનેતા (માતા), જન્મભૂમિ, ગંગા નદી, પરમેશ્વર અને જનક (પિતા) એ પાંચે જકાર એટલે જજ્જા દુર્લભ છે, તેમાં પિતાને પણ દુર્લભ ગણાવેલ છે; તેથીજ તે માતા—પિતાને અતિ પ્રિય હોય છે. તદાનુસાર હમેશાં માતાપિતાનાં હૃદય વિશેષ ને વિશેષ ઉલ્લસિત થવા લાગ્યાં, બચપણથી માતાના ઉંચા સંસ્કારોનું સેવન કરવાથી બાલ્યાવસ્થામાં લઘુવયનું ચાંચલ્ય, પ્રૌઢાવસ્થાની આગાહી, ઉન્નતિનું દૃઢ ચિન્હ, બુદ્ધિરૂપ વૃક્ષના બીજનું કૌવતદારપણું વગેરે બચપણથી અક્કલની એનાયત કુદરતે કરી હતી, સદ્ગુણની ઉમદા છાપ અને નીતિના સર્વમાન્ય સિદ્ધાન્તો તરફ ખેંચાતું ધ્યાન, ધાર્મીક બ્યાનપર થતી અભિરૂચિ, સંત પુરૂષો તરફ છૂટતો પુજ્યભાવ, વગેરેથી ભવિષ્યની ઉંચી આશાઓ બંધાવા લાગી. સગીર વયમાં ધર્મની ઉંચી શીક્ષાસોટીનું દિગ્દર્શન થવું એ તો અપવાદ તરીકે માની શકાય પરન્તુ પૂર્વસંસ્કાર અને માતૃપક્ષની સદ્ભાવના વડે બાળકનું મન કુદરતી રીતે અમુક પદાર્થ તરફ લક્ષ્ય અને દુર્લક્ષ્ય બને છે. એક સ્વભાવેજ રૂચીકર થઇ પડે છે ત્યારે બીજી તરફ અભાવ છૂટે છે. એ મુજબ સ્વામીજીનું સદ્વર્તન થવા લાગ્યું એ ખરેખર પૂર્વ વારસા-

ની નીસાની તથા માતાના ઉંચ વિચારોની મહત્તા સુચવે છે. બાળકને જેવા ઉંચા સંસ્કારો માતાના ઉદરમાં મળે છે તેવા જન્મ બાદ મળી શકતા નથી અને જન્મથી માતા પોતાની તાલીમદ્વારા ઉંચી અને પ્રૌઢ વિચારની પ્રજા બનાવી શકે છે તેવી સ્કુલમાંના અભ્યાસદ્વારા થતી નથી એ ઉંચ ભૂમિની પરાકાષ્ટાએ પહોંચી વળવા માટે શરૂઆતથીજ માતાએ ભવિષ્યની પ્રજાને ઉચ્ચ પ્રકારની બનાવવા માટે સપ્રયાસ તે તરફ નિરંતર ઉત્કર્ષાભિમુખ રહેવું જોઇએ. દેશહિત સંબંધી પ્રજાહિતનો પાયો બાલ્યાવસ્થામાં ઘેર સાંભળેલા વિચારો ઉપર બંધાય છે. પરોપકાર બુદ્ધિ અને દયાભાવના અંકુર ગૃહક્ષેત્રમાંથી ઉદ્ભવે તોજ આગળ વધે. જનમંડળમાં આપણી સંતતિપર પ્રયાસ કરવામાંજ સઘળા લોકહિતનું બીજ રહેલું છે. આપણા નાના બાળકના કેન્દ્રસ્થાનમાંથી માણસ જાતમાં બીજરૂપ રહેલા સદ્ગુણો અભિવૃદ્ધિ પામતા વર્તુલમાં ચોગરદમ ફેલાતા જાય છે, કારણ કે પરોપકાર બુદ્ધિ, સ્નેહભાવ અને છેવટ દયાભાવાદિ મહાન ગુણો ઘેર પારણામાંથી પ્રકટે છે અને પછી જે વૃદ્ધિંગત થાય છે તેવા પશ્ચાત્ થતા નથી. બરાબર છે કેઃ–"The child is the father of man" એટલે કે છોકરો પુરૂષનો બાપ થાય છે. વાસ્તેજ બચપણમાં કાળજીપૂર્વક પિતાના ગુણો તેનામાં ભરી રાખવા જોઇએ જેથી પિતા થવા જેટલી તેનામાં લાયકાત આવી શકે; પણ જો માતા તેથી અપકર્ષાભિમુખ રહે તો ભવિષ્યની પોતાની પ્રજા અભ્યુદયના માર્ગથી હમેશાં બેનશીબ રહેવા સાથે અધોગતિ તરફ પ્રગતિ કરે એ બેશક વાસ્તવિક છે. માતાના પરમાણુઓ સ્વાભાવિક રીતે ગર્ભમાં રહેલા બાળકને ચોકસ પ્રકારે સારી નરતી અસર કરી શકતા હોવાથી સર્વજ્ઞ **વીર પરમાત્માએ સગર્ભા માતાનું** સદ્વિચારો, સદાહાર, વિહાર અને છેવટ સત્કર્તવ્ય

તરફ યથેષ્ટ ધ્યાન ખેંચ્યું છે. અને તેના પ્રતિપાદન તરીકે આધુનિક વિદ્વાનો—સાયન્સવેત્તાઓએ સારી રીતે અજવાળું પાડી સિદ્ધ કરી આપ્યું છે. માતાની ઇચ્છાનો સંતતિપર કેટલો પ્રભાવ પડે છે તેનાં કેટલાંક છુટાછવાયાં દૃષ્ટાન્તો અત્રે રજુ કરવામાં આવે છે જેથી વાચકવર્ગ સહેલાઇથી સમજી શકે કે માતાઓની ઇચ્છા અને ભાવના પરજ ભાવિપ્રજાનો મુખ્ય આધાર રહ્યો છે.

નેપોલીયન બોનાપાર્ટની માતા પોતાના પતિ સાથે રણાંગણમાં રહેતી હોવાને લીધે હમેશાં યુદ્ધનુંજ ચિંતવન કરતી હતી અને તેના તેજ વિચારો અહોરાત્રિ તેના મનમાં રમ્યા કરતા હોવાથી તે વખતે ગર્ભ રહી જે બાલક પેદા થયું તે આખી દુનિયાને ધ્રુજાવનાર અદ્વિતીય નર નેપોલીયન બોનાપાર્ટ થયો. તેના બીજા બન્ધુમાં આ ગુણોની ગંધ પણ નહતી, કારણકે આવા ગુણો માતાના ગર્ભ ધારણ કરતી વખતના વિચારોપરજ અવલંબી રહેલા છે. પુત્ર કે પુત્રીના વિચાર અને આચારનો સઘળો આધાર માતાપિતાપરજ રહેલો છે.

નેપોલીયન પ્રમાણેજ હિંદુ બાદશાહી સ્થાપનાર અને દુનિયામાં હિંદુઓના હિંદુત્વનું રક્ષણ કરનાર મહારાજા **શિવાજી** છે કે જેમની સઘળી શક્તિનો આધાર તેમની માતા **જીજાબાઈ** પરજ હતો. પતી સાથે રહેવાથી અને બાદ શીવનેરીમાં રહેતાં આખો દિવસ **જીજાબાઈને** યુદ્ધાદિનાજ વિચારો આવતા. શાસ્ત્રો શ્રવણ કરતી વખત લડાઇ સંબંધી જે જે વાતો આવતી તે તે ખાસ પસંદ આવતી અને તેમાં ખાસ કરીને જ્યાં દુષ્ટ માણસોએ સજ્જનોને છળકપટ કરી છેતરવાની વાતો આવતી ત્યાં તો તેમનો ક્રોધાગ્નિ પ્રજ્વલિત થયા વિના રહેતોજ નહિ. આથી **શિવાજી** તેવાજ ગુણવાળા થવાનું નિમિત્ત તેમના માતાના ગર્ભાધાન વખતના વિચારોનુંજ પરિણામ હતું.

ઐતિહાસિક મહત્ત્વનું ત્રીજું ઉદાહરણ આનંદીબાઇના પુત્ર બાજીરાવ પેશ્વાનું છે. તે બાઇની સર્વ કારસ્થાની ઇચ્છાઓને એણે પૂર્ણ કરી હતી. રોબર્ટ બર્ન્સની માતાની સાંસારિક અને આર્થિક સ્થિતિ બરાબર જોઇએ તેવી નહતી છતાં તે બાઇ બહુજ આનંદી હતી અને કવિતાની બહુજ શોખીન હતી અને તેથા બીજા સાંસારિક કાર્યોમાં જોડાતી વખતે હમેશાં ગાયા કરતી હતી. પરિણામ એ આવ્યું કે અલૌકિક બુદ્ધિમાન રોબર્ટ બર્ન્સને તેણીએ જન્મ આપ્યો.

મી. એમ. એ. ડીફેરીયરે કેટલાંક ઉદાહરણો આપી સિદ્ધ કર્યું છે કે માતા ગાયનકળામાં અત્યંત નિપુણ હોવા છતાં જો ગર્ભવંતી હોય તે વખતે તેનું ચિંતવન ન કરે તો બાળકમાં તે ગુણો હોતા નથી; પરંતુ માતા જો નિરક્ષર અને અજ્ઞાન હોય પણ ગર્ભવંતી હોય તે વખતે કોઇ વિદ્યા અથવા કળા શીખવાની કોશીશ કરે તો જરૂર તે વિચારરૂપ ગુણોની છાયા નૈસર્ગિક રીતે બાળકમાં આવે છે.

ગણીતશાસ્ત્રની બુદ્ધિનો વિચાર કરતાં ઝીરા કાલબોર્નનું ઉદાહરણ સર્વોત્તમ છે. એનો જન્મ ઇ. સ. ૧૮૦૪ માં થયો હતો. છ વર્ષની ઉમરમાં પાંચ આંકડાનો ગુણાકાર, ભાગાકાર, અપૂર્ણાંક અને દ્રઢભાજક વગેરે ગણિતશાસ્ત્ર વિષયમાં બહુ પ્રવીણ થયો હતો. એક વખત હારવર્ડ કૉલેજમાં જ્યાં તેને નીચેના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા કે જેના તેણે તુરત જવાબ મ્હોંડેથીજ દીધા હતા. જેમાંનો એક પ્રશ્ન એ હતો કે ૧૮૧૧ વર્ષના દીવસ અને કલાક કેટલા થાય? એનો ઉત્તર માત્ર વીશ સેકંડમાં એણે બરાબર વાળ્યો હતો. બીજા પ્રશ્નમાં ૧૧ વર્ષની સેકંડ કેટલી? એનો પણ જવાબ મ્હોંડેથીજ માત્ર ચાર સેકંડમાં દીધો હતો. તેની નીરક્ષર માતા જ્યારે ગર્ભવંતી હતી ત્યારે તેની સમિપે પડેલા સુતરના ફાળકાનું તૈયાર કાપડ કેટલું થશે

તેનો વિચાર આવતાં તે વિષે તેણે એક આખો દિવસ અને રાત પર્યંત ઘણીજ કોશીશવડે નિર્ણય આણ્યો હતો એ કોશીશનાજ પરિણામે પુત્ર ગણીતશાસ્ત્રનો પ્રોફેસર થયો.

એક સખસે પોતાના પ્રાણપ્રીય મિત્રનો ફોટો (ચિત્ર) પોતાના શયનગૃહની દીવાલ ઉપર મૂકયો હતો અને એ ચીત્રામણ ઉપર પોતાની સગર્ભા સ્ત્રીની દૃષ્ટિ વારંવાર પડતી. પુત્રોત્પત્તિ થતાં તેનો ચહેરો આબેહુબ તેના પતિના મિત્ર જેવોજ થયો એથી તેના પતિને પોતાની સ્ત્રી તેમજ મિત્રની ગેરવર્તણુક વિષે શક ગયો. ઘણી ચર્ચા બાદ ડૉકટરે કારણ શોધી કાઢયું કે તેની છબી શયનગૃહમાં મૂકવાથી અને તેનું વારંવાર તે બાઇ નિરીક્ષણ કરતી હોવાથીજ એ પરિણામ આવ્યું હતું.

પ્રેસીડેન્ટ ગારફીલ્ડનું ખુન કરનાર ગ્યુટાના ચરિત્રથી જણાય છે કે માતાનો ગર્ભપાત કરવાનો યત્ન નિષ્ફળ થતાં બાળક ખૂની થાય છે. માતાએ ગર્ભવંતી સ્થિતિમાં નાની સાધારણ ચોરી અથવા ખૂન યા ગર્ભપાતની કોશીશ અથવા તે કરવાની ઇચ્છા પણ કરી હોય તો તે ગુણ તેના બાળકમાં ઉતરે છે. આવા દાખલા Malchiogg નામના પુસ્તકમાંથી મળી આવે છે.

જેન્ટીશીયના બાઇબલમાં એક દૃષ્ટાન્ત આવે છે કે જેકુબે પોતાની ગાયોનાં વાછરડાં રંગીત પટાવાળા તેમજ ટપકાંવાળાં (કાબરચીત્રાં) થાય તેના સારૂ કાળું લાકડું લઇ તેને છોલી ગાયના પાણી તથા ઘાસ નાંખવાના ઠેકાણે મૂકી રાખવાથી પરિણામ ઇચ્છા મુજબ આવ્યું.

આવા અન્ય અનેક દાખલાઓ આપણી દૃષ્ટિ આગળ ઉપસ્થિત છે. સારી પ્રજા ઉત્પન્ન કરવા આર્ય માતાઓની સમક્ષ ઉંચ આદર્શોની

જરૂર છે. ગર્ભાવાસમાંથીજ સદ્ભાવનારૂપ ફીલ્લો બાળકના હૃદય ઉપર ચણવાથી તેની મજબૂતી અને કૌવતવડે જ દુર્ગુણરૂપી શત્રુઓનો પરાજય કરવા પ્રજા શક્તિ સંપાદન કરે છે. સઘળી શક્તિના અંકુર મનુષ્ય જન્મની સાથેજ જન્મ લે છે, તેને જોસભેર ફેલાવવાથી મનો-વાંચ્છિત રાજ્ય મેળવી શકાય છે. ઇંગ્લાંડની ભૂમિને પૂછો કે: "હે ભૂમિ! તારી પાસે અત્યારે કેટલા નેલસન છે?" ત્યારે તેની પ્રજા પોતાના દરેક દીકરાને આગળ લાવી કહેશે કે: 'આ બધા અમારા નેલસન છે.'

તેઓ ઇંગ્લાંડની પ્રજાના હૃદયમાં રમી રહ્યા છે ત્યાં સુધી એવા વીર રત્નો ઉત્પન્ન થશે. તેવીજ રીતે અમેરિકા અથવા જાપાનને પૂછો કે તારી પાસે કેટલા વૉશિંગ્ટન અથવા ટૅાગો છે? તો તેનો પણ ઉપર મૂજબ જવાબ મળશે; કારણકે તે પ્રજા પોતાની પ્રજામાં મહાન પુરૂષો બનાવવાનો યત્ન કરે છે. ત્યારે આપણે આર્યાવર્તને પૂછો કે: "હે પવિત્ર આર્યભૂમિ! તારી પાસે રામ અને લક્ષ્મણ કેટલા છે?" અને જૈનોને પુછો કે: 'તમારી પાસે આણંદજી અને કામદેવજી જેવા શ્રાવકો કેટલા છે?' તેના જવાબમાં આપણે અશ્રુ ટપકાવવા સિવાય છુટકો નથી. તથાપિ સુભાગ્યે કુદરત પડેલી ખોટને અમુક રૂપમાં અથવા અમુક પ્રમાણમાં આશ્વાસન તરીકે પુરી પાડે છે. વાંચકવર્ગને યાદ હશે કે ઉપરોક્ત મુજબ સ્વામીજીનાં માતાના આદર્શજીવને પુત્રનું હૃદય આદર્શ બનાવ્યું હતું. સ્વભાવથી વૈરાગ્યે જગ્યા લીધી હતી. અવશેષમાં ઉપદેશરૂપ જળના સિંચનની ઉગતા બીજને આવશ્યકતા હતી. મનુષ્ય સ્થિતિની સંપૂર્ણ આકૃતીનું સ્વરૂપ પ્રત્યેક પુરૂષ પોતાના ભીતરમાં લઇને ફરે છે. તેને અજ્ઞાન અવસ્થામાંથી ખીલવી તેની અભિવૃદ્ધિ કરનાર બાહેરથી શિક્ષકરૂપ નિમિત્તની જરૂર પડે છે. તદ્વત્ સ્વામીજીને

સંસારોપાધિથી વિમુક્ત કરનાર **લીંબડી સંપ્રદાયના** સ્થાનકવાસી જૈન મહાત્મા શ્રી **જીવરાજજી** સ્વામી તથા તેમના સુશિષ્ય કવિ શ્રી **ગોવરધનજી** સ્વામી આદિ પૂજ્ય મહા પુરૂષો મહીમંડળમાં વિચરી ભવ્યજીવોનો ઉદ્ધાર કરતા ભાલના પળાલી ગામમાં પધાર્યા. યથાર્થ છે કે હમેશાં સત્પુરૂષોનું જીવન વિશ્વ પ્રાણીઓના રક્ષણાર્થે નિર્માણ થયેલું હોય છે. તેઓ અનેક સંકટો વેઠીને પણ જગજીવોનો ઉદ્ધાર કરે છે. મહા પુરૂષોના ઉપયોગી જીવનને ચંદનની ઉપમા આપવામાં આવેલી છે.

॥ उपजाति ॥

मूले भुजंगैः शिखरे विहंगैः ।
शाखा प्लवंगैः कुसुमानि भृंगैः ॥
आश्चर्यमेतत् खलु चंदनस्य ।
परोपकाराय सतां विभूतयः ॥

અર્થાત્ ચંદનના વૃક્ષના મૂળમાં (સ્કંધે) ભુજંગો મજબૂત ભરડા લઇ પડેલા હોય છે. શાખા ઉપર ખગ (પક્ષીઓ) મળમૂત્રાદિ મલીન દુર્ગંધ પદાર્થો પ્રક્ષેપ કરી ખરાબ કરી મૂકે છે. શાખાઓમાં પ્લવંગ-(વાંદરાઓ) એક ડાળથી બીજી ડાળે કુદી શાખાને ઝંઝેડી મુકે છે. ભૃંગ-(ભમરા) રસના લુબ્ધ બની પુષ્પને તીક્ષણ ચંચુવડે પ્રહાર કરી રહેલ છે. ઇત્યાદિક પોતા તરફ પ્રતિકૂળ વિરૂધાચરણ કરવા છતાં પણ ચંદન સઘળાઓને પોતાની મઘમઘાયમાન ખુશબો પુરી પાડે છે, પણ તેના તરફ કદી વિમુખતા ધરાવતું નથી. ચંદનને જેમ જેમ ઘસીએ તેમ તેમ સારી સુગંધી બક્ષીસ કરે છે. ઇક્ષુ રસની સાંઠીને જેમ જેમ પીલીશું યા છેદીશું તેમ તેમ વિશેષ સ્વાદ અર્પણ

કરે છે, અને સુવર્ણને જેમ જેમ તપાવીશું તેમ તેમ નેત્રને આંજી નાખે તેવું તેજ પ્રદીપ્ત થશે. રત્નાકર સમુદ્ર પોતાના રત્નોથી શું કરે છે? વિંધ્યાચલ પર્વત પોતાના શ્રીખંડ (ચંદન)થી શું કરે છે, એટલે કે તેઓ પોતે કાંઇ પણ ઉપયોગ કરતા નથી અર્થાત્ સત્પુરૂષોની સ્મૃદ્ધિઓ પરોપકારના માટે નીર્માણ થયેલી હોય છે. ઉત્તમ પુરૂષો છે તેઓ પોતા તરફ પડતી બધી હાડમારી નિર્વહન કરી પરના સુખમાં પોતાનું સર્વસ્વ સુપરત કરી દેવાનો મહાન ગુણમાંનો એક ગુણ છે તેથી સમુદ્ર, ચંદ્ર, સૂર્ય, મેઘ, મેરૂ, આકાશ, કલ્પવૃક્ષ અને છેવટ ચિંતામણી પણ સત્પુરૂષોના મુકાબલે આવી શકતા નથી.

॥ उपजाति ॥

अब्धौ विधुवधुमुखे फणीनांनिवासे ।
स्वर्गेसुधावसतुवैकवयोवदन्ति ॥
क्षारं क्षयंपतिमृतंगरलंनिवासः ।
कण्ठेसुधावसतुवैभगवज्जनानाम् ॥

અમૃતના સંબંધમાં કવિઓની ભિન્ન ભિન્ન માન્યતા દુનિયામાં જોવામાં આવે છે. કોઇ કહે છે કે સમુદ્રમાં, ચંદ્રમામાં, સ્ત્રીના મુખમાં, શેષનાગની ફણમાં, અને છેવટ સ્વર્ગમાં અમૃત છે એમ કવિઓનું કહેવું છે પણ એ બધામાં દોષ આવે છે. જો સમુદ્રમાં અમૃત હોય તો સમુદ્ર સ્વભાવે ખારો છે તો ખારો કેમ હોય, ચંદ્રમા કલંકી અથવા ક્ષય કેમ થાય, સ્ત્રી વિધવા કેમ થાય, શેષનાગના મુખમાં ઝેર કેમ હોય, સ્વર્ગમાંથી દેવો પાછા મૃત્યુલોકમાં કેમ આવે, વાસ્તે બધા દોષવાળા છે તો તેમાં અમૃત સંભવે નહિ પણ અમૃત તો સત્પુરૂષોના કંઠમાં છે એમ ભગવાન કહે છે તેથીજ સત્પુરૂષો સર્વોત્તમ છે.

વૈરાગ્યનું બીજ.

તેજ ઉક્ત કોટીના ઉભય મહાપુરૂષો ઉપરોક્ત પવિત્ર ફરજ અદા કરતા થકા સદરહુ સ્થળે પધાર્યા. મહાપુરૂષોનાં પવિત્ર વ્યાખ્યાનો શ્રવણ કરવા અનેક જનમંડળ ભરાવા લાગ્યું. તે વખતનો લાભ મેળવવા વેજળકાથી સ્વામીજી (લવજીભાઇ) પણ પળાલી આવી પહોંચ્યા. મહાત્માઓનો બોધ હમેશાં આસપાસ રહેલા વ્યક્તિઓના તથા દુરસ્થ જનોના અંતરપટ ભેદક હોય છે. મહાપુરૂષે પોતાની દીવ્ય વાણીના વહેતા પ્રવાહમાં આગળ વધી જણાવ્યું કે પ્રિય આત્માઓ! તમારૂં જીવન કુસુમના જેવું બનાવજો. કુસુમના જેવી મીઠાશ, સુવાસ અને કુમાસ ભરવાથી આત્માઓની ત્રણ દશાઓમાં મુમુક્ષા છેવટની ઇષ્ટસ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે જીવનનો હેતુ સંસિદ્ધ થાય છે. જીવનને જીરવતા જોગવતા અને જગાડતાં શીખવવું જોઇએ. મગજની ખીલવણી કરતાં હૃદયની ખીલવણી પ્રશંસનીય અને આદરણીય છે. સદ્‌વિચાર, સદાચારથીજ મનુજ તે દેવ બની શકે છે. આત્મભાન, આત્મમાન અને આત્મદાનથી જીવન ઉજ્વળ બને છે. ઉપરોક્ત ફીલસોફી (તત્વજ્ઞાન) રૂપ બીજ શ્રોતાઓના હૃદયક્ષેત્રમાં પ્રક્ષેપ કરતાં કૃષિકાર જેમ ક્ષેત્રમાં બીજ પ્રક્ષિપ્ત કરે અને તેમાંનાં કેટલાંક બીજ ખેતરમાં પડયાં, કેટલાંક આસપાસની વાડમાં પડયાં, અને કેટલાંક પત્થર ઉપર પડયાં તેમાં વૃષ્ટી થતાં પત્થરપરના ઉગેજ નહિ પણ તણાઇ જાય. વાડમાંનાં ઉગવા તો પામે પણ વાડના રોપાઓથી ગુંગળાઇ જતાં તે વધવા તો બીલકુલ પામેજ નહિ પણ જે બીજ ખેતરની ખેડાએલી ચોખ્ખી કાળી જમીનમાં પડેલાં તે ઉગે, ફુલે અને વૃદ્ધિ પામે અથવા ફળે. તદનુસાર ઉપરોક્ત ચતુર્થ પ્રકારના બીજમાંના કાળી જંમીનમાં પડેલા બીજની માફક સ્વામીજીના

સંબંધમાં બન્યું. સ્વામીજીનું મગજ તે શુષ્ક જ્ઞાનના છોડીયા ભરવાનો કુપ નહતો, બલ્કે દોલતના રક્ષણાર્થે તીજોરી પણ નહતી, કિન્તુ એક કરતાં સહસ્ર કિંવા લક્ષગણી કિંમતી નંદનવનની ભૂમિ હતી, જેમાં નવપલ્લવ જીવન રૂપી કલ્પવૃક્ષના બીજ રોપવાથી ફલોત્પત્તિ થવાની હતી. તદ્વત્ સ્વામીજીના હૃદયરૂપ ભૂમિને વિષે વાક્ પ્રવાહરૂપ બીજ રોપાતાં જલદી વૈરાગ્યરૂપ બીજનાં અંકુરો પ્રફુલ્લિત થઇ શિઘ્ર વૃદ્ધિ પામ્યાં, એટલે સંસાર ઉપરનો આવિર્ભાવ (મોહ) ઉચ્છેદ થયો. પોતાના નિકટના સંબંધીઓના મહત્ પરિશ્રમવડે અનુજ્ઞા મેળવી પોતાના ભાઇ ગુરૂ સમીપ રહી ચારિત્રરૂપ ઉગ્ર માર્ગના ગ્રહણાર્થે એકાદ વર્ષ ઉમેદવાર તરીકે ફરતા ફરતા ઝાલાવાડમાંના **સાયલા** ગામે પધારતાં ત્યાંના મર્હુમ લોકપ્રિય નામદાર ઠાકોર સાહેબ **કેશરીસિંહજીને** બાળવયમાં સંસારનો ત્યાગ કરવાની ખબર પહોંચતાં ભાવિ સ્વામીજીને બોલાવી કિશોરવયમાં યોગાશ્રમ લેવાનું કારણ તથા સંસારમાંહેની અનેક લાલસા બતાવી ત્યારે તેમના પ્રત્યુત્તરમાં સ્વામીજીએ આ અનીત્ય સંસારમાં આધિ વ્યાધિ અને ઉપાધિ એ ત્રિપુટી દુઃખના ડુંગર તળે દબાએલ દુનિયાના પ્રાણીઓને માત્ર એક ધર્મજ પ્રાણશરણ છે. બહારની સૌંદર્યતા અને ભિતરની ક્રુરતાથી યુક્ત સંસારની અભ્યંતર સૌંદર્યતા નિરીક્ષણ કરતાં આપણને સહજ અને જલદી તેનું યથાર્થ ભાન થયા વિના નહિ રહે. દુનિયા એક નાટકની રંગભૂમિ છે તેમાં મોખરે નીકળી બેસનારને નીરંતર ભીડાભીડ અને કચડાકચડી ચાલી રહી છે, એ મહાયુદ્ધમાં મનનિગ્રહના સુંદર અને ઉમદા સંકલ્પ છુંદાય જાય છે. વિદ્વાનો આ સંસારને સંસાર નાટકથી ઓળખાવે છે. ઉક્તં ચ

शिखरिणि.

क्षणं बालो भूत्वा क्षणमपि युवा कामरसिकः ।
क्षणं वित्तैर्हीनः क्षणमपि च संपूर्ण विभवः ॥
जराजीर्णैरंगैर्नट इव बलीमंडिततनुः ।
नरः संसारांके विशति यमधानी जवनिकां ॥

અર્થાત્ ક્ષણુ બાળકનો વેશ, ક્ષણુ યુવાનનો વેશ, ક્ષણુમાં સંપૂર્ણુ વૈભવવાળો અને ક્ષણુમાં વિત્ત વિનાનો ભિખારી, ક્ષણુ જરાથી જીર્ણુ થઇ છેવટ સંસારરૂપી છેલો અંક પુરો થતાં યમધાનીરૂપ પડદામાં પાછો પેસી જાય છે. શેકસપીયર નામનો વિદ્વાન કહી ગયો છે કેઃ–
This world is but a stage on which men and women are actors who play their parts as often as they pass by and enjoy this short span of life.
Shakespeare.

આ દુનિયા માત્ર એક રંગભૂમ છે. જેનાપર સ્રીઓ અને પુરૂષો નાટકના પાત્રોની માફક હથેળી જેટલી નાની નાટકરૂપી જીંદગીમાં પોતપોતાનો પાઠ જન્મથી અંત સુધીમાં અવારનવાર ભજવી જાય છે.

કાળ મનુષ્યરૂપી સોગઠાંઓ અને દિવસ રાત્રીરૂપ બે પાસાથી સંસારરૂપી બાજી બહુજ આનંદથી ખેલી રહ્યો છે. એવા અધ્રુવ સંસાર ઉપર રાગ ધરાવવો એ ખરેખર વિષને અમૃત બરાબર માની પાન કરવા જેવું છે. તેથી સર્વજ્ઞો અજ્ઞાન તિમિરમાં જ્ઞાનરૂપ દીનકરના ઉજ્વળ પ્રકાશમાં પ્રગતિ કરવા ઉપદેશે છે, પરન્તુ જ્યાંસુધી મનુષ્ય

ધર્મના ખરા સ્વરૂપને જાણી ધર્મને અનુસરતો નથી ત્યાંસુધી વિષયો પરનો અમર્યાદ રાગ છુટતો નથી અને ત્યાં સુધી તે વિષયજ્ઞાન પામર પંક્તિમાં ગણાય છે. પણ મુમુક્ષુઓ સુક્ષ્મ ઇંદ્રિયોપર સ્વામીત્વ પ્રાપ્ત કરે છે. તેઓ કદી પામરની પંક્તિમાં નહિ ખપવા તથા માયાવી સંસારની જબરજસ્ત શૃંખલામાંથી છુટવા અને છેવટ સદ્દગુરૂના પવિત્ર ચરણકમળમાં હમેશાને માટે રહી દુઃખોદધિ ઉલ્લંઘી જવામાં મારૂં શ્રેય સમજી સંસારનો પરિત્યાગ કરૂં છું. ભર્તૃહરી કહે છે કેઃ—

॥ शार्दुलविक्रिडीत ॥

अयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं ।
तस्यार्धस्य परस्यचार्धं परं बालत्ववृद्धत्वयोः ॥
शेषंव्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते ।
जीवेवारितं चंचलतरे सौख्यं कुतः प्राणिनाम् ॥

અર્થાત્ આ કળીયુગમાં ઉત્કૃષ્ટ મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું બસ છે તો શું બધાં વર્ષો સંસારના ઉપભોગોમાં મનુષ્યો લઇ શકે છે? તેમાંનાં અર્ધ એટલે પચાસ રાત્રીના બીછાનામાં (નિદ્રામાં) પસાર થાય છે. અને બાકી રહેલા પચાસમાંથી ૧૨॥ બાલ્યાવસ્થાના અને ૧૨॥ વૃદ્ધાવસ્થાનાં એમ પચીસ વ્યતિત થતાં ૨૫ રહ્યાં તેમાં પણ શારીરિક, માનસિક અને આર્થીક સ્થિતિ એમ અનેક ઉપાધિઓમાં તથા વ્હાલાઓનો વિયોગ થતાં દુઃખો રડવામાં અને છેવટ ઉપરીની તાબેદારી ઉઠાવવામાં વહી જાય છે તો પછી જળના તરંગ જેવા આ ચંચળ આયુષ્યવાળા પ્રાણીઓને સુખ ક્યાં હતું? તેથી આ અનિત્ય અને સ્વાર્થની મજબૂત શૃંખલામાંજ પડવું એ ખરેજ અગ્નિમાં

ઝીપલાતા પતંગીયા માફક છે. ઇત્યાદિક દલીલોથી નામદાર ઠાકોર સાહેબનું હૃદય સંવેગરૂપ પાણીના પ્રવાહમાં સ્નિગ્ધ થયું અને તેમના તરફથી પુર્ણાનંદ સાથે આત્મકલ્યાણના કિમતી મનોવેગને આગળ વધવા સમ્મતિરૂપ પોષણ મળ્યું.

વૈરાગ્યની કસોટી.

ત્યાંથી સ્વામીજી વઢવાણ તાબાના ગામ રામપુરા પધારતાં ત્યાંના જૈનોએ સ્વામીજીનો દીક્ષામહોત્વ કરવા તેમના ગુરૂમહારાજને જીજ્ઞાસા બતાવી પરંતુ આપ્ત પુરૂષોનું કથન છે કે "વૈરાગ્યના પદને વિઘ્ન ઘણાં" તે અનુસાર અહીં પણ એમજ બનવા પામ્યું. આ વાતની ખબર વઢવાણ સંસ્થાનના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ (ફોજદાર) કે જે નાગર ગ્રહસ્થ હતા તેને થતાં તેના મનમાં બચપણમાં સંસારનો ત્યાગ કરવામાં તેનો વિરૂદ્ધ મત હોવાથી બંધ રાખવા હુકમ કર્યો અને સ્વામીજીને દરબારગઢમાં બોલાવી તેમની પુષ્કળ કસોટી કરી પણ સ્વામીજીનું કોઇ પ્રકારની લાલસા, દબાણ, યા બીનસમજનું મજકુર પગલું નહતું, પરંતુ સ્વામીજીએ

दुःखाङ्गारकतीव्रः संसारोऽयं महान सोगहनः ।
इह विषयामृतलालसा । मानस मार्जारमानियतः ॥

આ સંસારરૂપી તીવ્ર અગ્નિથી તપી રહેલું એવું ગહન રસોડુ છે. તેમાં મન રૂપી બીલાડો અમૃતની યા દુધની ઇચ્છાથી જલદી દોડી જાય છે પણ પરિણામે અમૃતને બદલે વિષ થઇ પડે છે અને ભવિષ્યમાં તે મહાન વ્યથાથી પરાભવને પાત્ર થાય છે એવા મહાન પરાભવના પંજામાં નહિ સપડાવા પહેલાંથીજ જ્ઞાન અને વૈરાગ્યના કાબુવડે ચંચલ વાસનાનો વિધ્વંસ કર્યો હતો. જો કે દુનિયાના અજ્ઞા-

શ્વત પૌદ્દગલીક પદાર્થોની ચળવળે વિષયાસક્ત જનોને નીતિ અને વૈરાગ્યના સુંદર પગથીઆ ઉપરથી ધ્રુજાવવાના અસાધારણ બનાવો બની રહ્યા છે. સંસારના વીકટ રણસંગ્રામમાંથી મોહને માહત કરી વિજય મેળવવો દુરારાધ્ય છે પરંતુ સ્વામીજીએ પોતાના મન સાથે યુદ્ધ કરી પોતાનું કૌવત કર્યું હતું. અવલોકન અને અનુભવના પ્રયોગથી પરિપકવ થયેલા શુદ્ધ સંકલ્પ વડે જગતમાંની ક્ષુલ્લક સરખી વાંચ્છનાનો અંત આણ્યો હતો. આ વિશ્વમંડળમાંના સમગ્ર પ્રાણીઓ ભિન્ન ભિન્ન પ્રકારની વ્યક્તિઓ સાથે નાના પ્રકારના પ્રેમના અંકોડાથી મજબુત સાંકળો તૈયાર કરે છે કિન્તુ સદરહુ સંકલના કુદરતના વિસ્તીર્ણ ક્રમથી વિપરીત સંકલાએલી હોવાથી ચીરંકાલ અસ્તિત્વ અર્થાત્ સહીસલામત રહેતી નથી તેની દરેક સંધાનો વિધ્વંસ કરવા કુદરતે કાળરૂપ ગેબી હથીઆરને ગાઢા અંધકારમાં છુપાવી રાખેલું હોય છે. અને તે પ્રારબ્ધની અયોગ્યતાએ અકસ્માત આવી આક્રમણ યા હુમલો કરે છે તોપણ આ અજ્ઞાન રૂપી તિમિરના જબરજસ્ત અંધકાર તળે દબાએલો અનાદિકાળનો જીવાત્મા સ્વહિત બોધી શકતો નથી એ તેની અજાયબી એટલે જડતા પ્રસિદ્ધ થાય છે જેથી એ મોહમાયામાંથી છુટી પરમેશ્વરના ચરણકમલમાં મારા આત્માને અર્પણ કરૂં છું.

ઇત્યાદિક સ્વામીજીના દૃઢ વૈરાગ્યરૂપ કસોટીથી પ્રસન્ન થયેલા ફોજદારે અત્યાનંદસહ અનુમતિ આપવા ઉપરાંત દીક્ષા મહોત્સવના સઘળા કાર્યમાં ઉલટભર જોડાઈ પહેલો વરઘોડો દરબારગઢમાં પોતા તરફથી સત્કાર સહીત ચડાવી સંવત ૧૯૨૪ ના જેઠ વદ ૨ ના રોજ ગામ બહાર બાલાગડીઆ હનુમાનની જગ્યામાં દિક્ષા ગ્રહણ કરી અને ગુરૂશ્રીએ **લવજીસ્વામી** નામારૂઢ કર્યું. ચારિત્ર ગ્રહણ કર્યા બાદ

ગુરૂ સમીપમાં રહી આજ્ઞાનુસાર વર્તણુક ચલાવી જૈન સિદ્ધાન્તોનો અભ્યાસ કર્યો. સ્વામીજીનો અવલથીજ એ સિદ્ધાન્ત હતો કે કોઇ પણ પ્રકારનું કાર્ય સારી રીતે કરવું હોય તો તેમાં પ્રથમ એકાગ્ર ચિત્ત રાખવાની ટેવ, આગ્રહથી મંડયા રહેવાનો ગુણ, બારિક નજરથી અવલોકન કરવાની શક્તિ, કાર્ય પદ્ધતિ, સમયસૂચકતા અને સમય-પાલકતા સાથે કામની ત્વરા હોવી જોઇએ. એ સિદ્ધાંત મુજબ જૈનાગમનો પૂર્ણ અભ્યાસ કર્યો કે જે જૈનાગમો પૂર્વે મોટા પ્રમાણમાં લિખિત થએલા હતા તે આધુનિક સમયમાં ઉદધિમાં ઉછળતા જળના કલ્લોલમાંના બિન્દુવત્ હસ્તી ભોગવે છે. પૂર્વે વીરનિર્વાણ પશ્ચાત્ ૨૭ મી પાટે અર્થાત્ પેઢીએ દેવવૃદ્ધિ ક્ષમાશ્રમણાચાર્યના સ્વરાજ્ય તળે અને ખુદ તેઓના કંઠાગ્ર દેશે ઉણું એક પૂર્વનું જ્ઞાન હતું એટલે એકમાં પણ અપૂર્ણ. સર્વજ્ઞોએ પૂર્વનું માન અંબાડીસહ હાથી કાજળમાં આચ્છાદિત થઇ જાય તેટલી મસીવડે તૈયાર કરી શકાતા શાસ્ત્રોને પૂર્વના માનથી પરંપરાગત અંકિત કરેલ છે તેમાંથી પણ યતિકંચિત્ ન્યુન સ્થિતિમાં નિયત થએલ હતાં. મજકુર પૂર્વ એક નહિ કિન્તુ તેની પૂર્વે ચૌદ પૂર્વ જ્ઞાન વીર વર્ધમાન પ્રણિત હતું પરંતુ સઘળું વિચ્છેદ જતાં આચાર્ય સમીપ એક પૂર્વનું રહ્યું તે પણ કાલચક્રના સતત્ પરિવર્તનથી સમયાન્તર જબરો ફેરફાર થવા લાગ્યો તેનું વિસ્મ-રણ દેવવૃદ્ધિ ક્ષમાશ્રમણાચાર્યે કરી ભાવિષ્યની પ્રજાના વારસા માટે અને ચિરંકાલ પર્યંત આબાદ રાખવાના વિશિષ્ટ આશયથી સહાધ્યાયી અષ્ટાચાર્યોનું સંમિલન એકઠું કરી તેમને કાલપરિવર્તનનું દિગ્દર્શન કરાવતાં સર્વ આચાર્યો તેમના વિશિષ્ટ વિચારોને સંમત થયા, અને આપત્કાલમાં શાસ્ત્રોનો અભ્યુદય ઇચ્છી સર્વાનુમતે મજકુર ઠરાવ માન્ય રાખી કંઠસ્થ જ્ઞાનને લહીઆઓ મારફત તાડપત્રાદિ આધાર

પત્ર ઉપર પ્રાકૃત ભાષામાં ગદ્ય અને પદ્યમાં ગુંથી પત્રારૂઢ કર્યા. આધુનિક સમયમાં રૂઢી પ્રવાહ વ્હેતો શ્રવણેંદ્રિય પ્રત્યે અપડાય છે કે જૈનાગમો માગધી ભાષામાં વિરચિત છે. સખેદાશ્ચર્ય કહેવું પડશે કે અદ્યાપિ પર્યંત આપણને હજુ સ્વભાષાનુંજ જ્યાં દિગ્દર્શન ન મળે ત્યાં વિકાસાવકાશની ઉંચી અભિલાષાઓ ક્યાં બાંધવી ? નીચેના આધારો સ્વતઃસિદ્ધ કરી આપે છે કે જૈન સિદ્ધાંતોની ભાષા માગધી નથી કિન્તુ પ્રાકૃત છે; ઉદાહરણ તરીકે, સંસ્કૃત ભાષાના વ્યાકરણમાં ॥ **वृष्णि** ॥ શબ્દને ઠેકાણે **विह्णिणो** ॥ શબ્દ થએલ છે તે સિવાય સંસ્કૃત ભાષામાં ॥ **तस्मिन् काले तस्मिन् समये** ॥ થાય છે ત્યારે પ્રાકૃત ભાષામાં ॥ **तेणं कालेणं तेणं समयेणं** ॥ થાય છે. વળી માગધી ભાષામાં ॥ **चंपायामंनयरिहो था** ॥ થાય છે અને પ્રાકૃત ભાષામાં ॥ **चंपानामंनयारिहो था** ॥ થાય છે. તે સિવાય ઉત્તરાધ્યયનમાં મૃગાકુંવર (રાજ કુમાર) ના ૧૯ મા અધ્યયનની સંસ્કૃત ટીકામાં પ્રાકૃત ભાષાના સંયોગે ॥ **ऋषि** ॥ શબ્દને ઠેકાણે ॥ **मिषि** ॥ શબ્દ થએલ છે જેમકે ॥ **मियायुते जहा मिषि** ॥ તથા દશ વિકાલીક સિદ્ધાંતના બીજા અધ્યયનની ગાથામાં સંસ્કૃતનો ॥ **वृष्णि** ॥ શબ્દ મુકી પ્રાકૃતમાં ॥ **विह्णिणो** ॥ કરેલ છે જેમકે ॥ **अंधविह्णिणो** ॥ થાય છે ઇત્યાદિક. તથા પ્રાકૃત ભાષામાં એક વચન અને બહુવચન હોય છે, દ્વિવચન નથી, તેથી સિદ્ધાંતોમાંથી દ્વિવચન જો કાઢી બતાવશે તો ઉપકાર થશે. વધુ માટે જુઓ પ્રાકૃત તથા માગધી ભાષાના વ્યાકરણ. ઉપરોકત આધારે જૈનાગમોની ભાષા માગધી નથી કિન્તુ પ્રાકૃત છે.

હવે મુળ વિષય તરફ વળીએ. દેવર્દ્ધિ ક્ષમાશ્રમણાદિ આચાર્યોએ શાસ્ત્રો પત્રારૂઢ કર્યા ને જ્યાં હજુ અમુક સમય નિર્ગત થયો તેટલામાં કાળે પાછો પોતાનો સખત ફટકો લગાવ્યો તેથી સમયાંતરે

બુદ્ધિનો મ્હોટો ફેરફાર થયો. પાછળના આચાર્યોએ મુળ પાઠની વિકટતા અવલોકી તેના ઉપર સંસ્કૃત ટીકા તૈયાર કરી અને તેનો પણ અમુક વખત જતાં ગુજરાતીમાં સરલ ટબો (ભાષાંતર) કરવાની કુદરત તરફથી કડવી ફરજ પડી. તદોક્ત કાલના ઉત્તરોત્તર અસહ્ય પરિબળથી બુદ્ધિનો મહાન્ વિલય થવા સાથે શાસ્ત્રો પણ કાલાંતરે વિધ્વંસ પામતા અર્વાચિન કાળમાં બિન્દુવત્ અવલોકવામાં આવે છે.

બહોળો શાસ્ત્રાભ્યાસ.

પૂર્વે સંયમમાર્ગ મેળવવા ઉત્કટ થયેલા અધિકારીઓને કેળવણી વિષયના ક્રમસહ ધોરણમાં આચારાંગાદિ સિદ્ધાંતોને અવલ પદ અપાતું હતું તે આધુનિક સમયમાં દશ વિકાલિકાદિ સિદ્ધાંતોથી પ્રારંભ કરાય છે. તથાપિ કેટલાક તો તે સોપાનથી પણ અપકર્ષાભિમુખ વિદિત થાય છે. કિન્તુ સ્વામીજી જાણતા કે જ્ઞાન એ માણસની મોટામાં મોટી જાગીર છે, મોટામાં મોટી ઇસ્કામત (દોલત) છે. દ્રવ્ય કરતાં સદ્જ્ઞાનની સત્તા વધારે ચાલે છે. દુનિયા અને આત્મોન્નતિની સલામતિનો પાયો જ્ઞાન ઉપરજ ટકી રહ્યો છે. હંમેશાં આત્મસિદ્ધિના દાદરે ચડવા જ્ઞાનરૂપ દોરીનું અવલંબન કરવું જોઇએ. એમના કેન્દ્રસ્થાનમાં મુખ્ય ધોરણ એ હતું કે વખત એ કુદરતનો ઉમદા ખજાનો છે. કાળના હાથમાં રેતીની શીશી છે તેમાંનો ખરી પડતો એક એક દાણો જાણે ગગનનો ચળકતો તારો હોય અથવા અમુલ્ય હીરો હોય એમ ગણી સતત પ્રયાસથી વીણી લેવા ચુકતા નહિ. તેમના ગુરૂ મહારાજના હૃદયદ્વારા વ્હેતા નિર્મળ જ્ઞાનના ઝરામાંથી નિરંતર જ્ઞાનની પવિત્ર પ્રસાદી વડે નિશદિન વિદ્યાજીવનને સુંદર ઓપણીથી ઓપ ચઢાવી વિભૂષિત કરવામાંજ કર્તવ્ય પીછાણ્યું હતું. તેમનું ચિત્ત સમીપમાં ચાલતા વાર્તાલાપ કિંવા ઇતર પ્રવૃત્તિ તરફ બીલકુલ નહિ

દોરાતાં પોતાનું મન જ્ઞાનના પવિત્ર પ્રાશનમાં તાદાત્મ્ય થઇ જતું હતું. વિદ્યાભ્યાસના નીર્ણિત ટાઇમ ટેબલમાં જરા પણ બેદરકાર રહેતા નહિ. બુદ્ધિ અને મનની એકાગ્રતા એ ગમે તેવા ગહન વિષયની પાર-દર્શકતા પ્રાપ્ત કરવામાં અદ્વિતીય હતા. ગુરૂ મહારાજ જે જે જ્ઞાનનું પ્રવિત્ર પ્રાશન કરાવતા તે સઘળું વિશિષ્ટ પ્રકારે હૃદયમાં ઉદ્‌ભવતા આલ્હાદ અને વિકસિત ચ્હેરે વિનયથી આરામનો અનાદર કરી શ્રમને આશ્રિત રહી જ્ઞાનરૂપી દ્રવ્ય હૃદયરૂપ ખજાનામાં ઠાંસી ઠાંસીને ભરવા ધીરજ અને આગ્રહથી મચ્યા રહેવાથી ઇષ્ટ ફલો-ત્પતિ થઇ શકે છે એવો સચોટ સિદ્ધાંત તેમના અમલ તળે હોવાથી ગુરૂની પૂર્ણ કૃપાપાત્ર થયા અને ગુરૂ મહારાજ પણ પાત્ર શિષ્યની પ્રાપ્તિથી સંતુષ્ટાનંદ પામ્યા; સાથે અંતઃકરણની પ્રસન્નતાયુક્ત સદ્-જ્ઞાનરૂપી ખજાનો ભવિષ્યમાં પોતાના યોગ્ય વારસોને સમર્પણ કરવો પડશે એવી સદ્‌ભાવના રૂપ આભાસની છાયા તેમના સ્ફટીક હૃદય દર્પણમાં અવલથીજ છવાઇ રહી હતી અને તેથીજ વિશ્વ પ્રાણી-ઓના આધિ વ્યાધિ અને ઉપાધિ એ ત્રિપુટી દુઃખોથી ચીરાતા હૃદયનો જખમ રૂઝાવવા જ્ઞાનરૂપી અદ્વિતીય રસાયણ અથવા બીજા રૂપમાં કહીએ તો પીયુષનો સંગ્રહ કરી રાખ્યો હતો તેનું પાન કરાવી ઉપકૃત કર્યા. દીક્ષા ગ્રહણ કર્યા બાદ ટુંક મુદતમાં સ્વામીજીએ ॥ દશવિકાલીક ॥ ઉત્તરાધ્યયન ॥ નિરાવલિકા ॥ અણુત્તરોવવાઇ ॥ અને આવશ્યકાદિ પદ્યબંધી ગ્રંથોના ૪૦૦૦ ચાર હજાર શ્લોકો તથા હજારો ગદ્યબંધી શ્લોકો કંઠાગ્રે કરવા ઉપરાંત સ્વધર્મનું વિશા-ળ જ્ઞાન સંપાદન કરવા સાથે શાસ્ત્રીઓ મારફત વ્યાકરણો અને અ-મુક કાવ્યોનો અભ્યાસ કર્યો અને તે સિવાય સ્વશાસ્ત્રો અને અન્ય-શાસ્ત્રોનું પૂર્ણ દોહન કરી યોગ્ય જ્ઞાન સંપાદન કર્યું; તેમણે હાલના

વિદ્યાર્થીઓની માફક લુંટણીયું જ્ઞાન મેળવ્યું ન હતું પરંતુ ક્રમવાર અને વ્યવસ્થાસર અભ્યાસક્રમ હતો. વ્યવસ્થાસર એક પેટીમાં સામાન ગોઠવીને ભરવાથી બમણો અથવા દોઢો સમાય છે. તે ન્યાયસર કરેલ જ્ઞાનસંપાદનનો વિતંડાવાદમાં વ્યય ન કરતાં પારમાર્થિક જીવન ગાળવામાં સ્વહિત સમજતા હતા; પરંતુ હાલમાં વસ્તુસ્થિતિ તપાસતાં બહુધા ભાગ વિરૂદ્ધાચરણીય અવલોકવામાં આવે છે. ઉક્તં ચ

विद्या विवादाय धनं मदाय । शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतत् । ज्ञानाय दानाय च रक्षणाय ॥

અર્થાત્ વિદ્યા વિવાદ કરવા અને કજીયા કરી સુલેહનો ભંગ કરવા ભણાય છે અથવા ઉપયોગ કરાય છે, ધન ઉન્મત્ત બની બીજાઓને સતાવવામાં, અમુક પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય છે તો તેથી બીજાઓને પીડવામાં, એમ ખલ (નીચ) માણસ યોગ્ય પ્રાપ્ત સ્થિતિનો દુરૂપયોગ કરે છે ત્યારે સાધુ (સારા) પુરૂષો એ ત્રણેનો સદુપયોગ કરે છે; એટલે વિદ્યાથી, ધનથી અને સત્તા વડે બીજાઓને મદદ કરવામાં સ્વાવભુતિ રૂપ રકમને ખરચે છે, જીંદગી રૂપ વૃક્ષને સદ્ગુણરૂપ ફલથી નીચું નમાવે છે, અને તેથીજ સમાજ જીજ્ઞાસા રૂપ દાતરડાવડે ઉન્નતિ રૂપ ફલની સુંદર કાપણી કરી તેના તરફથી શ્રેય સંપાદન કરે છે. જ્ઞાનીઓના લક્ષણ વિષે વિચાર કરતાં તેઓ એમજ માને છે કે હું કાંઇ પણ જાણુતો નથી અને જે જાણું છું તે એટલુંજ કે હું અજ્ઞાન છું, સત્યના અથવા જ્ઞાનના મહાસાગરના તટ (કાંઠા) ઉપર ઉભો રહીને કીનારેથી માત્ર છીપોજ વીણી લઉં છું અને છેટેથી એ મહાસાગરનાં દર્શન કરૂં છું. તેની શોધ કે માપ કાઢવાની મારામાં તાકાત કે શક્તિ નથી. આ બધા ગુણોએ સ્વામીજીના કેન્દ્રસ્થાનમાં પ્રથમથીજ નિવાસ કર્યો હતો. રાત્રિ દીવસ

શાસ્ત્રોનું મનન તેમજ વધુ દોહન કરવામાં અને ભવ્ય (યોગ્ય) જનોની શંકાનું સમાધાન કરવામાં સમય નિવર્ત થતો હતો. રજની સમયે કુદરત તરફથી થયેલ શારીરિક શ્રમને ઉતારવા નિયમિત નિદ્રા કરવાની પડેલ ફરજ ને બબે હજાર શ્લોકોનું મુખેથી અધ્યયન કર્યા પછીજ નિદ્રાને સ્વલ્પ આધિન થતા હતા. જ્ઞાનની ઉપયોગીતા વિષે તેમનો એવો આધિન મત બંધાયેલ હતો કે:—

पीयुषमसमुद्रोत्थं । रसायणमनौषधं ।
अनन्यापेक्षमैश्वर्यं । ज्ञानमाहुर्मनीषिणः ॥

અર્થઃ—જ્ઞાન એ સમુદ્રથી નહિ ઉત્પન્ન થયેલ એવું અપૂર્વ અમૃત છે, ઔષધ નહિ ઉપજેલું એવું રસાયણ છે, અને અન્ય વસ્તુઓની અપેક્ષાથી નાનું સરખું અપૂર્વ ઐશ્વર્ય છે, એમ માનતા હતા; પરિણામે એ ઐશ્વર્યના અધિપતિનું પરમ પદ હસ્તગત કરી, ગુરૂમહારાજની વૃદ્ધાવસ્થા થવાથી તેમની તેહનાતમાં રહી તન મનથી સેવા બજાવવા સાથે વ્યાખ્યાનાદિ જાહેર પારમાર્થીક કર્તવ્યના વિશાળ ક્ષેત્રને વધારે આબાદ અને વિશાળ બનાવતા ગુરૂ સમીપ ચાતુર્માસા (૨) રામપુરા (૨) રંગપુર (૧) ખેડા–ગુજરાત (૧) રાપર–કચ્છ (૨) જેતપુર–કાઠીરાજ (૧) ચોટીલા (૨) સુરત–ગુજરાત વગેરે સ્થળે ચાતુર્માસ પસાર કર્યા બાદ સુરતથી અમદાવાદ પધાર્યા. ત્યાં લોકોના અત્યાગ્રહથી અમુક વખત રોકાઇ સ્વામીજીએ પોતાના રસમય વાક્પ્રવાહથી શ્રોતાવર્ગના હૃદય ઉપર ગંભીર અસર કરી અગ્નિ પ્રગટ કર્યો જેથી બીજા માણસોના મન પણ પ્રકાશી નીકળવા સાથે ઉત્સાહ અગ્નિની રોશની લોકોના હૃદયમાં પ્રકટી નીકળી. વાણીની ચમત્કૃતિરૂપ વશીકરણથી શ્રોતાઓની લાગણી પોતા તરફ દોરાવા લાગી. વ્હેતા વાક્પ્રવાહમાં શ્રોતાગણોમાં લાડવા

શ્રીમાળી વણીક જ્ઞાતીના માણેકચંદભાઇ પણ મુખ્ય જણાતા હતા, તેમના નિર્મળ હૃદયને પીગળાવી નાંખવા તે બોધ સફળ ઉતર્યો. સ્વામીજીના ઉપદેશની ફતેહનો આ પહેલો દાખલો હતો. ભવિષ્યની ઇતર વ્યક્તિઓના ઉદ્ધારની શરૂઆત હતી જૈનો અને જૈનેતર ઉભયમાં જૈનધર્મની ઉજ્વલ છાપ પાડવાની નિશાની હતી. સમાજના ઉદયરૂપ વિજય પતાકા ફરકાવવાની આગાહી હતી અને ટુંકામાં આ લેખકના માનસિક વિકાસાવકાશની ભવિષ્યની ઉત્તમ ચાવી હતી. ઉપદેશની સફળતા માણેકચંદભાઈના ઉત્કૃષ્ટ વૈરાગ્યે કરાવી આસપાસના સંયોગોમાંથી મુક્ત થયા, અને સંવત ૧૯૩૫ ના માહા માસમાં ત્યાંજ એટલે અમદાવાદમાં દીક્ષિત થઇ પ્રથમ શિષ્ય થયા. તેમણે ચાર વર્ષ પ્રવજ્યા નિર્વહન કરી અને સંવત ૧૯૪૦માં દેવલોક પામ્યા.

ગુરૂ મહારાજનો સ્વર્ગવાસ.

તેમને હજુ જ્યાં પાંચેક વર્ષ પૂર્ણ થવા જાય છે તેટલામાં સ્વામીજીના શિરછત્ર અને મહાન્ ચારિત્ર ધર્મરૂપ રાજ્યના દાતા ગુરૂમહારાજશ્રી **ગોવરધનજી** સ્વામી સાયલા મુકામે પધારતાં તેમના ઉદારીક શરીરમાં સહેજ વ્યાધિએ પ્રવેશ કર્યો. સ્વામીજીએ પોતાના ગુરૂશ્રીના ચારિત્રમાર્ગમાં વિઘ્નરૂપ રોગને મુળથી નાબુદ કરવા જૈન સંજતિને ખપતા અબાધક ઉપચારો માટે અનેક ચાંપતાં પગલાં લીધાં પણ પરિણામે સઘળું વ્યર્થ હતું; પ્રતિદિન વ્યાધિએ પોતાનું ગંભીર રૂપ પકડયું. તેનું સબલ કારણ તપાસતાં, વૈદ્યો અને ડોકટરોએ ગુરૂ મહારાજશ્રીએ છેલ્લા કેટલાએક વર્ષોથી સ્નિગ્ધ પદાર્થો જેવા કે દુધ, ઘી, દહીં, સાકર યાને ગોળ વિગેરે ઉપરાંત તળેલ કે તાવેલ કોઇ પણ જાતનો પૌષ્ટીક અને સ્વાદીષ્ટ ખોરાક જીંદગીભર નહિ લેવા મહાન્ ઉગ્ર ત્યાગ કર્યો હતો, અને માત્ર શુષ્ક ખોરાક

દેહના ટકાવ માટે છુટો રાખેલ હતો, તેને લીધે થયેલ કોઠાની ગરમી અને પેટની શિથિલતા થવાથી દસ્તની બીમારી થવાનું કારણ બતાવ્યું હતું. આવા ભયંકર પ્રસંગે અપવાદ તરીકે પણ સ્નિગ્ધ ખોરાક નહિ લેવા પોતાનો ઉગ્ર ત્યાગ અબાધિતપણે સહીસલામત ટકાવી રાખ્યો હતો. તે તેમનો ચોક્કસ વૈરાગ્ય અને દેહ ઉપરનું નિર્મોહીપણું એ બધું high thinking આપણને સારી રીતે ઉપકારી બનાવે છે. પોતાને જે માસમાં પરણવાનું હતું તેજ માસમાં કુંવારી કન્યાનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી, એ તેમનું માનસિક બલ–Mental Power રણસંગ્રામમાં દુશ્મનોના સનમુખ ખુલ્લાં મેદાનમાં ઉભા રહી વિદ્યુત જેવા ચળકતા ખડગના તીક્ષ્ણ ઘા સહન કરવા કરતાં પણ વધી શકે તેવું છે. રણસંગ્રામમાં ઉતરવાના અનેક દાખલાઓ આપણને ઐતિહાસિક તવારીખમાંથી મળી આવે છે, પણ ઈંદ્રિયો ઉપર જય મેળવવાના દાખલાઓ ક્વચીત જોવામાં આવશે.

કવીત.

ચલઓ ગગન પંથ, મલઓ મિહીર લોક,
દલઓ રિપુકો દલ, શસ્ત્ર બીહીન હે.
ધરઓ ધરાકો ભાર, તરઓ નિધીકો બાર,
હરઓ હરીકો હરિ, કરઓ આધિન હે.
ખાયઓ હળાહળકું, લ્યાયઓ ફનીશમની,
થાયઓ ખગેશ સંગ, બને કોઉ દીન હે.
રહઓ અહાર બીન, કરઓ ભૂમિ શયન,
સબહી સહેલ હે, એક કામ દહઓ કઠીન હે.

અલબત વિષયાસકત પુરૂષો ને તો ઉપરોક્ત કાર્ય દુરારાધ્ય થઈ પડે છે પરંતુ ઈંદ્રિયજીત પુરૂષોને કહેલ છે કેઃ—

तृणं ब्रह्मविदः स्वर्गस्तृणं शूरस्य जीवनम् ।
जिताक्षस्य तृणं नारी निस्पृहस्य तृणं जगत् ॥

અર્થાત્ બ્રહ્મજ્ઞાનીને મન સ્વર્ગ તૃણુસમાન છે. શૂર પુરૂષને જીવન તૃણુસમાન છે. ઇન્દ્રિયજીત પુરૂષને સ્ત્રી તૃણુસમાન છે અને નિસ્પૃહી પુરૂષોને જગત તૃણુસમાન છે. તે મુજબ આ મહાપુરૂષને મન વિષયો તૃણુસમાન હતા. તેઓ જાતિના કડીયા કચ્છ-વાગડમાં આવેલ **શીકરાગામ**ના રહીશ હતા. દરેક જાતિના હુન્નર અને કારીગરીમાં કુશલ હતા. દીક્ષા લીધા પછી દોરી વણુવાનો કાષ્ટનો નાજુક સાંચો બનાવી સાધુઓને મુલ્યથી ખરીદેલું તથા ગ્રહસ્થ માર-ફત કાંઇ પણુ કાર્ય ન કરાવવા પ્રતિબંધ હોવાથી દરેક કાર્ય જાતે કરવું જોઇએ તેથી તેના વડે દોરીઓ વણુતા હતા. દોરીઓ તેની મેળે વણાઇ તૈયાર થતી હતી જે નજરે જોનારા લોકો અદ્યાપિ પર્યંત હયાત છે. આ એક તેમની કારીગરીનો અચ્છો પુરાવો છે. વળી જ્ઞાનની પારદર્શિકતા માટે તેમનો વિરચિત ચંદ્ર રાજાનો રાસ (કાવ્ય) મુખ્ય છે, જેનો અનેક વિદ્વાનોએ ઉતારો કર્યો છે. એ ઉપરાંત કચ્છ-માંડવીના એક નાગર ગૃહસ્થને પ્રિય લાગવાથી તેણે ગુજરાતીમાં છપાવી બહાર પાડયો છે તે વાંચવાથી પુરવાર થશે. સારાંશ તેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત ન હતો કિન્તુ જ્ઞાનગર્ભિત હતો. એ સઘળું તેમના ઉપરના હેવાલથી સ્પષ્ટ માલુમ પડે છે. થોડો વખત સહેજ માંદગી ભોગવી દરમ્યાન આસપાસ વિચરતા બીજા સાધુઓ પણુ તેમની સેવામાં સાચલે આવી પહોંચ્યા. ત્યાગીઓ અને ગ્રહસ્થો તેમના અંત વખતથી ગભરાવા લાગ્યા પરન્તુ મહાત્માઓ મૃત્યુથી ભીતિ પામતા નથી. જ્યારે કોઇ પણુ મનુષ્ય આ દુનિયામાં અવતરે છે ત્યારે તેમને આ દુનિયા કેદખાના જેવી લાગે છે, અને મૃત્યુને

જયમ કોઇ કેદી કેદખાનામાંથી મુક્ત થવા રાહ જુએ અને ઇચ્છા મુજબ છુટકારો થતાં જયમ અત્યાનંદ માને તેવીજ રીતે મહાત્માઓ મૃત્યુને મહોત્સવ માને છે. એક બાલકના જન્મથી આપણે આનંદ પામીએ છીએ અને મૃત્યુથી દીલગીર થવાનો નિયમ ઘણોજ હાસ્યાસ્પદ છે, કારણ કે કોઈ સ્નેહી કેદમાં પડતાં વિલાપ કરીએ અને તેજ કેદમાંથી છુટતાં ઉત્સવ કરીએ. તદોકત નિયમાનુસાર મહાત્માઓ જ્યારે આ આખર દુનિયા ત્યાગ કરી દેહથી ભિન્ન થાય છે ત્યારે દીલગીર નહિ થતાં આનંદ માને છે તદ્ગત મહાત્માશ્રીનું મન નિર્ભય હતું. તેમનું બાહ્ય શરીર વેદના ભોગવતું હતું પણ મન ભોગવતું ન હતું. થોડો વખત પોતા તરફનો લાભ સ્વામીજી આદિ મુમુક્ષુ મંડળને આપ્યા બાદ સંવત ૧૯૪૬ ના અશાડ સુદ ૮ ની રાત્રીએ આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી સ્વર્ગ તરપ પ્રયાણ કર્યું જેથી સંપ્રદાયમાં એ મહાપુરૂષની ન પુરી શકાય તેવી હમેશને માટે ખોટ પડી, સમાજમાં શોકની ઉંડી લાગણી ફેલાણી. ખરેખર, એ ઘાતકી રજની હમેશને માટે ભયંકર ગણાશે. મર્હુમ ઇંદ્રિયદમનમાં વીર અને સંયમમાં પરાક્રમી મહાન્ યોદ્ધા જનસમાજના આત્મોત્ક્રાંતિના નેતાની સુલેહરક્ષકની નોંધ લેતાં આકાશમાં ગર્જના થવી જોઇએ. અશાડ શુક્લપક્ષ અષ્ટમીની તેજોમય રાત્રિ અંધકારમય થવી જોઇએ. એ ઘાતકી રાત્રિ શાંત છતાં ખળભળાટવાળી થવી જોઇએ. કોણ નહિ કબુલ કરશે કે ગરીબડી જૈન સમાજના ગ્રહો હમેશને માટે કુચ કરી ગયા છે. આ કમભાગ્ય અને ગમખ્વાર બનાવે સ્વામીજીના માનસિક બલને મ્હોટો ધકકો પહોંચાડયો. ત્યાંથી સ્વામીજી બીજા સાધુઓને લઇ વઢવાણ કેમ્પ ચાતુર્માસ પધાર્યા.

પ્રકરણ ૨ જું.

પ્રવાસની સફળતા.

સંવત ૧૯૪૭ ની સાલમાં સ્વામીજીએ બીજું ચાતુર્માસ પાણસીણામાં કર્યું. એ ચાતુર્માસની પૂર્ણાહુતિ થતાં કાઠીઆવાડ તરફ પ્રયાણ કર્યું. આરામનો અનાદર કરી શ્રમને આશ્રિત રહી સત્કર્તવ્યની રંગભૂમિમાં પ્રતિક્ષણે પ્રગતિ કરવામાં અસાધારણ શ્રમનો ખરચ કરી ગામો ગામ પવિત્ર

કાઠિયાવાડના પ્રદેશમાં વિહાર.

વાણીનો અધિકારીઓને લાભ આપી પોતાનું પવિત્ર મીશન અદા કરવામાં અને ॥ **वसुधैव कुटुम्बकम्** ॥ એટલે દુનિયાને પોતાનું કુટુમ્બ માની જ્ઞાન રૂપ ખજાનાને બહોળા હાથે વહેંચવામાં સ્વસમય પસાર કરતા અને આરામને આધીન થઈ સમાજ સેવાનું કલ્યાણ ડુબાવવામાં કુદરતની જબરી જોખમદારી સમજતા, કારણ કે વખત વહી જાય છે અને દરેક પળની જવાબદારીનો બોજો આપણા શીરપર રહી જાય છે, એમ સમજતા. સ્વામીજી જેતપુર (કાઠીરાજ) આવી પહોંચતાં શ્રોતા વર્ગમાં હર્ષની લાગણી વિસ્તારી. તેમાં વિશેષ કરીને સ્વામીજીની નિર્મળ વાણી અને પવિત્ર દર્શનની તીવ્રાભિલાષા, વણિક જ્ઞાતિના, બાવીશી-**હરખચંદ** કરમચંદ નામના અધિકારી વ્યક્તિના હૃદયમાં લાંબા વખતથી પ્રાદુર્ભાવ પામેલ હતી. તે સંકલ્પને સમયાનુસાર યોગ્ય પોષણ મળવાથી હર્ષરૂપ અંકુર નવપલ્લવ થયો. જે વસ્તુ તરફ જેની અભિરૂચિ છે તે પદાર્થ

હસ્તગત થતાં અપૂર્વ આનંદ ઉદ્ભવે છે, કિંતુ જેને ખપ નથી તેને મળતાં અમુલ્ય પદાર્થો નિરૂપયોગી થઇ પડે છે.

मुक्ताफलैः किं मृगपक्षिणां च ।
मिष्टान्नपानं किमु गर्दभाणां ।
अंधस्य दीपो बधिरस्य गीतं ।
मूर्खस्य किं सत्यकथाप्रसंगः ॥

અર્થાત્ મોતીની માળા મૃગ અને પશુઓના કંઠમાં ધરવી તે તેમજ ગધેડાને સાકરનું મિષ્ટ ભોજન, અંધને આરસી, બધિર એટલે બહેરાને ગીત, અને મુર્ખને ધર્મ (સત્ય) કથા એ બધાં પરિણામે નિષ્ફળ થાય છે.

કવીત.

સુંદર તો પણ શા ઉપયોગની અંધની આગળ આરસી લાવ્યો,
જો ગજરાજ દીસે અતિ ઉત્તમ પણ નિર્ધનને કામ ન આવ્યો;
મરકટ કંઠ ધરી મણીહાર પ્રહાર ગણી અતિ દુર ઉડાવ્યો,
કાવ્ય કળા કરી મુર્ખની પાસ બધીરની આગળ શંખ બજાવ્યો.

પરંતુ શંખ બજાવવા જેવું ન થતાં સ્વામીજીના બોધથી, હુરખચંદભાઇના મન ઉપર સચોટ અસર થવા પામી. તેમના નિર્મળ હૃદયને પીગળાવનાર, અને આસપાસ રહેલ વ્યક્તિઓ તથા દુરસ્થ જનોના અંતરપટને ભેદક અંતઃકરણથી ઝરતા ક્ષમાના નિર્મળ સ્વચ્છ ઝરાના ચાલતા સૌમ્ય પ્રવાહમાંથી ઉડતી અમૃતકણીઓના સ્પર્શી દુરસ્થ જનોને પણ અપરિમિત સમભાવ ભાવિક કરાવનાર માધ્યસ્થ અને ગંભીર વાણીના શુદ્ધ રજકણોએ કર્મયોગી પુરૂષના વૈરાગ્યને મજબુત

કર્યો. એક પ્રકારે વૈરાગ્ય થતાં આસપાસના સંબંધીઓની અનુજ્ઞા મેળવી ૪૪ ચુમાલીસ વર્ષની વયે એક પુત્રીને વરાવી સ્વામીજી પાસે સં. ૧૯૪૭ ના માઘ શુકલપક્ષ ૯ ના રોજ જન્મભૂમિ (જેતપુર) માં પોતાની ઉપાર્જીત લક્ષ્મીનો દાનાદિ સત્કાર્યોમાં સદ્‌વ્યય કરી પોતાના ખરચે સારા જલસાથી ગામ બહારના દરબાર શ્રી રામવાળાના ઉદ્યાન (બગીચા) માં હજારો જન સમાજ સમક્ષ ચારિત્ર માર્ગ અંગીકાર કરી દ્વિતીય શિષ્ય થયા, અને હરખચંદજી સ્વામી નામ ગુરૂશ્રીએ આપ્યું. પોતે પુખ્ત ઉમરે દીક્ષા ગ્રહણ કરેલ હોવાથી જોઇએ તેટલું જ્ઞાન સંપાદન કરી શક્યા નહતા પરંતુ પોતાના આચાર સંબંધી જ્ઞાન અચ્છી રીતે મેળવ્યું હતું.

ત્યાર પછી ગુરૂસેવામાં રહી દરમાસે સાત ઉપવાસ જીંદગી પર્યંત કરવાના દૃઢ અભિગ્રહ ઉપરાંત છઠ અને અઠમાદિ તપશ્ચર્યાઓ જોડે શરૂ રાખી પોતાના આનંદી સ્વભાવથી અને પ્રકૃતિના વિનિત ગુણથી ગુરૂના ખરેખર કૃપાપાત્ર થયા. ચારિત્રારૂઢ થયા પછી ગુરૂ સમીપ રહી અનુક્રમે ચાતુર્માસ (૩) ચુડા (૨) કંડોરણા (૨) સાયલા (૨) રામપુરા અને (૧) ધાંધલપુર એમ વગેરે સ્થળે કરી લીંબડી મુકામે કાળ ધર્મને પામ્યા.

લેખકનો ઉદ્ધાર અને શિષ્ય તરીકેનો સ્વીકાર.

ત્યારબાદ બીજા સાધુજીઓને લઇ સ્વામીજી મુળી તરફ પધારતાં સાયલા તાબાના ખાટડી ગામના વતની ક્ષત્રી (રજપુત) જ્ઞાતિના જીજીભાઇના ધર્મપત્નિ રાઠોડ કુળના બોનજી બાના અંગજાત જેઠીજી (એટલે આ લેખક) એ સ્વામીજીના પવીત્ર કદમમાં સં. ૧૯૫૮ ના મહા વદી ૨ને સોમવારના રોજ ગુરૂશ્રીની સ્પર્શિત પવિત્ર ભૂમિમાં એટલે રામપુરામાં

દીક્ષા અંગીકાર કરી પોતાની જાતને હમેશને માટે અર્પણ કરી અને ગુરૂ મહારાજે એક પામર વ્યક્તિના ત્રણ અક્ષરવાળા નામમાં ઓર ઉમેરો કરી જેઠમલજી એવું નામાભિધાન અર્પણ કર્યું. આ દુનિયામાં ઉચ્ચ સ્થિતિએ લાવવા જો કોઇ સમર્થ હોય તો માત્ર એક ગુરૂજ છે. ગુરૂ જેવી શક્તિ ધરાવતી સમર્થ વ્યક્તિ આ જગતમાં કોઇ પણ નથી.

કબીરદાસ કહે છેઃ—

ગુરૂ ગોવિંદ દોનું ઉભા, કીસ્કું લાગું પાય,
બલિહારી ગુરૂ દેવકી, જેને ગોવીંદ દિયા બતાય.

સત્સંગની મહત્તા. એ કથનાનુસાર વ્યક્તિઓનો ઉદ્ધાર કરનાર જેમ ખાણોમાં રત્નની યા વજ્ર હીરાની ખાણ, દાનેશ્વરીમાં કરણ રાજા, દેવોમાં લક્ષ્મી, પર્વોમાં દીપોત્સવી (દીવાળી), અક્ષરોમાં ૐકાર, મોટામાં આકાશ, સ્થિર પદાર્થોમાં ક્ષિતિ (પૃથ્વી), પુરૂષોમાં અથવા રાજાઓમાં રામ અને વ્રતોમાં જેમ બ્રહ્મચર્ય મોટું કીંવા ઉત્તમ છે તે સઘળા કરતાં પણ ગુરૂ ઉત્તમ છે. પંચીકરણમાં કહ્યું છે કે–

गंगापापं शशीतापं दैन्यं कल्पतरूस्तथा ।
पापंतापं च दैन्यं च हरेत्साधुसमागमः ॥

અર્થાતઃ—ગંગા પાપને, ચંદ્ર તાપને, કલ્પવૃક્ષ દીનતા યા ગરીબાઇને નાબુદ કરે છે, એટલે પ્રત્યેકમાં અકેક ગુણ સમાએલો છે; કિંતુ સત્પુરૂષો બલ્કે સદ્દગુરૂમાં ત્રણે ગુણો વ્યાપ્ત થયેલા હોય છે. સંસારના આધિ વ્યાધિ અને ઉપાધિ રૂપ મહાન્ અસાધ્ય માનસીક પાપરૂપ પાસમાં જકડાએલાને તેમાંથી મુક્ત કરનાર, અનેક આધિઓથી ચીરાતા દુઃખી અંતઃકરણોને શાસ્ત્રીય બોધરૂપી અમૃત

રસ રેડી ભવ્ય જીવોને અપૂર્વ શાન્તિરૂપ શારદા સંપૂર્ણ શશિકાંતની શીતલ ચંદ્રિકા તળે મુકનાર અને ભવભ્રમણરૂપ અનેક જન્મથી લાગુ પડેલા દુષ્ટ કર્મરૂપ મહાન્ દીનતાને વીખેરી ચુરેચુરા કરી નાંખનાર છે. વળી એક ઠેકાણે લખ્યું છે કેઃ—

साधुनां दर्शनं पुन्यं । स्पर्शनात् पापनाशनं ।
संभाषणं महापुन्यं । सेवनं परमं पदं ॥

સત્પુરૂષોના દર્શનથી અધમ મનુષ્યો પણ પાક (પવીત્ર) બને છે. તેમના પવીત્ર બદનનો સ્પર્શ થવાથી હજારો બલ્કે અસંખ્ય પાપો લય પામી જાય છે. તેમની સાથે સંભાષણ (વાર્તાલાપ) કરવાથી મહા પવીત્ર થાય છે, અને છેલ્લે તેમની સેવા કરવાથી તો મહાન્ પરંપદની પ્રાપ્તિ થવા જેટલી લાયકાત આવે છે, એટલે નઠારી વસ્તુ પણ સારા આશ્રય તળે શોભાને પામે છે. જેમ મલીન શ્યામ કાજળ પણ કાન્તા (સ્ત્રી) ના નેત્રમાં રહ્યું થકું શોભાને પાત્ર બને છે અને ભસ્મ (રાખ) જેવી બીન કીમતી વસ્તુ પણ હાથીના કુંભસ્થળમાં રહેવાથી સુશોભીત લાગે છે. જેમ કેઃ—

मलयाचलगन्धेन । त्विन्धनं चंदनायते ।
तथा सज्जनसङ्गेन । दुर्जनः सज्जनायते ॥

મલયાચલની સુગંધથી કાષ્ટ ચંદન બને છે તેમ સત્પુરૂષો પોતાની સજ્જનતાથી દુર્જનોની દુર્જનતાને નષ્ટ કરી પોતાના જેવા સજ્જન બનાવે છે એ તેમના મહાન ઐશ્વર્યની નીશાની છે.

यथोदयगिरौ द्रव्यं । संनिकर्षेण दीप्यते ।
तथा सत्यं निधानेन । दनिवर्णोऽप्यदीप्यते ॥

જેમ ઉદયગીરી ઉપર રહેલું કાંઈ પણ દ્રવ્ય સુર્યના સમીપ-પણાથી પ્રકાશિત થાય છે, તેમ હલકી કોટીનો પુરૂષ પણ સત્પુરૂષના સંસર્ગથી પ્રકાશિત થાય છે. આ વખતે એક સત્પુરૂષને લગતો રમુજી શ્લોક યાદ આવે છે તે ઉભરાને નહિ સમાવી શકવાથી અત્રે ટાંકવામાં આવે છે તે મારા આધીન મત મુજબ અપ્રાસંગિક ન હ ગણાય.

क्षीरेणात्मगतोदकाय हि गुणा दत्ताः पुरा तेऽखिलाः ।
क्षीरे तापमवेक्ष्यते न पयसा ह्यात्माकृशानौ हृतः ॥
गन्तुं पावकमुन्मनस्तदभवद्दृष्ट्वा तु मित्रापदं ।
युक्तं तेन जलेन शाम्यति सतां मैत्री पुनस्त्वीद्रशी ॥

અર્થાત્ ચુલા ઉપર દૂધ ઉકળતું હતું તે વખતે દૂધે પોતાની અંદર રહેલા પાણીને અગાઉ પોતાના સર્વે દુધપણાના ગુણ આપ્યા હતા, દુધનો એ ઉપકાર મનમાં લાવી દુધને તાપ થતો જોઇને જળે (પાણીએ) પોતાનો આત્મા અગ્નિમાં હોમ્યો અર્થાત્ પોતાના મિત્ર જળને સંતાપ થતો જોઇ દૂધ અગ્નિમાં પડવા તૈયાર થયું એટલે ઉભરો આવ્યો પછી તેને પાણી છાંટવાથી સમાઇ જાય છે તેવીજ રીતે સત્પુરૂષોની મૈત્રી છે.

कर्णस्त्वचां शिबिर्मांसं । जीवं जीमूतवाहनः ।
ददौ दधीचिरास्थिनि । नास्त्यदेयं महात्मनाम् ॥

એટલે કે કર્ણરાજાએ ત્વચાનું દાન કર્યું હતું; શીબી રાજાએ પોતાનુંજ માંસ આપ્યું હતું; જીમૂતવાહને પોતાનો જીવ આપ્યો હતો; અને દધીચિ ઋષિએ અસ્થિ આપ્યા હતા, તેથી મહાત્મા પુરૂષોને શું અદેય છે ?

વળી સુંદરદાસે સત્પુરૂષોના સંબંધમાં કહ્યું છે—

તાત મિલે પુનિ માત મિલે સુત ભ્રાત મિલે જુવતિ સુખદાઈ,
રાજ મિલે જગબાજ મિલે સબસાજ મિલે મનવંચ્છીત પાઇ;
લોક મિલે સુરલોક મિલે બિદ્ધલોક મિલે વૈકુંઠ ઠરે જાઇ,
સુંદર ઓર મિલે સબ હી સુખ સંતસમાગમ દુર્લભ ભાઇ.

એ પ્રભૃતિ મહાપુરૂષોના મહાન્ ગુણો વિદ્વાનોએ કથેલા છે. એ શીતલ છાયા નીચે આવનારનો ચોકસ ઉદ્ધાર થયા વિના રહેતો નથી. એ ગુણોમાંના દયારૂપી ભાસ્કરના ઉજ્વલ કીરણનો પ્રકાશ આ લેખકના હૃદયમંદિરમાં નાંખી અજ્ઞાન તમસને હંફાવવા સાથે હાંકી કાઢી ઉદ્ધાર કર્યો. આ લેખક અનુચરને પોતાના પવિત્ર કદમમાં હમેશને માટે રાખી સીતાપુર વગેરે સ્થળે થઇ ચાતુર્માસ જતવાડમાં આવેલા ખેરવા ગામમાં સંવત ૧૯૫૯ ની સાલમાં રહી ત્યાંના જત ઠાકરડાઓ કે જેઓની જૈન સાધુઓને અપમાનની ભીતિ રહેતી હતી તેમને બોધ આપી દુર કરવા સાથે ચાતુર્માસ માટે બારૂં હંમેશને માટે ખુલ્લું કર્યું અને દરબારશ્રી મલેક અગરાજી તથા બાવાજી તથા કલાજી તથા રાણાજી વગેરે તાલુકદારોને કે જેઓ મુસલમાન હોવા છતાં જીવહિંસાદિ કેટલાક કુકૃત્યોનો ત્યાગ કરાવી સદાચાર રૂપ સડક ઉપર ચાલતાં શીખવ્યું.

પ્રકરણ ૩ જું.

કર્ત્તવ્યનું વિશાળ ક્ષેત્ર.

સંવત ૧૯૬૨ માં સાયલા મુકામે ચાતુર્માસ ગાળવાને પધારતાં, ત્યાંના નામદાર યુવરાજ શ્રી મદારસિંહજી સાહેબ મહાપુરૂષની પવિત્ર વાણીનો તેમજ પવિત્ર દર્શનનો લાભ લેવા જૈન સ્થાનકમાં પધારતા હતા, અને તેઓએ અમૂલ્ય વચનામૃતો વધારે વખત શ્રવણ કરવાની જીજ્ઞાસા બતાવી હતી. તદનુસાર જૈન મુનિઓનાં વ્યાખ્યાન સાંભળવા પધારવા લાગ્યા અને ખરા અંતઃકરણપૂર્વક જૈન સાધુઓનું માન જાળવવા લાગ્યા. તેમના નાના બન્ધુ કુમાર શ્રી ભાવસિંહજી સાહેબ પણ સાથેજ પધારતા હતા. આવા સત્સમાગમનો લાભ લઈ નામદાર યુવરાજશ્રીએ મહાવીર જયન્તીના દિવસે પોતાની ચાલતી જીનીંગ ફેકટરી બંધ રાખવા હુકમ કર્યો હતો. આવા તેઓશ્રીના અંતઃકરણની લાગણીવાળાં કર્તવ્યથી કોણ ખુશી ન થાય? જૈન સંપ્રદાયને અનુસરનારા અને શ્રી મહાવીર પ્રભુને માનનારાઓમાંથી પણ પોતાનો ધંધો એક દિવસ પણ બંધ રાખવાની હિમ્મત કરી શકયા નથી એવી વ્યક્તિઓ દૃષ્ટિગોચર થઈ છે ત્યારે ધર્મભેદ રહિત અને માયાળુ હૃદયથી તેઓશ્રીએ જે પહેલ કરી છે તે માટે ખરેખર તેઓશ્રી પ્રશંસાને પાત્ર છે. તેમજ આપણે કબુલ પણ કરવું પડશે કે સત્સંગથી અવર્ણનીય ફાયદા સંપાદન કરી શકાય છે. તેમજ મહારાજ શ્રી સીતાપુરમાં પધારતાં, તેઓએ પોતાનો નિઃસ્વાર્થ

રાજવંશીઓ, યુરોપીઅનો તથા પારસીઓનું વલણ અને જૈનોદયનાં શુભ કાર્યો.

ભાવ પ્રકટ કર્યો હતો, જે તેમના છેલ્લા પ્રકરણમાંના પત્રથી જાણવામાં આવશે.

સં. ૧૯૬૩ નું ચાતુર્માસ લખતર ગામે થતાં ત્યાંના ભાયાતો કે જેઓ વૈષ્ણવ સંપ્રદાયના હતા તેઓએ શ્રી જૈન ઉપાશ્રયમાં આવી આ ગામમાં પહેલવહેલો દાખલો બેસાડયો. તેમની લાગણી તીવ્ર થતાં મહારાજશ્રી વઢવાણ પધાર્યા જ્યાં કુમારશ્રી કનકસિંહજી (બોલક દરબાર) દર્શનાર્થે પધાર્યા હતા. તેમજ હરવખત પત્રદ્વારા પોતાનો પ્રેમ જણાવતા હતા.

ચાતુર્માસનો સમય વ્યતીત થતાં જુદા જુદા ક્ષેત્રમાં પધારતાં ખેરાળી ગામે વ્યાખ્યાનમાં દરબારશ્રી મંગળસિંહજી તથા શૂરૂભા વગેરે દરબારો ઉપાશ્રયમાં પધારતા હતા. તેમાં કુમારશ્રી મંગળસિંહજી તથા બીજા રાજકુમારો, કુમારશ્રી સૂરસિંહજી ખીરસરા તથા કુમારશ્રી કનકસિંહજી સાયલા તથા કુમારશ્રી ભારતસિંહજી માલીઆ તથા કુમારશ્રી માનસિંહજી અંકેવાળીઆ તથા કુમારશ્રી બાલસિંહજી ભાડવા તથા કુમારશ્રી કલ્યાણસિંહજી ચાચકા તથા કુમારશ્રી પીઠુખાચર ચોટીલા વગેરે કુમારોએ, મહારાજશ્રી કૅમ્પખાતે પધારતાં પત્રદ્વારા ખુશાલી બતાવવા ઉપરાંત કૉલેજમાં પધારવા આમંત્રણ કર્યું હતું. તેમાંના એક પત્રને અન્ય સ્થળે જગા આપવામાં આવી છે.

મહારાજ શ્રી વઢવાણ કૅમ્પમાં પધાર્યા પરન્તુ કુમારો વઢવાણ ગરાસીઆ કૉલેજમાં અભ્યાસ કરતા હોવાથી સાહેબની રજા સિવાય કૉલેજનું મકાન છોડી શકાય તેમ નહિ હોવાને લીધે પત્રદ્વારા દીલગીરી દર્શાવી હતી.

પાટડી પધારતાં, ત્યાંના ભાગદાર અને ગોંડલ ગરાસીઆ કૉલેજના મુસાહેબ રાણાશ્રી અખુભા વગેરે દરબારો મહારાજશ્રીનાં બોધનો

લાભ લેતા. અખુભાએ તો જીંદગીપર્યંત વરસના અમુક માસમાં દારૂ-માંસ બીલકુલ નહિ વાપરવા પ્રતિજ્ઞા લીધી અને ગોંડલ કૉલેજમાં નોકરી ઉપર હતા તે દર્મ્યાન મહારાજશ્રીને ગોંડલ પધારવા વારંવાર પત્ર લખી શિષ્યભાવ જણાવ્યો હતો.

આણંદપુર પધારતાં, ત્યાંના નામદાર દરબારશ્રીઓ ખાચર જીવા મેશુર તથા દરબારશ્રી ખાચર દેશા ભોજ તથા ચોટીલાના કુમારશ્રી વગેરે મહારાજશ્રીનાં દર્શનનો લાભ લેવા પધાર્યા હતા. આ ગામમાં દરબારોની પહેલીજ હાજરી હતી. તેથી ધર્મની વૃદ્ધિ સારી થઇ હતી. ત્યાંથી મેવાસા પધારતાં, ત્યાંના દરબારો ખાચર-ભીમ-માણુા તથા દાસા રાણીંગ વગેરે ઉપાશ્રયમાં હમ્મેશ આવતા હતા. સંવત ૧૯૬૪ ના ચાતુર્માસે રામપુરે પધારતાં, મહારાજનાં દર્શનનો લાભ લેવા તથા બોધ સાંભળવા ચાણુપુરમાં દરબાર ડોસુભા તથા શીવુભા તથા નવાણીઆના પરમારશ્રી પ્રભાતસિંહજી વગેરે આવતા હતા. ચાતુર્માસ વ્યતીત થયા બાદ બીજી વખત રામપરે મહારાજશ્રી પધારતાં ગુંદીઆળાના નામદાર દરબારશ્રી અભયસિંહજી સાહેબ, પોતાના અમાત્યમંડળ સહિત દર્શનાર્થે પધાર્યા હતા. તે વખતે જૈનેતર સ્થાનિક અમલદારો, પટેલીઆઓ વગેરે તથા શ્રોતા જૈનોથી ઉપાશ્રય ચીકાર ભરાઇ ગયો હતો. મહારાજશ્રીએ તમામને પોતાની નિર્મળ વાણીનો લાભ આપ્યો હતો. બાદ દરબારશ્રીએ મહારાજશ્રીને પોતાના ગામે પધારવાનો આગ્રહ કરવાથી ત્યાં પધાર્યા હતા. તે વખતે દરબારશ્રીએ ઉપાશ્રયમાં પધારી વ્યાખ્યાનનો લાભ લેવાની પહેલ કરી હતી. તેઓના એક પત્રને હવે પછી સ્થાન આપવામાં આવશે. સણોસરા પધારતાં છઠ્ઠા વર્ગનો અખ્તીયાર ધરાવનાર દરબાર શ્રી ખાચર અમરાભાઇ તથા તેમના કુમાર સુરીગભાઇ તે મહાત્માનાં

પવિત્ર વચનામૃતનું પાન કરવા પધાર્યા હતા, તથા પોતાની ખુશાલી પ્રકટ કરી ખેડૂત લોકોએ ખેતરોમાં દીવાસળી નહિ મૂકવા તથા ગાડાઓમાં પચીસ મણથી વધારે બાર નહિ ભરવા દરબારશ્રીએ, મહારાજ શ્રીના ઉપદેશથી, ફરમાન કર્યું હતું.

ત્યાંથી ચોટીલા પધારતાં ત્યાંના નામદાર દરબાર શ્રી, સુરીંગ ખાચર તથા દરબાર શ્રી દેસા ખાચર તથા દરબાર શ્રી રાણીંગ ખાચર તથા દરબાર શ્રી ભાણુ ખાચર વગેરે દરબારોએ મહાત્માના સત્સંગનો લાભ લીધો હતો. સત્સંગની ઉંડી અસર થવાથી દરબાર શ્રી દેસા મેરામ ખાચરે જીંદગી પર્યન્ત શિકાર નહિ કરવા સેંકડો શ્રોતા જનો સમક્ષ પ્રતિજ્ઞા કરવાનો લાભ મેળવ્યો હતો. તે ઉપરાંત ખાતર વાસકુરભાઇએ તથા સંધી મેરૂભાઇએ જીંદગી પર્યન્ત જીવહિંસા નહિ કરવા તથા દારૂ-માંસનો ઉપયોગ નહિ કરવા, તેમજ ખાચર લક્ષ્મણભાઇએ તથા ધાધલ મોરભાઇએ પણ જીવહિંસા નહિ કરવા પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત મહારાજશ્રીને ચાતુર્માસ ત્યાંજ રોકાવા પોતાની દૃઢ ઇચ્છા પ્રદર્શિત કરી વિનતિસ્વરૂપે આમંત્રણપત્ર લખ્યો હતો.

વિનતિપત્ર.

ચોટીલા તારીખ ૧૧-૪-૧૯૧૦

મહારાજ સાહેબ **લવજી સ્વામી** તથા મહારાજશ્રી * * * ની પવિત્ર સેવામાં,

વિનતિ સાથે લખવાનું કે આપ અમારા ઉપર કૃપા કરી આવતી સાલના ચાતુર્માસ માટે અત્રે રહેવા વચન આપશોજી. વળી આપનું અહીંથી બીજે પધારવું થતાં, આપના તરફથી મળતો અમૂલ્ય બોધ અટકતાં, દિલગીરી સાથે લખવાનું કે આવા ગામની અંદર વધારે રોકાઈ અમને સદ્ રસ્તે દોરવા તે આપના જેવા મહાત્માનું

કર્તવ્ય છે. આપે જે જાહેર ભાષણ આપીને ગામની પ્રજાને અપૂર્વ લાભ આપ્યો છે તેની અસરથી અમો કાઠી ડાયરાએ જે પ્રતિજ્ઞાઓ લીધી છે તે પ્રતિજ્ઞાઓ આપના લાંબા સત્સંગથી મજબૂત થવા ઉપરાંત બીજી ઉચ્ચ પાયરીઓ મેળવવા ભાગ્યશાળી થઇએ તેવી અમને આશા છે. અમારી તે આશા પૂરી કરી અમારી લાગણીને માન આપી ચોટીલા ખાતે પધારવા કબુલ કરશોજી એવી આશા છે. એજ વિનતિ.

૧ **ખાચર દેશા મેરામ** સહી દા. પોતે.
૧ **ખાચર લક્ષ્મણ ચેલા** સહી દા. પોતે.
૧ **ખાચર સુરીંગ આલા** સહી દા. પોતે.
૧ **ખાચર વાસ્કુર આલીગ** સહી દા. પોતે.
૧ **ખાચર વીરા રામ** સહી દા. પોતે.
૧ **ખાચર માલા માણસુર** સહી દા. પોતે.

ત્યાંથી મહારાજશ્રીએ સાંજે વિહાર કરતાં તેમની સાથે ભાવિક દરબારો જૈનોની સાથે ખરા બપોરે પગપાળા ચાલી બીજા સામેના ગામ સુધી સાથે આવતા હતા. આવી લાગણીથી ખરેખર આપણે મગરૂર થવું જોઇએ. કેમકે કોઇ કોઇ વખતે પગપાળા નહીં ચાલનાર તથા જાગીદાર હોવા છતાં પણ કોઇ પ્રકારનો ભેદ રાખ્યા સિવાય લોકોને બતાવી આપ્યું કે જૈન મુનિઓને માનવાની ફક્ત વણિકોનીજ ફરજ છે એમ નથી પરન્તુ ગમે તે તત્ત્વજીજ્ઞાસુ વ્યક્તિઓને પણ તેઓશ્રીના પ્રત્યે પૂજ્યભાવ ધરાવવાની ફરજ છે, એમ સાબિત કરનારો આ દાખલો ખરેખર દૃષ્ટાન્તરૂપ થઇ પડે તેવો છે અને સઘળું માન તે મહાપુરૂષના માનસિક બળને આભારી છે.

ત્યાંથી સુદામડા તરફ પધારતાં ત્યાંના દરબારો ખોડાભાઇ તથા ચોમલાભાઇ તથા હરસુરભાઇ વગેરે ઉપાશ્રયમાં આવતા થયા હતા.

સં. ૧૯૬૫માં ચાતુર્માસ માટે વઢવાણ શહેરમાં પધારતાં, ત્યાંના નામદાર ઠાકોર સાહેબ શ્રી જસવંતસિંહજી બહાદૂર ઉપાશ્રયમાં પધારી સત્સંગનો લાભ લેતા હતા. તે સિવાય તેઓ સાહેબના ભાઇ કુમાર શ્રી જાલમસિંહજી માધવસિંહજી હંમેશાં અવારનવાર પધારતા હતા. જૈન ઉપરાન્ત દરબારી મંડળ મોટા પ્રમાણમાં આવી કેટલાકોએ દારૂ–માંસ નહિ વાપરવા પ્રતિજ્ઞા કરી હતી. કુમરશ્રી જામલસિંહજી અમુક સંયોગોને લઇ થોડો વખત ગેરહાજર રહેતાં પત્રથી માફી માંગી, નહિ આવવાનું કારણ વિદિત કર્યું હતું, જે પત્ર અત્રે દાખલ કરવામાં આવે છે.

પત્ર.

પરમપૂજ્ય મહાત્મા શ્રી લવજી સ્વામી તથા મહારાજ શ્રી * * * ની પવિત્ર સેવામાં, લી૦ કુમારશ્રી જાલમસિંહજીના દંડવત્ વાંચશો. બીજું હું આજ સાંજે ચાર વાગ્યે આપનાં દર્શનનો લાભ લઇશ. અઠવાડીઆથી આપનાં દર્શનનો લાભ લઇ શકયો નથી તે માફ કરશો એમ આશા રાખું છું. તારીખ સદર.

W. by Jalamsinhji.

ચાતુર્માસ સમાપ્ત થતાં, વઢવાણ કૅમ્પ તરફ પધારતાં, નામદાર ઠાકોર સાહેબ પણ સાથે સાથે કૅમ્પ સુધી પધારી અમુક વખત રોકાઇ શહેરમાં પાછા ફર્યા હતા. જૈન ધર્મની જાહોજલાલી કેવા ઉત્તમ સ્વરૂપમાં ઝળકી રહી હશે તે આ ઉપરથી વાંચનારના ખ્યાલમાં આવ્યા વગર રહેશે નહિ.

ધાંધલપુર પધારતાં, ત્યાંના દરબારશ્રી ખવડ મોટા રૂખડના આગ્રહથી સં. ૧૯૬૭ નું ચોમાસું ત્યાંજ કર્યું. તેઓએ મહાત્માના સત્સંગથી જીંદગી પર્યંત દરવર્ષે શ્રાવણ માસમાં શિકાર બિલકુલ નહિ કરવા પ્રતિજ્ઞા કરી અને તેની ખુશાલીમાં સેંકડો શ્રોતાજનોને પોતાના તરફથી સાકર વ્હેંચાવી પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા. આ વખતે સાયલાથી નામદાર બાપાસાહેબના જામદારખાનાના ઉપરી ખાટડીના ભાગદાર કુમારશ્રી દીપસિંહજી તથા ચોટીલાના દરબારશ્રી ખાચર દેસા મેરામ તથા સુદામડાના દરબારશ્રી ખોડાભાઇ તથા ચોમલાભાઇ વગેરે મહારાજશ્રીના દર્શનનો લાભ લેવા પધાર્યા હતા. તે સિવાય અન્ય દરબારો તરફથી જુદે જુદે સ્થળોએથી પત્રદ્વારા સમાચાર ફરી વળ્યા હતા. તેમાંના અમુક પત્રોને હવે પછી સ્થાન આપવામાં આવશે.

ચાતુર્માસ સમાપ્ત થતાં, વિહાર દર્મ્યાન ચાચકે પધારતાં, ત્યાંના તાલુકદારો રાણાશ્રી દાદભા તથા કેશુભા તથા દાનુભા વગેરે તેઓ પ્રત્યે લાગણી ધરાવતા થયા હતા. ત્યાંથી મીણાપુર પધારતાં રાણાશ્રી દાજીરાજ તેમજ તેમના ભાઇ જોરૂભા તથા પ્રતાપસિંહજી વગેરેએ તેઓશ્રીની યોગ્ય પધરામણી કરી હતી. ખાંડીઆ પધારતાં, દરબારશ્રી તાલુકદાર ભગવતસિંહજી તથા તેમના કુમારશ્રી મનુભા તથા કુમાર શ્રી પ્રભાતસિંહજી વગેરે પૂજ્યભાવથી જોવા લાગ્યા તથા તે ઉપરાંત તેઓએ અમુક વ્યસનોનો ત્યાગ કર્યો હતો. મહારાજશ્રી મોજીદડ તથા બોરણે પધારતાં, પાછળથી કુમારશ્રી મનુભા દર્શનાર્થે આવ્યા હતા. ત્યાંથી વનાલા પધારવું થવાથી તાલુકદાર નોંઘુભા તથા રાણાશ્રી કનુભા તથા કંથારીઆના તાલુકદાર રાણાશ્રી દોલતસિંહજી વગેરે સ્વામીજીના સત્સંગમાં આવવાથી યોગ્ય સંસ્કાર પામવાની સાથે, પાછળથી પત્રો-

દ્વારા પોતાનો શિષ્યભાવ વિદિત કર્યો હતો. ભડકવાના દરબારશ્રી અખેરાજજી ઉર્ફે અખુભા તથા નાનભાએ મહારાજશ્રીના દર્શનનો લાભ લીધો હતો. તે સિવાય બોઈકાના દરબારો ભાઈરાજ મેઘાભાઇ કે જેઓ લીમ્બડી સ્ટેટના ચીફ રેંવન્યુ અધિકારી છે તે તથા ભાઇ-રાજ ભીમજીભાઇ તથા જામભા વગેરે દરબારો પણ સત્સંગનો લાભ લેવા ચુકયા નહોતા. ગેડીના ભાવિક દરબારોએ મહારાજશ્રીના ઉપદેશથી મહાવીર જયન્તી માટે હુકમ કરી તે તારીખ કાયમ પળાવવા માટેનો ઠરાવ બહાર પાડયો હતો. ખરેખર, તેમનાં આવાં શુભ કાર્ય માટે જૈન કોમે મગરૂર થવું જોઇએ છીએ. તલસાણાના કુમારશ્રી નટવરસિંહજી તથા દરબારશ્રી માલુભા વગેરેએ સત્સંગનો લાભ લેવા પહેલ કરી હતી. વણાના દરબારો રાણાશ્રી જામસિંહજી તથા ફલુભા, કુમારશ્રી ગોવિન્દસિંહજી તથા કુમારશ્રી દીલાવરસિંહજી તથા કુમારશ્રી જુવાનસિંહજી તથા અમરસિંહજી તથા વિઠુભા તથા બીમુભા વગેરે દરબારો અવારનવાર મહારાજના સત્સંગનો લાભ લેતા થવાથી, મહાવીર જયન્તી પળાવવા જનરલ હુકમ બહાર પાડી પહેલોજ દાખલો બેસાડયો. આ તેમના અત્યુત્તમ કાર્યથી અલબત ખુશ થવા જેવું છે. તે વખતે મેત્રાલથી આવેલા મેત્રાલના ના. ઠાકોર સાહેબ રણજીતસિંહજી સાહેબ પણ પધાર્યા હતા. તેઓશ્રીએ આગ્રહથી મહારાજશ્રીને રોકયા હતા. પોતે આવવા માટેનો વખત પત્રથી વિદિત કર્યો હતો.

રાજપર પધારવું થતાં, ત્યાંના નામદાર દરબારશ્રી મનુભા સાહેબે પોતાની કચેરીમાં પધારવા આમંત્રણ કરવાથી, તે મહારાજશ્રીએ સ્વીકારી તેમને યોગ્ય બોધ આપતાં નામદાર દરબારશ્રીએ મહાવીર જયન્તી પળાવવા ખુશીની સાથે હુકમ કરી ફરમાવ્યું કે તે દિવસે

જૈન તેમજ જૈનતરોએ પોતપોતાના સઘળા ધંધા બંધ રાખવા એવું પવિત્ર ફરમાન કરવામાં આવ્યું. અંકેવાળીઆના દરબારશ્રી બાપુ ઉમેદસિંહજી તથા કુમારશ્રી ચંદ્રસિંહજી તથા કુમારશ્રી મનુભા તથા રાણાશ્રી પૃથ્વીરાજ વગેરે દરબારોએ મહારાજશ્રીનાં પવિત્ર વચનામૃતોનું પાન કરી મહારાજશ્રીની ઇચ્છાનુસાર ભાવિક દરબાર સાહેબોએ હસ્તા મુખે મહાવીર જયન્તી માટેનો ઠરાવ પસાર કર્યો હતો. તે ઉપરાંત દરબારશ્રી ઉમેદસિંહજી બાપુએ પોતાને મળેલા અપૂર્વ સત્સંગના લાભની યાદી જાળવી રાખવા અથવા જ્ઞાનદાનના અમૂલ્ય લાભની ખાતર સામયિક વ્રતની ૧૦૦૦ ચોપડી છપાવી પ્રસિદ્ધ કરી જૈનોને મુફત વહેંચી હતી. જૈનેતર હોવા છતાં, જૈનના પુસ્તકોનો મુફત ફેલાવો કરવાની ઉદારતા બતાવવાનો આ પહેલોજ દાખલો છે અને તે તેમનું સમદર્શીપણું બતાવી આપે છે.

લાલીઆદ પધારવું થતાં, ત્યાંના ભાગદાર અને એજન્સીના થાણદાર સાહેબ રાણાશ્રી વખતસિંહજી તથા કુમારશ્રી કેસરીસિંહજી તથા કુમારશ્રી લાખુભા તથા કુમારશ્રી ભોજરાજજી તથા કુમારશ્રી બાબભા તથા કુમારશ્રી વજુભા તથા કુમારશ્રી ગગુભા વગેરે આવ્યા હતા અને મહારાજશ્રી ત્યાંથી ચૂડા પધારતાં ભાવિક દરબારો ત્યાંથી ચૂડા પણ પધાર્યા હતા.

જીવહિંસા બંધ કરવી વગેરેને લગતા ઠરાવો.

સંવત ૧૯૬૭માં જેતપુર (કાઠી રાજ્યમાં) ચાતુર્માસ થતાં, ત્યાંના નામદાર દરબાર સાહેબ જસાવાળા તથા નામદાર દરબાર સાહેબ રાણીંગવાળા તથા નામદાર દરબાર સાહેબ કાથડવાળા તથા નામદાર દરબાર સાહેબ ભીમાવાળા તથા નામદાર દરબાર સાહેબ પુંજાવાળા તથા નામદાર દરબાર સાહેબ એભલવાળા

વગેરે દરબારો જૈન ઉપાશ્રયમાં પહેલવહેલા પધારી, વ્યાખ્યાનનો લાભ લેતાં, એક વખત નહિ પણ ચાતુર્માસના વિશાળ સમય દર્મ્યાન નિરન્તર પધારવાથી, આલ્હાદકારક દેખાવ થઇ રહ્યો હતો. છેવટે ચાતુર્માસ વ્યતીત થયે, કારતક સુદ ૧૫ ના રોજ નામદાર દરબારશ્રી રાણીંગવાળા તથા કાથડવાળા બન્ને દરબારોએ વ્યાખ્યાનમાં ઉભા થઇ જીંદગી પર્યન્ત શિકાર નહિ કરવા પ્રતિજ્ઞા કરી હતી, એટલુંજ નહિ પણ તેની ખુશાલીમાં પોતાના તરફથી સાકરની લ્હાણી કરી હતી. આવા અત્યુત્તમ પગલાથી લોકોમાં આનંદની લાગણી પ્રકટી નીકળી હતી, અને જૈનો તરફથી તો ઉક્ત દરબારશ્રીને જેતપુરના પ્રતિષ્ઠિત જૈન આગેવાન ગૃહસ્થ રા. રા. માનસંગભાઇ નરભેરામભાઇના હસ્તે, બીજા દરબારો તથા અમલદારો તથા રાજકોટ (કાઠિયાવાડ)ના ઍજ્યુકેશન ઇન્સ્પેકટર સાહેબ વગેરે સદ્ગૃહસ્થોના ભવ્ય મેળાવડા સમક્ષ સોનેરી અક્ષરોથી છપાયેલું માનપત્ર રૂપાના કાસ્કેટ (દાબડા)માં મુકી એનાયત કરવામાં આવ્યું હતું, જેનો દરબારશ્રી તરફથી તેમના કામદારે યોગ્ય શબ્દોમાં ઉત્તર આપ્યો હતો. આવા પ્રભાવશાળી કાર્યથી લોકોમાં આનંદ આનંદ થઇ ગયો હતો, સમગ્ર પ્રજા માનની નજરે જોવા લાગી અને ખુબ જાહોજલાલી થઇ રહી. વાંચકવર્ગને વાંચવા માટે માનપત્રની આ નકલ નીચે આપવામાં આવી છે.

જયવીર.

માનપત્ર.

નેક નામદાર દરબારશ્રી વાળા રાણીંગ ગોદડ તથા વાળા કાથડ ગોદડ—આપ બન્ને રાજવંશીઓને અમો સર્વે સ્થાનકવાસી જૈન કોમ ઘણાજ સન્તોષાનંદ સાથે આપ બન્ને નરવીરોને માનપત્ર એનાયત

કરીએ છીએ કે આપે અવારનવાર લીંબડી સમ્પ્રદાયના પંડિત શ્રી સ્વામીજી લવજી સ્વામી તથા × × × સ્વામીના ચાતુર્માસ દર્મ્યાન વખતો વખત તેઓ મહાત્માના સત્સંગનો લાભ લેવા આગ્રહ બતાવવા ઉપરાંત પવિત્ર વચનામૃતોનું શ્રવણ કરી જીંદગી પર્યંત જીવ-હિંસા (શિકાર) નહિ કરવા જે ઉદાર પગલું ભર્યું છે તે ખાતે આપને સતત અભિનંદન ઘટે છે. આપ જેવા રાજવંશોનું અનુકરણ ઇતર રાજવંશીઓ કરવા ઉત્સુક બનશે. વેદવાક્ય (અહિંસા પરમો ધર્મઃ) એ સારભૂત સૂત્રને દરેક રાજવંશીઓ અમલમાં મુકશે એવી આશા છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ પ્રાપ્ત કરવાના છે, તેમાં પહેલો ધર્મ છે, કારણકે ધર્મ પ્રાપ્ત કર્યા પછી સાંસારિક વ્યાવહારિક મનોવૃત્તિઓ યોગ્ય રસ્તે દોરવી શકાય છે. શાસ્ત્ર-કારોએ જુગાર, માંસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, તસ્કરી, અને પરદારાગમન એ સપ્ત વ્યસનોથી આપણી ભારતભૂમિની અધોગતિ થતી બતાવી છે. ધુતથી નળરાજા તથા પાણ્ડવો, માંસથી શ્રેણિક રાજા, મદિરાથી યાદવો પ્રભાસ જઇ પરસ્પર નિકંદન થયા. પરસ્ત્રીથી રાવણ પતિત થયો. શિકારથી રઘુવીર (રામચંદ્રજી) વ્યથાને પામ્યા, વગેરે દુર્વ્યસનોથી આપણા ભારત પૂર્વજોની અવનતિ થઇ. તો આપે એનો બહિષ્કાર કરી અવાચક નિર્દોષ પ્રાણિઓને અભયદાન આપી હજારો બલકે લાખો જીવોનો આશીર્વાદ મેળવ્યો છે તે ખાતે ખરેખર ધન્યવાદ ઘટે છે. ॐ शान्तिः शान्तिः शान्तिः

જેતપુર.
તા. ૬-૧૧-૧૯૧૧. } દા. સ્થાનકવાસી જૈન સંઘ.

ત્યાંથી બીજે દિવસે નવાગઢ પધારતાં, ત્યાં પણ નામદાર દરબાર સાહેબ રાણીંગવાળા તથા કાથડવાળા તથા નાજાવાળા સ્ટેટના મેને-

જર અને સાયલાના કુમારશ્રી વજુભા, ના. કુમારશ્રી ફતેહસિંહજી વગેરે ત્યાં વખતસર આવી પહોંચતા હતા. તેઓનો, શાહ હરખચંદ દેવજી તરફથી, યોગ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. મહારાજશ્રીના દર્શનનો લાભ લઇ, આનંદ પ્રદર્શિત કરી, મહારાજશ્રીને બીજી વખત પોતાના ગામમાં પધારેલા જોવાની ઇચ્છા બતાવી, પાછા ફર્યા હતા. મહારાજશ્રી ત્યાંથી ધોરાજી પધારતાં જમનાવડ ગામના દરબારશ્રીના કુમાર લખુભા મહારાજશ્રીનાં વ્યાખ્યાનનો લાભ લેવા ઉપરાન્ત અવારનવાર દર્શનાર્થે આવતા હતા. બીજી વખત મહારાજશ્રી જેતપુર પધારતાં ચૈત્ર સુદ ૧૩ ના રોજ મહાવીર જયન્તીનો દિવસ જાહેર પળાવી, વ્યાખ્યાનો દ્વારા, ચાલુ દુષ્કાળના ભયંકર દુઃખમાં સપડાયેલાં નિરાધાર પ્રણિઓનું યથાશક્તિ સંરક્ષણ કરવું તે દરેક મનુષ્યનું આવશ્યક કર્તવ્ય છે એવો સચોટ બોધ આપ્યો હતો, તથા એવું જણાવ્યું હતું કે આજનો પવિત્ર દિવસ–મહાવીર પ્રભુજીનો જન્મ દિવસ હોવાથી સૌને દરેક રીતે આનંદ હોવો જોઇએ અને તેથી દરેકને આનંદિત કરવા એજ આજરોજ સર્વથા યોગ્ય કાર્ય ગણી શકાય. આ ઉપદેશથી લોકો ઘણા ઉલટમાં આવી ગયા અને ગરીબોને અનાજ વહેંચ્યું, જનાવરોને ઘાસ નાંખવા માટે રૂ. ૨૦૦) અંકે બસોનો ખરડો તેજ વખતે કરી ગરીબ નિરાશ્રિતોને ખીચડી તથા દુષ્કાળના વખતમાં મુંગા અવાચક પ્રાણીઓને ઘાસ નંખાવ્યું. આ ઉપરાંત ઉદાર દીલના અને જીવદયાના સિદ્ધાન્તને મક્કમપણે વળગી રહેનાર વીરપુત્રોએ તુરતજ એક મોટો ફાળો કર્યો, જેમાં રૂ. ૮૦૦) આઠસો ભરાયા. તેમાંથી ખીચડું બનાવી ગરીબોને આપવાનું શરૂ કર્યું. આ વાતની નામદાર દરબાર સાહેબ મુળુવાળાને ખબર પડતાં, તેઓએ તુરતજ મહાજનને બોલાવી, તેમને તેમનું ખીચડું આપવાનું બંધ

કરવાની સૂચના કરી. વર્ષાદ આવતાં સુધી પોતાના તરફથી હવે ખીચડું આપવામાં આવશે એમ જાહેર કર્યું, જેથી પ્રજામાં અત્યાનંદ પ્રકટી નીકળ્યો. લોકોમાં તેમની ઉદારતાની પ્રશંસા થવા માંડી. તેમણે અઢી ત્રણ માસ સુધી, દરરોજનું વીશ ખાંડી જેટલું ખીચડું ગરીબોને વહેંચ્યું, અને જ્યારે પુષ્કળ વર્ષાદ થયો ત્યારેજ બંધ કર્યું.

આખા કાઠિયાવાડમાંના પહેલા વર્ગનાં રાજ્યોએ પણ જે કાર્ય નહિ કર્યું હોય તેવું ઉદારતાનું કાર્ય તેઓ દરબારશ્રીએ કર્યું, અને તે દ્વારા લક્ષ્મીનો સદુપયોગ કરી, તે સાથે રાજવૈભવનો પણ સદ્‌વ્યય કરી અમર નામ રાખવા ઉપરાન્ત અપૂર્વ પુણ્યોપાર્જન કર્યું. વાચક વર્ગને જણાશે કે જૈનધર્માચાર્યો મનુષ્યોમાં દયાનો ભાવ ઉત્પન્ન કરવા માટે કેવો આગળ પડતો ભાગ લે છે. વળી આટલા ઉપરથી જ નહિ પરન્તુ તે સંબંધમાં ગુજરાતી પત્રે પણ જે નોંધ લીધી છે અને જે આ નીચે આપવામાં આવી છે તે ઉપરથી પણ સર્વે કોઈ જોઇ શકશે.

મુંબાઇ **'ગુજરાતી'** તા. ૨૬-૫-૧૨.

"**જેતપુરમાં અન્નશાળા**—જેતપુર કાઠીરાજથી એક લખનાર ખબર આપે છે જે હાલમાં ત્યાં પધારેલા લીમ્બડી સમ્પ્રદાયના મહારાજશ્રી લવજી સ્વામીના ઉપદેશથી લોકોએ ઉલટમાં આવી જઇ એક ફંડ ભેગું કર્યું છે, જેમાં રૂપિયા ૨૦૦) ભરાયા છે, અને તેમાંથી જનાવરોને માટે ઘાસ તથા માણસોને માટે અનાજ ખરીદી તેમને આપવામાં આવ્યું છે. તે ઉપરાન્ત ગૃહસ્થ લોકોએ ગરીબોને ખીચડું આપવા માંડયું હતું તે ખબર દરબારશ્રી મુળુવાળાને પડતાં તેઓએ પોતેજ એક અન્નશાળા ઉઘાડી ચોમાસા સુધી લોકોને ખીચડું આપવા માંડયું છે, જેનો હજારો ગરીબ લોકો લાભ લે છે."

દરબારોએ જુદી જુદી વખતે રાજપ્રકરણીય અનિવાર્ય કાર્યોને લઇ હાજરી નહિ આપી શકવાના સબબથી નીચે મુજબના પત્રદ્વારા પોતાનો હેતુ વિદિત કર્યો હતો.

પત્ર.

જેતપુર તા. ૧૬-૧-૧૧

મહારાજશ્રી, આપના પાસે આવવા જે મેં કહેવરાવ્યું હતું પણ દીલગીર છું કે આજે મારે ઑફીસનું ઘણું કામ હોવાથી આવી શકાશે નહિ. તો માફ કરશોજી.

લી૦ આપનો આજ્ઞાંકિત સેવક

જશા રૂખડના પગેલાગણ.

પત્ર.

સ્વામીજી, આપના વ્યાખ્યાનનો લાભ લેવા વિગત જાણી અને આજે હું આપની પાસે આવીશ.

દા. **ભીમાવાળા.**

જુનાગઢના વજીર અને મુસલમાન અમીરો.

ત્યાર પછી સં. ૧૯૬૯નું ચાતુર્માસ જુનાગઢમાં થતાં, ત્યાંના માન્યવર બાબી સાહેબો તથા માન્યવર અમીરો કે જેઓ મુસલમાન ધર્મના અનુયાયીઓ છે તેઓએ પણ જૈન સ્થાનકમાં પધારી, જૈન મહાત્માના સત્સંગનો લાભ લેવા તેમજ તેમનાં વ્યાખ્યાનો શ્રવણ કરવા પહેલ કરી. આવકારદાયક દાખલો બેસાડી, અન્ય વ્યક્તિઓને અનુકરણીય પગલું ભર્યું હતું અને તે બાબતમાં આપણે પણ ખરેખર મગરૂર થવા જેવું છે.

ત્યાંના બાબી સાહેબ સરદાર મહમદખાનજી તથા માન્યવર અમીર નસીરૂલ હક પ્યારેમીયાં ઉર્ફે બડાબાપુ તથા ફૈજદીન મીયાં, મકબુલમીયાં તથા મર્હુમ નવાબ સાહેબના મામાના દીકરા હુસેનખાં શેરખાં તથા હાલના સગીર નવાબસાહેબના મામા અબદરહીમખાં તથા નવાબ સાહેબના ખજાનચી સીધી નથુભાઇ નાયબ અબદરહીમખાં બીલનખાં ઉર્ફે કાળુભાઇ તથા કાસમમીયાં તથા જહાંગીરખાં તથા ઉમ્મરદરાજખાં તાલાલી દરબાર વગેરે અવારનવાર ઉપાશ્રયમાં હાજરી આપતા. તથા તે ઉપરાન્ત તેમના તરફથી આવેલી તેમના હૃદયમાં ઉઠતી સન્તોષની ઉર્મિઓથી છવાએલ વફાદાર પત્રિકાઓ, તેમનો હર્ષોત્સાહ વિદિત કરે છે તેની નોંધ આ નીચે લેવામાં આવે છે.

જુનાગઢ તા. ૧-૯-૧૨.

મહારાજશ્રી,

સલામ સાથે લખવાનું કે મુને ફુરસદ મળશે એટલે દર્શનનો તથા સત્સંગનો લાભ લઇશ. એજ.

દા. **મહમદ અમીખાનજી બાબી,**
બાંટવા ભાગદાર.

જુનાગઢ તા. ૭-૧૦-૧૨.

મહાત્માશ્રી લવજી સ્વામી તથા મહારાજશ્રી* * *ની પવિત્ર સેવામાં,

લી. બડા સાહેબ ખલયસાહમીંયાના જાદે ખેરીયત. લખવાનું કે આપ જેવા વિદ્વાન તથા મહાત્માશ્રીનો બોધ શ્રવણ કરી હૃદયમાં આનંદ ઉત્પન્ન થાય છે. હાલમાં આપની પાસે આવી શકયો નથી, પરન્તુ અનુકૂળતાએ આવી જવા લક્ષમાં રાખીશ.

દા. **કામદાર.** * * *
(સહી)

તે સિવાય ચાતુર્માસ પૂર્ણ થતાં, વિહાર કરવાના આગલેજ દહાડે, જુનાગઢના નામદાર વજીર સાહેબ બહાઉદ્દીનભાઇ સી. આઇ. ઇ. કે જેઓનું નામ આખા હિન્દમાં મશહુર છે તે નામદાર પણ મહાત્માશ્રીનો ઉપદેશ સાંભળી અત્યંત ખુશ થયા. તે ઉપરાંત મહાત્માશ્રી આવતી કાલેજ વિહાર કરી બીજે પધારવાના છે એવા સમાચારથી તે નામદાર વાકેફ થતાંજ, સત્સંગનો અમૂલ્ય લાભ લેવાની મળેલી છેલ્લી તક વારંવાર યાદ આવતાં, તે નામદારે મહાત્માશ્રીને જુનાગઢમાં વધુ સમય રોકાવા તથા બીજું ચાતુર્માસ જુનાગઢ ખાતે ગાળવાની અરજ કરી હતી. પરંતુ જૈન ધર્મના કાનુનોને અનુસરીને એક સ્થળે વધારે વખત રોકાઇ શકાય તેમ નહિ હોવાના સબબ વિષે તથા ધર્મ એ શું ચીજ છે અને આ અટવીરૂપ સંસારમાં શું શું ધમાલો મચી રહી છે અને પરભવના લાભ માટે શું શું તૈયારીઓ કરવી જોઇએ વગેરે વિષયો ઉપર મહાત્માશ્રીએ તે નામદારના બંગલામાં શ્રોતાઓ સમક્ષ એવું તો સરસ, બોધદાયક અને રસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું કે શ્રોતાઓનું હૃદય તો એજ બાબતમાં લીન થઇ ગયું હતું. સાંસારિક રાબેતા મુજબ નામદાર વજીર સાહેબને મહાત્માશ્રીનો થયેલો સત્સંગ કાયમ રહે અને વળી તે નામદારને વારંવાર યાદ આવે એટલા માટે કાંઇ પણ ભેટ યાદગીરી તરીકે આપવા માટે સમીપવર્તી માણસો સાથે તે નામદારે સંતલસ કરવાની શરૂઆત કરવા માંડી. તે પહેલાં તેજ મહાત્માશ્રીએ, જૈન સાધુઓને બુટાવાળાં કપડાં તથા ધાતુની કોઇ પણ ચીજ ખપે નહિ એટલુંજ નહિ પણ તેઓએ કોઇ પણ ચીજની લાલસા પણ રાખવી ન જોઇએ, એ વિષય ઉપર વિવેચન કરી, જૈન ધર્મની ગુપ્ત ગુપ્ત ખૂબીઓ એવી તો ઢબમાં બતાવી આપી કે ઉપદેશની પૂર્ણાહુતિ થતાં પહેલાંજ નામદાર વજીર

સાહેબે એકજ સવાલમાં જૈન ધર્મની અત્યુત્તમતા તથા જૈન સાધુઓની નિર્લોભતા વર્ણવી બતાવી હતી. યૂરોપીઅન વિદ્વાનો તેમજ આ દેશના પારસી મહાશયો પણ આ મહાપુરૂષના સમાગમમાં આવવાથી તેઓ પણ આલ્હાદ (આનંદ)ને પામ્યા હતા. વઢવાણ કૅમ્પની ગરાસીઆ કૉલેજના પ્રિન્સિપાલ મહેરબાન મી. સ્ટીપ સાહેબ કે જેઓ જાતે યૂરોપીઅન છે છતાં પણ આ મહાપુરૂષની સત્સંગતિની અભિલાષા રાખતા હતા, તેઓએ પણ પોતે એક વખત 'આવવા ઉમેદ ધરાવું છું,' એવા ખબર સ્વાર સાથે મોકલાવ્યા હતા અને તેઓએ મહારાજશ્રીને કૉલેજમાં પધારવા માટે વારંવાર પોતાની ઇચ્છા પ્રદર્શિત કરવાથી, તેમની મનોકામના પૂર્ણ કરવાને મહારાજશ્રી સાથે યોગ્ય ચર્ચા કરી, મહારાજશ્રીનો ઉપદેશ સાંભળવાને કુમારોને તથા તેમને યોગ્ય શિક્ષણ આપવાને મહારાજશ્રીને છૂટ આપી હતી. પ્રિન્સિપાલ સાહેબ ઘણાજ નમ્ર ભાવથી ટોપી ઉતારી નમન કરી યોગ્ય વિવેક સાચવવા ચુકતા નહિ. તે સિવાય મી. એચ. એચ. સાહેબે એક પુસ્તક મોકલી તે સ્વીકારવાને તેની સાથે નીચે મુજબ લખી મોકલ્યું હતુંઃ—

Wadhwan Camp.

With the best compliments I have sent this book as a present to the Jain Sadhu Shri Jethmaljee Swami which I hope will be accepted by him.

W. by H. H. R.

તે સિવાય બીજા કેટલાક પારસીઓ પણ સારૂં વલણ ધરાવતા થયા છે, જેમાંના પોસ્ટલ ઇન્સ્પેક્ટરોમાં મી. ધનજીશા ફરામજી કામદીન સુરતવાળા મુખ્ય છે. તેઓએ પણ ઘણાજ આનંદિત થઇ સત્સંગનો લાભ બીજી વખત મેળવવા પત્રદ્વારા પોતાની ઇચ્છા જણાવી હતી.

થાણા દેવળી (જેતપુર) ખાતે પધારવું થતાં, કુમારશ્રી અમરાવાળાએ એક દિવસ મહારાજશ્રીને નહિ મળી શકવાથી, બીજા દિવસ માટે રોકાવા ખાસ આગ્રહ કર્યો હતો અને સત્સંગ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી, પત્રથી નહિ મળી શકવા માટે દીલગીરી દર્શાવી હતી.

પત્ર.

થાણા દેવળી.

સ્વામીજી શ્રી લવજી સ્વામી,

મારે તમને મળવું હતું પણ કામપ્રસંગે મળી શક્યો નથી. તો બીજી વાર મળી લાભ લઇશ.

અમરાવાળા.

જેતપુરથી નામદાર દરબાર સાહેબ ઉનડવાળાએ પોતાના ગામ ચૂડામાં મહારાજશ્રીને પધારવા અત્યાગ્રહ કરવાથી, ત્યાં પધારવું થતાં, પાછળથી નામદાર દરબારશ્રી તેજ દિવસે પોતાના ન્યાયાધીશ દોસી હરજીવનભાઇ વગેરે અમાત્ય મંડળ સહિત આવી પહોંચ્યા હતા અને તુરતજ ઉપાશ્રયમાં પધાર્યા હતા. મહારાજશ્રીને ખાસ પાંચ દિવસ રોકી, રાબેતા મુજબ દરબારશ્રીના આમંત્રણથી દરબારી ઉતારામાં જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. સદરહુ ગામમાં જૈનોના પર્યુષણના તહેવારો નહિ પળાતા હોવાથી તે પાળવા તથા મહાવીર જયન્તીનો તહેવાર જાહેર રીતે પાળવા તથા કોર્ટ બંધ રાખવા, તેમજ જીંદગી પર્યંત જીવહિંસા નહિ કરવા તથા તેનો આદેશ પણ નહિ આપવાની મતલબનો એક સરકયુલર મહારાજશ્રીના ઉપદેશથી દરબારશ્રીએ બહાર પાડયો હતો અને તેથી તેમની હિંદુ તથા મુસલમાન વગેરે પ્રજાઓ તરફથી તેમને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. દરબારશ્રીએ ચુડાની જૈન સમુદાય સમક્ષ નીચેનો ઠરાવ પસાર કર્યો હતો.

અમારો મુકામ ચૂડામાં નામદાર સોરઠ પ્રાન્તના પોલીટીકલ એજન્ટ સાહેબના પધારવાના પ્રસંગે થતાં; તે અવસરે અહીં શ્રી લીમ્બડી સંઘાડાના મહારાજશ્રીજી લવજી સ્વામી તથા મહારાજશ્રી*** સ્વામી પધારતાં તેમના, પ્રીતિપૂર્ણ આત ઉમદા ધર્મોપદેશના અમૃત-ધારારૂપ બોધથી અમારા અને ચૂડાની રૈયતના દીલને ધર્મ પ્રત્યે અસર થતાં, ઉત્તમ લાગણીથી અમોએ મહારાજશ્રી સમક્ષ કોઇ પણ પ્રાણીના પ્રાણઘાત કે હત્યા નહિ કરવાનો કે કરાવવાનો હુકમ કરવાની પ્રતિજ્ઞા કરીએ છીએ, તેમજ ચોવીશમા તીર્થંકર મહાવીર સ્વામીની જન્મ તિથિ ચૈત્ર સુદ ૧૩ ના દિવસે આખા ગામમાં અગતો પળાવવા માટે ખેડૂત વેપારી વગેરે લોકોને ફરમાશ કરવામાં આવશે. આ ગામમાં શ્રાવકોના પર્યુષણમાં હમેશાં પાપકર્મ બંધ કરાવવામાં આવે છે, તે ગઇ સાલમાં લોકોના દીલની ભિન્નતાને લીધે ઘાંચી વગેરે લોકોએ પર્યુષણ પાળેલાં નહિ. એ વર્તણુક વસ્તીની એકત્ર લાગણી વિરૂદ્ધની ગણાઈ તે માટે પણ અમારો વિચાર જેમ પ્રથમથી પર્યુષણ પળાતાં, તેમ ઘાંચી, સોની, લુહાર, સુથાર વગેરે વસવાયાંએ પાળી આપવા એ અમારો આદેશ છે અને મહાજને પણ પર્યુષણમાં સંવ-ત્સરી થાય ત્યારે તેઓનાં કુટુમ્બોને જમાડતા, તેમ તેમનું કહેવું છે તો તે પ્રમાણે તેમની કદર કરવા અમારી સલાહ છે. તો તેમના માટે કદર કરવામાં પછાત રહેવું ન જોઇએ.

આવાં કામોમાં રાજકર્તા તરીકે અમારે આગેવાની કરવી જોઇએ, તે અનુસાર જે કાંઇ કર્યું છે તે વિશેષ નથી પણ તેને માટે બન્ને પાટીના તરફથી અમને માનપત્ર આપેલ છે તે માટે તેમની દીલસોજી તથા લાગણી માટે અમને ઘણું માન છે અને અમે ઇચ્છીએ છીએ કે હમેશાં રાજા પ્રજા વચ્ચેનો ફરજ પરમકૃપાળુ પરમેશ્વર કાયમ રાખે.

તા. ૨૧ જાન્યુઆરી ૧૯૧૩ } વાળા ઉનડ ગોદડની સહી.
મુ. ચૂડા. }

દરબારશ્રીના આવા સ્તુતિપાત્ર કર્તવ્યથી પ્રજામાં ઉમંગ અને ઉત્સાહ ઉભરી આવતાં, પ્રજા તરફથી તે નામદારને એક માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું, જે નીચે મુજબ છે.

જયજિનેન્દ્ર.

માનપત્ર.

નેક નામદાર દરબાર સાહેબ વાળા ઉનડ ગોદડ,

આપ નામદારને અમો આપની ચૂડાની રૈયત સમસ્ત એકઠી મળી અત્યન્ત ખુશાલી વિદિત કરીએ છીએ કે, આપ નામદારે લીમ્બડી સંપ્રદાયના પણ્ડિત શ્રી લવજી સ્વામી તથા વક્તા મુનીશ્રી** સ્વામીને વિનંતિ કરી, ચૂડા ખાતે પગલાં કરાવી ચૂડાની પ્રજાને જે આભારી કરી છે, તેમજ તેઓ મહાત્માને આપ તરફથી આપના ઉતારામાં, જાહેર ભાષણો કરાવી, જીંદગીપર્યંત હિંસા નહિ કરવા તથા બીજાઓને હિંસા કરવાનો આદેશ પણ નહિ કરવાને ઉદાર (શ્રેષ્ઠ) પગલું ભર્યું છે, એટલુંજ નહિ પરન્તુ તે ઉપરાંત મહાવીર જયન્તિ ચૈત્ર સુદ ૧૩ (મહાવીર પ્રભુનો જન્મ દિવસ) પાળવા બાબત વગેરે ધાર્મિક શુભ ઠરાવો પસાર કરી જે પ્રજાપ્યાર મેળવ્યો છે તે ખાતે ખચીત આપ નામદારની વફાદાર પ્રજા આપની આભારી થઇ છે.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

(અહીં પ્રજાની સહીઓ છે.)

પીઠડીઆ (જેતપુર તાબે) પધારવું થતાં નામદાર દરબાર સાહેબ મુળુવાળાએ વ્યાખ્યાનોનો લાભ લેવા ઉપરાંત પીઠડીઆ મુકામે ચાતુર્માસ કરવા પૂર્ણ આગ્રહ કર્યો હતો. પરન્તુ ચાતુર્માસ મુકરર થઇ ગયેલું હોવાથી, ત્યાં જવાનું મુલતવી રાખવું પડયું હતું. બે દિવસ રોકાઇ નવાગઢ પધારતાં, પાછળથી દર્શનાર્થે આવવાના ખબર તેમના તરફથી

ફરી વળ્યા હતા. તે ઉપરાંત, જેતપુરથી નામદાર દરબારશ્રી જસ્સાવાળા સાહેબ પણ આવી પહોંચ્યા હતા. એથી જૈન ધર્મની જાહોજલાલી પૂર્ણ જામી રહી હતી. નામદાર દરબારશ્રી મુળુવાળા સાહેબે કેટલાક જીવદયાને લગતા ઠરાવો માટે યોગ્ય ધ્યાન આપવા ઉપરાંત વળી પોતાના રાજ્યમાં અગીઆરસ અને અમાવાસ્યા પળાતી નહોતી તે પાળવા ઠરાવ બહાર પાડયો હતો, જેથી અવાચક અને નિર્દોષ ગરીબ પ્રાણીઓ (બળદો)ને કાંધેથી ધોંસરાની પીડા તે દિવસોએ હમેશને માટે ટળી ગઇ અને તેથી મહાન પુણ્યોપાર્જન કર્યું હતું. સદરહુ બાબતના ઠરાવનો સંદેશો બીલખા મુકામે સ્ટેટ વહીવટદારે મહારાજશ્રીને મોકલાવેલો તેની યાદી નીચે ઉતારવામાં આવી છે.

પત્ર.

પીઠડીઆ. તા. ૨૩–૨–૧૩.

શાહ × × × × × ની મારફતે.

મુ. બીલખા.

તમારે ત્યાં બિરાજતા સદ્‌ગુણાલંકૃત પરમપવિત્ર કૃપાસાગર દેવમૂર્તિ પૂજ્યપાદ સ્વામીજી શ્રી લવજી સ્વામી તથા સ્વામીજી***ને અમારા યથાઘટિત દંડવત્ કહેવા સાથે——સમઢીઆળા મુકામે આપે જીવદયા બાબત જે આજ્ઞા કરી હતી તે મુજબ આખા સ્ટેટ (રાજ્ય)ની અંદર મજકુર ઠરાવો અમલમાં મુકાવા માટે, જાહેરનામાં કાઢવામાં આવ્યાં છે, અને આપની ઇચ્છા મુજબ પાળવામાં આવે છે. આપ પીઠડીએ કયારે પધારશો તે જાણવાની જીજ્ઞાસા છે. આપના સત્સંગથી જે અલભ્ય લાભ મળ્યો છે તેને માટે હું કદી પણ વિસરવાનો નથી. દરબારશ્રી ઉનડવાળા વગેરેને જીવહિંસા નહિ કરવાની કઠિન પ્રતિજ્ઞા કરાવી તે સાંભળી બેહદ આનંદ પ્રાપ્ત થયો છે. આપ જેવા સત્પુરૂષોના અનુગ્રહથી સદ્દરસ્તો પ્રિય થઇ પડે છે. મહિ

લોહને અડકતાં લોહ ચોક્કસ કંચન બને છે તેમ આપ પારસમણીના અમૃતધારા બોધથી જીવની ખોટી મોહમય અજ્ઞાનતા ટળી શક્યા વિના રહે નહિ એ બેશક વાસ્તવિક છે. આપની કૃપાનાં કિરણો આ સેવક ઉપર પડો એવી બે હસ્ત જોડીને વિનતિ છે. એજ વિજ્ઞપ્તિ.

લી. આપનો કૃપાકાંક્ષી,
ગીડા ભોકા કાળા (તજવીજદાર).

બીલખા (જેતપુર તાબે) પધારતાં ત્યાંના નામદાર સાહેબ દરબાર-વાળા કાંથડ નાજા તથા દરબાર સાહેબ ભીમાવાળા તથા સાયલાના પ્રીન્સ (કુમાર) વજુભા સાહેબ, કાંથડવાળા સ્ટેટના દીવાન વીગેરેએ સ્વામી-જીના વ્યાખ્યાનનો લાભ લેવા ઉપરાંત કુમારશ્રી વજુભાએ કાંથડ-વાળા સ્ટેટમાં જીવહિંસા નહિ કરવા તથા અગ્યારસ અને અમાસ પાળવા માટેનો લખીત સરક્યુલર (હુકમ) કાઢ્યો હતો જેથી બીલ-ખાની તથા અન્ય પ્રજા તેમના સ્તુતિપાત્ર કાર્યોથી હર્ષાનંદ થઈ હતી તથા દરબારશ્રી ભીમાવાળાએ પણ પોતાની કચેરીમાં જાહેર વ્યાખ્યાન અપાવી જીવદયાને લગતા યોગ્ય ઠરાવો પસાર કર્યા હતા. દરબારશ્રી કાંથડવાળાએ પત્ર મારફતે સ્વામીજીના વ્યાખ્યાનનો લાભ લેવા ઇચ્છા વિદિત કરી હતી તે પત્રને તથા કુમારશ્રી વજુભાએ ધડેલ ધારાના ખબર મોકલાવેલ તે વાચક વર્ગને વધુ ઉપયોગી થઇ પડશે એમ ધારી અહીં દાખલ કરવામાં આવે છે.

પત્ર.

બીલખા તા. ૧૬-૨-૧૩ રવિવાર.

સ્વામીજી શ્રી લવજી સ્વામીની સેવામાં વિનંતિ સાથ લખવાનું કે આપના ઉપદેશ મુજબ અગ્યારસ અને અમાસના દીવસોમાં ખેડુ

લોકો બળદના કાંધે ધોંસરૂં ન મુકે એ વિગેરે જીવદયાને લગતા હુકમ આખા સ્ટેટમાં કરવામાં આવેલ છે. આપના પરમાર્થીક ઉપદેશની હમેશાં એક કરતાં વધુ સ્નેહ ઇચ્છીએ છીએ અને પરમકૃપાળુ પરમેશ્વર આપને શુભ કાર્યો કરવા વધુ શક્તિ પ્રેરે. આપનો અમૂલ્ય સત્સંગ હરદમ યાદ આવે છે.

દા. વજુભાના પ્રણામ.

પત્ર.

બીલખા તા. ૧૫-૨-૧૩ શનિવાર.

પૂજ્ય સ્વામી શ્રી લવજી સ્વામી તથા સ્વામીશ્રી***ની સેવામાં. લી. કાંથડવાળાના પ્રણામ સાથ લખવાનું કે આપ અહીં પધાર્યાના આજે ખબર જાણ્યા જેથી ઘણાજ ખુશી થયા છીએ અને આપના પવિત્ર દર્શનનો લાભ એક બે દીવસમાં લઇશ તથા આપના જાહેર વ્યાખ્યાનમાં પણ ચોકસ આવીશ.

હજુર હુકમથી.

દા. ધાધલ જીવા.

ઉપરના ઠરાવોની નોંધ 'કાઠીઆવાડ ટાઇમ્સ' વગેરે પત્રોએ લીધી હતી.

મેંદરડા (જેતપુર તાબે) પધારતાં નામદાર દરબારશ્રી માણસીઆવાળા અવારનવાર જૈન ઉપાશ્રયમાં પધારી વ્યાખ્યાનનો લાભ લેતા હતા અને ચાતુર્માસ માટે અત્યાગ્રહ કર્યો હતો તથા દરવરસે એક વખત પોતાના ગામમાં પધારવા પૂર્ણ ભાવ પ્રદર્શીત કરવા ઉપરાંત વડાલ સ્ટેશન ઉપર દરબારશ્રીએ તથા જસદણના કુમારશ્રી માણસુર ખાચરે બીજી વખત સત્સંગનો લાભ લીધો હતો અને ફરીવાર મેંદરડા પધારવા તથા ચાતુર્માસ માટે વિનંતિ સાથે હમેશાં જૈનસ્થાનકમાં આવવા કબુલાત આપી હતી.

ખડીઆ (જુનાગઢ તાબે)ના દરબારશ્રી બલોચ મહમદખાં મીયાંને સ્વામીજીના આવાગમનની ખબર થતાં તુરતજ પોતાના કચેરી મંડળ સહીત આવ્યા હતા અને પોતાના દરબારમાં પધારવા આગ્રહ કર્યો હતો. જો કે આ ગામમાં જૈનો નહિ હોવાથી તથા જૈન ત્યાગીઓના યમનિયમો નહિ જાણવાથી સંસારીક રીવાજ મુજબ પરોણાગત કરવાનો આગ્રહ કરવા ઉપરાંત પોતાના બગીચામાંથી લીલા ફ્રુટ (મેવો) મંગાવી આમંત્રણ કરતાં સ્વામીશ્રીએ ગૃહસ્થો અને ત્યાગીઓના નિયમો તેમાં વળી વિશેષ કરીને જૈન મુનિઓના આચારવિચારનું દિગ્દર્શન કરાવતાં દરબારશ્રીની જૈન ધર્મ તથા સાધુઓ તરફ બેહદ પ્રીતિ બંધાઇ હતી. આથી દરબારશ્રીની નીખાલસતા તથા સત્યની તુલના શક્તિનો અચ્છો પુરાવો મળી આવે છે. તેમની કાયમની લાગણીનો વધુ પુરાવો તેમના છેલ્લા પ્રકરણમાંનો પત્ર જણાવે છે.

સૌરાષ્ટ્ર પ્રાંતના માજી પોલીટીકલ એજંટ.

જેતપુર ખાતે પધારતાં, સૌરાષ્ટ્ર પ્રાન્તના માજી પોલીટીકલ એજંટ કે જેઓ સાહેબનો મુકામ ત્યાં હતો, તેઓ સાહેબે પણ લગભગ પોણા કલાક સુધી ધાર્મિક ચર્ચા કરી મહારાજશ્રીના સત્સંગનો અમૂલ્ય લાભ લીધો હતો તથા તે ઉપરાન્ત પાછળથી પત્રદ્વારા પોતાનો સંતોષ પ્રદર્શિત કર્યો હતો, જેની મુબારક નોંધ 'મુબાઇ સમાચાર,' 'જૈન વર્તમાનપત્ર' અને 'જૈન હિતેચ્છુ' વગેરે પત્રોએ લીધી હતી. 'મુંબાઇ સમાચાર' પત્રે લીધેલી નોંધ આ નીચે ઉતારવામાં આવે છે.

મુંબાઈ સમાચાર. મંગળવાર, તા. ૧૦ મી જુન સન ૧૯૧૧.

જેતપુર ખાતે સૌરાષ્ટ્ર પ્રાન્તના માજી પોલીટીકલ એજંટ મી. એચ. ડબલ્યુ. બર્ધન સાહેબે જૈન મુની મહારાજશ્રી લવજી સ્વામી

તથા***સ્વામી સાથે ધર્મ સંબંધી ચર્ચા કરી જૈન ધર્મ માટે સંતોષ બતાવ્યો હતો. (મુંબાઇ સમાચાર)

પત્ર.

JETPUR, Dated 7th April 1913.

Jain Missionary Lavji Swami and Shishya Jethmalji Swami came to see me and discussed religion. I had no time to continue the Debate which was very strong. *H. W. Berthon.*

પ્રકરણ ૪ થું.

કૃત કાર્યનો પુરાવો.

કેટલાક અગત્યના પત્રો.

મહાવીર સંવત ૨૪૪૦ વિક્રમ સંવત ૧૯૭૦ ના ચાતુર્માસમાં જામ કંડોરણા પધારતાં, ત્યાં અગાઉથીજ જામનગરના સ્ટેટ પોલીસની ઘોડેસ્વાર લશ્કરી ટુકડીનો મુકામ ત્યાં ખાતે, બારવટીઆને પકડવા અને પ્રજાનું સંરક્ષણ કરવાના સબબે અગાઉથીજ થયેલો હતો. મજકુર રસાલાના દફેદાર સોઢા માલુભા તથા તેમના તાબાના બીજા સ્વારો હમેશાં જૈન સ્થાનકમાં હાજર થઇ મહાત્માનાં પવિત્ર વચનામૃતો શ્રવણ કરવાનો લાભ લેતા હતા તથા તે ઉપરાન્ત ચાતુર્માસના અન્તિમ ભાગમાં તેઓએ જીંદગી પર્યન્ત દારૂ, પરમાટી, તથા પરદારાનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તેમણે જીંદગી પર્યન્ત ઉપરનાં વ્યસનોનો ત્યાગ કરવા માટે લીધેલા નિયમના સંબંધમાં નીચેની હકીકત વાચકવર્ગને વિશેષ માહિતી આપશે.

પત્ર.

જામ કંડોરણા.

આસો સુદ ૧૫ તા. ૧૨-૧૧-૧૩ બુધવાર.

સ્વામીજી શ્રી લવજી સ્વામી તથા***સ્વામીની પવિત્ર સેવામાં.

વિનંતિ સાથે લખવાનું કે આપ મહાત્માઓનું ચાતુર્માસ જામ કંડોરણા ખાતે થતાં અમારો મુકામ પણ બારવટીઆઓને પકડવાના સબબે ના. જામ સાહેબના ફરમાનથી અત્રે થતાં, ચાતુર્માસ જેવા વીશાળ સમયમાં આપના સત્સંગનો તથા પવિત્ર ઉપદેશનો અમને અમૂલ્ય લાભ મળવાથી અમે મહાભાગ્યશાળી થયા છીએ. પણ દિલગીરી કે હવે આપ અહીંથી પધારવાના હોવાથી, અમોને મળતો લાભ અટકતાં અમો ઘણાજ દિલગીર છીએ. આપના ઉપદેશથી, રજપુત, કાઠી, મુસલમાન વગેરે જીવહિંસા, દારૂ, પરમાટી વગેરે કરનારી કોમોએ પણ તેનો જીંદગી પર્યન્ત ઉપયોગ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે. તે મુજબ અમો તથા સોઢા નારૂભા, તથા રાવ હરિસિંગજી, તથા સોઢા કેસરીસિંહજી તથા વાઢેર હરભમજી તથા જાડેજા ગગુભા વગેરે ભાઇઓએ પણ આજથી જીંદગી પર્યન્ત પરમાટી તથા દારૂ તથા પરસ્ત્રીને માતા સમાન ગણીએ છીએ ને તેની પ્રતિજ્ઞા લઇએ છીએ, તે આપના પ્રતાપથી અખંડ રહેશે અને અમને મનની વધુ દૃઢતા રહેવા પરમાત્મા પાસે અરજ ગુજારીએ છીએ. આપે કયા ટાઇમે પધારવા મુકરર કરેલું છે તે સેવકને જાહેર થવું જોઇએ. એજ અરજ. નારૂભા તથા હરિસિંગ તથા કેસરીસિંહજી

તથા હરભમજી તથા ગગુભાના દંડવત્ માન્ય કરશોજી. એજ. રહેવાસી ઢંઢાના સોઢા માલુભા વીસાજીના દંડવત્ માન્ય કરશોજી.

ત્યાંથી ચાતુર્માસનો ટાઇમ પૂર્ણ થતાં, સ્વામીજીએ જનસમાજના કલ્યાણની ઇચ્છાથી અને જામનગરની પ્રજાનું હિત કરવાના ઉદ્દેશથી તથા સાતોદડના દરબારશ્રી સદાભાઇના આગ્રહથી પોતાના પવિત્ર કદમ હાલારમાં સાતોદડમાં મૂકયા. દરબારશ્રીએ પોતાના ગામ બહારના બગીચામાંના પોતાના બંગલામાં મહારાજશ્રીને બે દિવસ રોકી, જાહેર વ્યાખ્યાનો અપાવ્યાં હતાં તથા તે ઉપરાન્ત કેટલાક દરબારોએ જીંદગીપર્યન્ત જીવહિંસા તથા દારૂ, પરમાટી વગેરે વ્યસનો નહિ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. સ્વામીજીના વધુ પવિત્ર વચનામૃતોનું પાન કરવાની અભિલાષાથી ત્યાં પાછળથી કંડોરણાથી દફેદાર વગેરે ચાર સ્વારો આવી પહોંચ્યા હતા. ત્યાંથી બીજે દિવસે સ્વામીજી કાલાવડ નજીક મુળીલા પધાર્યા હતા. ત્યાં કાઠીઆવાડના આસી. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ મી. શાર્પ સાહેબ (યુરોપીઅન) નો રાજકોટથી મુકામ થયો હતો તેમણે પણ આ યોગ્ય તકનો લાભ લેઇ Jainism (જૈન ધર્મના તત્ત્વો) સંબંધી વાદવિવાદ ચલાવ્યો હતો, તથા કેટલાક ખુલાસા પાછળથી પણ પુછાવ્યા હતા. તેઓ સાહેબે પોતાને યોગ્ય સંતોષ થયેલો જાહેર કર્યો હતો. ત્યાંથી સ્વામીજી જામનગરમાં પધાર્યા હતા. ત્યાંની પ્રજાને સ્વામીજીએ એક માસ સુધી પોતાની પવિત્ર પ્રસાદીનો લાભ આપ્યો હતો. તે લાભ એકલા જૈનોએ જ નહિ પરન્તુ જૈનેતર વ્યક્તિઓએ પણ લીધો હતો. તેમાં નીચેના રાજવંશીઓ પણ હતા. નામદાર જામસાહેબના ભાઇઓ, કુમારશ્રી જુવાનસિંહજી (ભાઇસાહેબ) તથા કુમારશ્રી દીલાવરસિંહજી તથા કુમારશ્રી મનુભા સાહેબ તથા તેમના ભત્રીજા કુમારશ્રી શિવસિંહજી ગવર્મેન્ટ લેફટેનન્ટ

તથા દરબારશ્રી જોરાવરસિંહજી ભાવસિંહજી તથા દરબારશ્રી તખ્ત-સિંહજી તથા ઇમ્પીરીઅલ લૅન્સર્સના ચીફ કમાન્ડર સાહેબ સોઢા રામસિંહજી તથા નામદાર જામસાહેબના ઍડી-કૅમ્પ કુમારશ્રી રૂપ-સિંહજી તથા ફોરેસ્ટ સુપ્રીન્ટેન્ડન્ટ શિવુભા તથા મેનેજમેન્ટ ઓફીસર રાયજાદા બાલુભા તથા વરધી મેજર સાહેબ લાખાજી તથા સર ન્યાયાધીશ તથા ન્યાયાધિસ તથા જમાદાર ઇસ્માલભાઇ તથા બીજા રસાલાના સ્વારો વગેરે હતા. આથી જૈનોદય ભારે થયો હતો. તેમનામાંના કેટલાકના પત્રોને નીચે જગ્યા આપવામાં આવી છે.

પત્ર.

ધી પેલેસ (રાજમહેલ) જામનગર.

તા. ૧૫-૧૨-૧૩.

સદા કૃપાળુ મહારાજશ્રીની સેવામાં,

દ્િકર જોડી વિનતિસહ લખવાનું કે મારા કમભાગ્યને લઇને, આપ જેવા મહાત્માના અલભ્ય સત્સંગનો લાભ લઇ શક્યો નહિ. આજે મારે ચોક્કસ આવવાનું હતું. દર્મ્યાન પતીઆલાના ના. મહા-રાજાનું પધારવું થોડા દિવસમાં થવાનું હોવાથી, રાજપ્રકરણીય અનિવાર્ય કાર્ય પ્રસંગને લીધે, જીંદગીની સુવર્ણ રેખારૂપ, સુવર્ણ શબ્દો-ની પ્રશંસનીય વાક્યાવળી શ્રવણ કરવાની સોનેરી તકનો લાભ નહિ લઇ શકવાના સબબે ઘણોજ દિલગીર છું અને તેને માટે આપ મહાત્મા પાસે હું ક્ષમાની યાચના કરૂં છું તે સ્વીકારશોજી.

લી. રૂપસિંગજીના પાયવંદન.

પત્ર.

ઇમ્પીરીઅલ લૅન્સર્સના ચીફ કમાન્ડર, જામનગર.

પૂજ્યપાદ મહારાજશ્રીની સેવામાં,

હું આપના સત્સંગનો અલભ્ય લાભ અવશ્ય લેવા ઇચ્છું છું.

વિનંતિ કે પ્રકૃતિને કોઇ પુરૂષાર્થથી ફેરવી શકે? અલબત્ત પ્રકૃતિ ઉપર અમુક નવીન પ્રકારનો પટ કદાચ પુરૂષાર્થ ચઢાવી શકે, પરન્તુ જન્મથી પ્રાપ્ત થયેલી પ્રકૃતિના પરમાણુઓ સદન્તર બદલાઇ કોઇ અન્ય પ્રકારના પરમાણુઓ થતાં હોય તો તે માત્ર તદ્દન અપવાદ તુલ્ય માનું છું. બાકી વિશેષ ખુલાસો તો આપ કરો તે ખરો. શ્રીયુત્ ગુરૂજી મહારાજને વંદન.

લી. દર્શનાભિલાષી સોઢા રામસિંહજી.

પત્ર.

જામનગર તા. ૨૯-૧૨-૧૯૧૩.

સ્વામીજીની સેવામાં,

લી. જોરાવરસિંહજી, વિનતિ સાથે લખવાનું કે આપના તરફથી પુસ્તક મળ્યું. આપના સત્સંગનો લાભ લેવા માટે યોગ્ય તક લઇ આવી જવા ધારૂં છું. પુસ્તક વાંચી પાછું મોકલાવી આપીશ.

હજુર હુકમથી દા. કામદાર × × ×

પત્ર.

જામનગર તા. ૭ જાન્યુઆરી સને ૧૯૧૪.

પૂજ્યપાદ ગુરૂજીની સેવામાં,

મુ. જામનગર.

લી. બાલુભા પથુભા રાયજાદાના નમસ્કાર. + + + + + + સાથે લખવા પ્રાર્થના કે જૈનીઝમ અને સ્માર્તીઝમ એક એકથી તદ્દન ભિન્ન ભિન્ન છે. મળતાપણું જુજ આવે છે. અખીલ વિશ્વ કહો કે સમગ્ર બ્રહ્માંડ કહો તે એક પરમાત્મામાંથીજ ઉદ્ભવ્યું છે, વા ઉત્પન્ન થયું છે, અને પુનઃ લય પણ તેમાંજ થવાની માનીનતા છે. વળી આપ અમુક દ્રવ્યોને અનાદિ અને અનન્ત માનો છો, ત્યારે ઉક્ત કોઇ

પણ વસ્તુને કેવળ જડ માનતા નથી, કારણકે પરમાત્મા સૂત્રાત્મારૂપે સર્વ વસ્તુઓમાં ઓતપ્રોત રહેલા છે. દરેક વસ્તુ કે જેને વૃદ્ધિ છે, તે તો નાશ થાય છે. વગેરે ભિન્ન ભિન્નત્વ દર્શિત થાય છે. તેવીજ રીતે ખોરાકની બાબતમાં પણ ફળફુલ તથા શાકભાજી પાસો ખાદ્ય નિર્વાહ કરવો તેમાં પણ ચૈતન્ય છે (જીવો છે) તો આપણે આપણાં ક્ષુદ્ર જીવનને માટે તેનો ભક્ષ કરવો પડે છે. તદુપરાન્ત, હાલતાં, ચાલતાં, ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં, શૌચાશૌચ સમયે, જાણ્યે અજાણ્યે સંખ્યાબંધ જીવોના નાશનું નિમિત્ત મનુષ્ય થાય છે. અરે પોતાની સ્રીના સમાગમમાં આવવાથી પણ અસંખ્ય જીવો મરે છે; અને તેથીજ બ્રહ્મચર્યાશ્રમની મહત્તા જણાવેલી છે, અને તેથી દરેક જીવન પાપમય ભાસે છે. × × × × × × × આપના સાધુઓ અહિંસાનો ઉપદેશ કરવા વિચર્યા કરે છે, અને જીવન લંબાવવા કાળજી રાખે છે. હરેક કાર્યમાં હિંસા આપની દૃષ્ટિમાં જણાય છે. ત્યારે અનેચ્છાથી અને પરેચ્છાથી થએલા દોષો માત્ર થોડાજ પ્રાયશ્ચિત્તથી દૂર થાય છે અને માત્ર બુદ્ધિપૂર્વક કરેલાં પ્રાયશ્ચિત્તો માટે તીવ્ર ન્યાય મળે છે એવો સ્માર્તનો મત છે વગેરે ખુલાસો જાણવાને હું આતુરછું. તેની માટે ક્ષમા ચાહું છું. આવેલા સ્વાર સાથે યોગ્ય ખુલાસો મોકલાવશો.

લી. મે. **બાલુભા સાહેબની વતી મી. સોઢા.**

જામનગરથી સ્વામીજી જામ લાલપુર પધારતાં, ત્યાં જામનગરથી આવેલા, ઇમ્પીરીયલ લૅન્સર્સની ટુકડીના ૧૦ સ્વારો તથા દફેદાર ચાવડા રૂપસિંહજી વગેરે ગરાસીઆ ભાઇઓ સ્વામીજીના વ્યાખ્યાનોનો લાભ લેતા થયા હતા. સ્વામીજી ત્યાંથી જામ ખંભાળીઆ તરફ પધારતાં, પાછળથી દફેદાર રૂપસંગજી તથા વાઢેર હરભમજી તથા

જાડેજા બાલુભા વગેરે સ્વારો રાકુદડ મુકામે આવ્યા હતા, અને ત્યાં સ્વામીજીના સદ્બોધથી દફેદાર સોલંકી રૂપસિંગજીએ તથા જાડેજા બાલુભાએ તથા વાળા બાલુભાએ તથા રાવ ખીમાજી વગેરે ભાઇ-ઓએ જીંદગી પર્યન્ત જીવહિંસા કરવી નહિ તેમજ કરાવવી નહિ તથા દારૂ, પરમાટીનો ઉપયોગ નહિ કરવાનો તથા પરસ્ત્રીને માતા સમાન ગણવી વગેરે સુનિયમો અંગીકાર કર્યા હતા. તેમના પત્રને આગળ ઉપર દાખલ કરવામાં આવશે. ત્યાંથી જામ ખંભાળીઆ પધારતાં, ત્યાં પણ અહિંસા ધર્મની યોગ્ય અભિવૃદ્ધિ થઈ હતી. સ્વામીજીએ ત્યાંથી વિહાર કરી ભાણવડ ખાતે મુકામ કરતાં, લાલપુરથી દફેદાર રૂપસિંહજી વગેરે લૅન્સર્સ પણ ત્યાં આવી પહોંચ્યા હતા તેથી ધર્મની સારી જાહોજલાલી થઇ રહી હતી. ત્યાંથી પોરબંદર પધારવું થતાં ચીફ રેવન્યુ અધિકારી ગોંડલના કુમારશ્રી બાલસીંહજી સાહેબ તથા જેઠવા હેરસ્ટેલના મુસાહેબ જાડેજા અગરસીંહજી તથા પો. ઇ. મી. ચોધરી કે જેઓ પારસી મહાશય છે એ વીગેરે સ્વામીજીના પવીત્ર વચનામૃતનો લાભ મેળવવા ભાગ્યશાળી થયા હતા.

સ્વામીજીના પ્રયાસનું સંગીનપણું.

આવી રીતે જૈનધર્મની દાઝ હૈડે રાખી, સ્વધર્મોદયનાં સંગીન કાર્યો તરફ તેમની દિનપ્રતિદિન ઉંડી લાગણીઓ વિકાસ પામતાં, સ્વામીજીએ ઘણોજ સ્તુતિપાત્ર પ્રયાસ કર્યો છે ~~હતો~~. તે મહાત્માના મગજમાં સદ્વિચારો જ રમી રહ્યા છે ~~હતા~~. તેમાં પણ સનાતન જૈનધર્મના ઉત્કર્ષ માટે હૃદયમાં સતત રટના રહેવા ઉપરાન્ત સ્વબુદ્ધિ તથા પોતાની સઘળી જ્ઞાનશક્તિ પોતાના શિષ્ય વર્ગને તેમજ જૈનેતર સંપ્રદાયોના મુનિઓને પોતાના અંતઃકરણની લાગણીપૂર્વક જ્ઞાન આપવાના પ્રશંસનીય કાર્યમાંજ વાપરી હતી. તે

ઓશ્રીએ ઘણા ગૃહસ્થોને તેમજ ત્યાગીઓને જ્ઞાનનો રસ ચખાડયો છે. જ્ઞાનના સંબંધે તે મહાપુરૂષનું એવુંજ માનવું છે કે જ્ઞાનના તબકાથી અનભિજ્ઞ રહેલા લોકોને કદી પણ શ્રેયની શ્રેણી ઉપર લઇ જઇ શકાશે નહિ. એમ તે મહાત્માએ દરેકને ઉચ્ચ ધ્વનિથી જણાવવા ઉપરાંત મોટાં મોટાં નગરોમાંના, શાન્તિભુવન જેવા ઉપાશ્રયોમાં સેવકોના ખમા, ખમા શબ્દોની ધ્વનિના રાગમાં મગ્ન થઇ શેષકાળ-ચાતુર્માસાદિ સમય ગુજારવો તે કાંઇ મુશ્કેલ વાત નથી. પરન્તુ ઉષ્ણ ઋતુમાં ગામડામાં તપી રહેલાં છાપરાંઓમાં રહી અજ્ઞાન વર્ગને ધર્મોપદેશ કરી ખરા જ્ઞાનનો લાભ આપવો એજ મુશ્કેલીભર્યું ગણાય. તેઓ પોતે તો સુખ કે દુઃખનો કાંઇ પણ તફાવત ગણ્યા સિવાય તેમજ તેનો વિચાર પણ મનમાં નહિ લાવીને હમેશાં એકજ અડગ વૃત્તિ રાખીને રહે છે અને તે મહાત્માની એજ સાત્વિક વૃત્તિ તથા નિર્મળ બુદ્ધિમાંજ તે મહાત્માનો વિજય રહેલો છે. તેઓનું ચારિત્ર્ય જેટલું નિર્મળ છે તેટલુંજ બીજા ભાવી જીવોને સન્માર્ગે દોરનારૂં, ધર્મોદ્ધારમાં પ્રયત્નશીલ અને સનાતન જૈન ધર્મને ઉજવળ સ્વરૂપે દર્શાવનારૂં નીવડયું છે. એમની જીંદગીનો સઘળો ભાગ પાપી આત્માને પવિત્ર બનાવવામાં રોકાયેલો છે. સત્ય વાણી, સત્ય ઉપદેશ, સત્ય આજ્ઞા સાથે નિરભિમાનીપણું અને મૃદુતા એજ એમની અલૌકિક ખૂબી છે. ધનાઢયોની પરવશી કરી તેમને મીઠું બોલી તેમની ખુશામત કરવી એ વાત તો મહાત્માને સ્વપ્ને પણ આવતી નથી. અને તેથી તે મહાત્મા આજે ચારિત્ર્યના માર્ગમાં સ્થિર રહ્યા થકા શુકલપક્ષના ચંદ્રની પેઠે દિનપ્રતિદિન ચારિત્ર કળામાં વૃદ્ધિંગત થતા આજે શરદ ઋતુના ચંદ્રમાની પેઠે નિર્મળ ચારિત્ર-પ્રભાવથી પ્રકાશિત છે.

મજુરી વિના જીંદગીરૂપ બગીચામાંથી ખુશબોદાર પુષ્પો અને ફૂલની આશા રાખવી વ્યર્થ છે અને પુનઃ પ્રયત્ન કરવા જીંદગીરૂપ સાંકલ યત્નની કડીમાંથી બનેલ છે તેનું દિગ્દર્શન તથા સ્વશક્તિનું મધુર ફળ આપણને આસ્વાદન કરાવ્યું છે. આવા કાર્યો કરવાથી આપણે તેવા મહાત્માનો આભાર માનવો ઘટે છે. તેઓએ આવી રીતે ધર્મોદય કરી બતાવ્યો છે.

અલબત્ત ધર્મગુરૂઓના બોધથીજ ધર્મ ફેલાવી શકાય છે, એમ બૌદ્ધોએ પણ સિદ્ધ કરી આપ્યું છે, અને ક્રિશ્ચીયન પાદરીઓએ પણ બહુ સારી રીતે અનુકરણ કર્યું છે, અને તે એટલું બધું કે આપણે તેમના ઉપદેશકોની નકલ કરવી જોઇએ. ક્રિશ્ચીયન પાદરીઓ પોતાનો ધર્મ ફેલાવવાને જે મહેનત કરે છે, જે અભ્યાસ કરે છે, જેટલો પૈસો ખરચે છે, જે દૂર દેશાવર ખેડે છે, જેટલી જીંદગી જોખમમાં નાંખે છે, અને પ્રસંગ પ્રાપ્ત થતાં જીંદગી પણ ધર્મને માટે અર્પણ કરી દે છે, તેમ આપણે પણ કરવું જોઇએ. મહારાજા અશોક રાજાએ ધર્મ ફેલાવવા નિમિત્તે પોતાના એક કુમારને તથા એક કુંવરીને મંદિરના પુજારીઓ તરીકે સ્થાપી મીસ્રી તરીકે કાર્યોમાં જોડી સીમોન વિગેરે દૂર દેશાવરમાં મોકલી આપી ઉપદેશ કરી હજારો મનુષ્યોને બૌદ્ધ બનાવી બૌદ્ધની જાહોજલાલી ફેલાવી હતી, અને ક્રિશ્ચીયનો વિગેરેની સમાજોનું બળ કેટલું બધું વધ્યું છે? ઇગ્લાંડથી જ્યારે વેપારીઓ આપણા દેશમાં વેપાર અર્થે આવ્યા ત્યારે અંગ્રેજોની આ દેશમાં જેમ રાજ્યસત્તા નહોતી, તેમ ધર્મ સત્તા પણ નહોતી; પરંતુ ધીમે ધીમે તે કંપનીએ વિજય મેળવી ઇ૦ સ૦ ૧૮૫૮ ની સાલમાં જીતીને હિન્દને બ્રિટિશ સત્તાને હવાલે કર્યો, ત્યારથીજ રાજધર્મ તરીકે ક્રિશ્ચીયન પાદરીઓએ પગ પેસારો કર્યો છે. રાજસત્તામાં જેમ જેમ

આગળ વધ્યા તેમ તેમ ધર્મસત્તામાં પુષ્કળ વધી ગયા, અને આજે તેની મહેનત તરફ દૃષ્ટિપાત કરવાથી આપણને ચોકસ રીતે ભાન થશે કે હિંદુસ્તાનમાં સંવત ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળ વખતે ૬૦,૦૦૦ સાઠ હજાર હિંદીઓને ક્રિશ્ચીયનો બનાવ્યા હતા. તેઓ ગરીબ ને નિરાધાર માણસોને શરૂઆતમાં કેળવણી આપી તે જોડે આર્થીક મદદ પણ આપે છે, અને રાજકીય નોકરીમાં પણ તેઓને જોડે છે. દુનિયા ઉપર તેની કેટલી સંખ્યા હયાતી ભોગવે છે. ઇશાઇ ધર્મ એટલે ખ્રીસ્તી ધર્મની સંખ્યા લગભગ ૪૧ કરોડ માણસની છે, જેના મુખ્ય દેશો જેવા કે ઇટાલી, ફ્રાન્સ, બેલઝીયમ, સ્પેન, પોર્ટુગાલ, આસ્ટ્રેલીઆ, જર્મન, એશીયા, અમેરિકા, બ્રીટીશ બેટો, ઈંગ્લાંડ, સ્વીડન અને ડેન્માર્ક આદિ દેશોમાં તેઓનું ધર્મ રાજ્ય પ્રવર્ત્તી રહ્યું છે.

મુસલમાન ધર્મની સંખ્યા લગભગ ૧૭,૫૦,૦૦,૦૦૦ સતર કરોડ પચાશ લાખ માણસોની છે, તેનાં મુખ્ય દેશો હિંદ, તુર્કસ્તાન, અરબસ્તાન, આફ્રિકા આદિ છે.

હિંદુ ધર્માનુયાયીની સંખ્યા, ૨૨,૦૦,૦૦,૦૦૦ બાવીશ કરોડ માણસની છે, અને તે મુખ્યત્વે હિંદમાંજ છે.

બૌદ્ધ ધર્મની સંખ્યા ૩૨,૫૦,૦૦,૦૦૦ બત્રીશ કરોડ અને પચાસ લાખ માણસની છે, તે મુખ્યત્વે કરીને ચીન, જાપાન, બ્રહ્મ-દેશ, નેપાલ, ભુતાન અને સીલોનમાં છે.

ત્યારે જૈનોની સંખ્યા ઇ૦ સ૦ ૧૮૯૧ માં ૧૫,૦૦,૦૦૦ પંદર લાખની હતી તેમાંથી ઘટી સને ૧૯૦૧ માં ૧૩,૦૦,૦૦૦ તેર લાખ જેટલી રહી; અને તેમાંથી પણ ઘટી સને ૧૯૧૧ ની સાલમાં માત્ર ૧૨,૩૪,૦૦૦ બાર લાખ ને ચોત્રીસ હજાર માણસની અડસટવામાં આવી છે, તે પણ ત્રણ ભાગે. જેવા કે શ્વેતાંબર, દિગંબરમાં વહેં-

ચાતાં આપણી શ્વેતાંબર સ્થાનકવાસી જૈનની વસ્તી ફક્ત ૫,૦૦,૦૦૦ પાંચ લાખ માણસનીજ છે. દિલગીર કે મુસલમાન ૫ ટકા, હિંદુઓ ૭ ટકા, અને ક્રિશ્ચીયનો ૧૧ ટકા વધ્યા, ત્યારે જૈન ઉલટા ૮ ટકા લગભગ ઘટી ગયા; આવા તીક્ષ્ણ હરિફાઇવાળા જમાનામાં દરેક રીતે સર્વ વ્યક્તિનો ઉત્કૃષ્ટ માર્ગ ખીલવવા લાગ્યો, ત્યારે આપણે તદન સર્વ તરફ વસ્તુ સ્થિતિ તપાસતાં પછાત રહી ગયા, એમ થવાનું કારણ જાણવા માગતા હો તો એજ કે આપણે ઘણાજ સંકુચિત દૃષ્ટિ ધારણ કરનારા થઇ ગયા છીએ, એકંદરે આપણા પૂર્વજોના વિશાળ યંત્રને વિસારી દેવાથી માત્ર અમુકજ કર્તવ્ય પાછળ તથા અમુક અમુક ફરજોને વળગી રહી આપણા વિશાળ કર્તવ્યને અમુક હદમાં લાવી મુકવાનુંજ પરિણામ છે, તેની સાથે આપણા બંધુઓની અભ્યુદયની ઉજ્વળ ઇચ્છાને ગુમાવી બેઠા, અને ધર્મકાર્યોમાં પણ પોતાની સચાઇ અને બીજાની જુઠાઇ એમ પરસ્પર સ્પર્ધા કરવામાંજ પોતાની અમુલ્ય શક્તિનો ગેરવ્યય થતો આજકાલ અવલોકવામાં આવે છે, તેની સાથે શ્રાવકોમાં પણ એકની સ્તુતિ, અને બીજાની નિંદા એમ પોતાના વખતનો ગેરઉપયોગ કરવામાંજ પોતાની ફરજ નહિ સમજવાનુંજ આ સઘળું પરિણામ છે; એ મુજબ ઉભયની હલકી ભાવનાથીજ આપણે અધોગતિએ પહોંચેલા જોઇએ છીએ. એના માટે સર્વે કોઇ કબુલ કરશે કે ભાવના ઉપરજ કર્તવ્યનો, અને કર્તવ્ય ઉપરજ ચડતીપડતીનો મુખ્ય આધાર રહ્યો છે. એના માટે તવારીખ જોઇતું અજવાળું પાડે છે કે રજપૂત રાજ્યની જે અવનતિ થઇ છે તે ફક્ત પરસ્પરના કલહ, કુસંપ અને બેદરકારીનેજ આધારે છે. તેઓના માંહોમાંહેના લડવાથી શારીરિક, આર્થીક, અને માનસિક એમ સઘળી રીતે શક્તિ નાબુદ થવાથી તેમની આજે અધોગતિ

થયેલી અવલોકવામાં આવે છે. આપણે પણ એ મુજબ અવનતિના શીખરે લગભગ પહોંચ્યા જેવા છીએ છતાં જો હજુ પણ જાગૃત નહિ થઇએ તો ભવિષ્યમાં કેવું પરિણામ ભોગવવાનો વખત આવશે તે કહી કે કલ્પી શકાતું નથી. આ સઘળી દાઝ ધર્મગુરૂઓએ હૈડે ધરવી ઘટે છે. અને એ મુજબ ધર્મગુરૂઓનેજ જાગૃત થવાની પ્રથમ દરજ્જે આવશ્યકતા છે એમ હવે કબુલ કર્યા વિના ચાલશે નહિ. ધર્મગુરૂઓ માથે માબાપ, તથા નિશાળના મહેતાજી તથા રાજ્યસત્તાધારીઓ કરતાં વધારે જોખમદારી રહેલી છે. એ જવાબદારીનો ખ્યાલ કરી કટીબધ થઇ પોતાને શીર આવી પડેલી ફરજો બજાવ્યા વિના ચાલશે નહિ. જો એક નાવિક જાગૃત હોય છે તો જહાજના સઘળા માણસોને જાગૃત રાખે છે, એક સેનાધિપતિ જાગૃત હોય છે તો સઘળા સૈનીકોને જાગૃત કરી શકે છે. એક દેવ જાગૃત સ્થિતિમાં હોવાથી પોતાના પુજારીઓને સતેજ રાખે છે, અને એક નૃપતિ જાગૃત હોય તો આખા રાજમંડળ સાથે પ્રજાને પણ જાગૃત કરે છે. શહેર રક્ષક કોટવાળ જાગતો હોવાથી સમસ્ત શહેરીઓને સાવચેત રાખવા સાથે સંરક્ષણ કરે છે. એક ગોવાળ જાગૃત હોય છે તો બધા પશુઓને ઉન્માર્ગે જતાં અટકાવી સહીસલામત ગામમાં પહોંચાડે છે. કહેવત છે કે "ચોકીદારસીંહ જો ઉંઘતો હોય તો શું કામનો એના કરતાં જાગતો અને ભસ્તો કુતરો સોગણો કામનો કિંવા કિમતી છે." પ્રયાસ કરીને જાગૃત કરવાથી મનમાં ખંત રાખીને મચ્યા રહ્યા છે તેમણે વિશ્વને તેમના શ્રમના સુશોભીત વશીકરણ વડે વશ કરી લીધું છે.

એ ઉપનયે જો ધર્મગુરૂઓ જાગૃત થશે તોજ આખો સમાજ જાગૃત થશે. આપણા જૈન પૂર્વજો જેવા કે પુજ્ય ધર્મદાસજી તથા

ધર્મસિંહજી તથા લોંકાશાએ શ્રમરૂપ સમશેર વડે જયજયકાર કરીને કીર્તિનો મુકુટ દરેક રણસંગ્રામમાં મેળવ્યો છે. અમર અને અક્ષય કીર્તિના હંગામમાં જયઘોષ બોલાવ્યો છે. આત્મબળના પરાક્રમી દંડ ઉપર ઝીલવાથી જયઘોષનો ઉજ્વળ નાદ આપણી કર્ણેંદ્રિએ શ્રવણ કરાવી જે પડઘો પાડયો છે તે હજુ ભુસાયો નથી. સંકટ અને શ્રમ સહન કર્યા વગર ઇન્દ્ર રાજાના અશોકવનમાં જવાતુ નથી એમ દેવોએ નિર્માણ કર્યું છે. ખરા અંતઃકરણની મહેનત માણસ જાતનો મ્હોટામાં મ્હોટો ગુરૂ જાણવો એવા દુંખોત્કંઠીત આત્માઓની ઉન્નતિમાં સ્વભોગ અર્પણ કરવાથીજ મનુષ્ય સુધારાની મહાસિદ્ધિઓ અને જૈન કલ્યાણનો અદ્ભુત ચમત્કારો પ્રગટ થાય છે, કારણ કે કાબેલીઅતની ખુશબોદાર કલંગી અને આબરૂ ઇજ્જતના ઇલકાબો ઉંઘવાથી કદી મળી શકતા નથી પણ અખંડ ઉજાગરાથી, નીરંતર ચોકસાઇથી અને સતત પરિશ્રમથીજ મળી શકે છે અને મહાપુરૂષોએ રાક્ષસી વિઘ્નો સામા એવા તો શૌર્યથી કષ્ટ ભરેલો શ્રમ ઉઠાવ્યો છે—એવું યુદ્ધ મચાવ્યા કર્યું છે. તેના સુખ દુઃખ વિચિત્ર જીવન ઉપર અદ્ભુત વિલક્ષણ પ્રકાશ પડતો હોય એમ જણાય છે. સંધી સાગરના કિનારે પહોંચી વળવા અપરિમિત પરિશ્રમ ઉઠાવ્યા વિના આપણે કદી સફળતાના પરિપક્વ ફળનું આસ્વાદન કરવા શક્તિવાન થઇશું નહિ એ નિર્વિવાદ બિના છે. યથાર્થ છે કે નસીબ હમેશાં ઉદ્યોગીના પક્ષમાં ઉભું રહે છે. ઉદ્યોગથી ચળકતી કીર્તિનો કીલ્લો હસ્તગત કરનાર એક નહિ પણ અનેક વીર પુરૂષોનાં ઉદાહરણો મોજુદ છે. દરેક કર્તવ્યના પ્રદેશમાં શ્રમની સારડીએ વિંધાયા વિના કાર્ય સિદ્ધિ કદી પણ પ્રાપ્ત થતી નથી. કુદરતના અતી કિંમતી ખજાનામાં રસમય મધપુડાનું મીષ્ટ ભોજન તથા કીર્તિનાં કીરણો કદાચ દુઃખરૂપી વાદળામાંથી મોડા પ્રસરે ખરાં પણ છેવટે

ગુણુપાત્ર નરને તે પોતાના તેજસ્વી છત્ર તળે લીધા વિના રહેતાં નથી, વીચારશીલ પુરૂષોને જેમ જેમ પોતાના માથા ઉપર વિપત્તિના ઉપર ઘા પડતા જાય તેમ તેનામાં જુસ્સાની લાગણીની ગરમી વધતી જાય છે એ આદિ પ્રયત્નશીલ પુરૂષો ઉદય અને આબાદીની રંગભૂમિના સાક્ષાત્કાર દર્શન કરવા સાથે તેઓએ બધી આફતો સહન કરી પોતાનો વિજય કર્યો. ફરજ માનપાનની દરકાર કર્યા વિના તેમજ સુખદુઃખની ગણુના રહિત પોતાની ફરજો બજાવવા કમર કસી હતી અને એને પરિણુામેજ પાંચ લાખ જૈનો કરી શકયા છે, તે સઘળા જુદી જુદી જ્ઞાતિ તથા જુદા જુદા ધર્મના હતા, તે વિષે વધારે જોવા કરતાં આધુનિક આપણુા સાંસારિક વહેવાર પરથી સારી રીતે પુરવાર થાય છે. અનેક પ્રકારના દેવોની માન્યતા તથા મિથ્યાત્પર્વો તેમજ વિનાશકારી રૂઢીઓ ઘુસી ગયેલી આજે જોવામાં આવે છે, તેનુ બીજું કાંઇ પણ કારણુ નથી, માત્ર જો હોય તો એજ છે કે તેઓ પૂર્વે ઇતર ધર્મીઓ હતા, પરંતુ તે પ્રભાવશાળી મહાત્માઓએ ધીમે ધીમે મિથ્યા રૂઢીઓમાંથી અથવા અંધકારમાંથી સઘળી બદીને ઉપદેશદ્વારા ઉચ્છેદ કરી સત્યરૂપી ઉજવળ પ્રકાશનો આભાસ પાડયો છે. એવા મહાપુરૂષોના પ્રયાસથી આ સઘળા મિષ્ટ પરિણુામનું આપણે આજે ફળ ચાખીએ છીએ. તે મિષ્ટફળ જોવાને કેટલો વખત વ્યતિત કરવો પડયો હશે, તેમજ તેઓને કેટલી મુસ્કેલીઓ વેઠવી પડી હશે, તેનો આપણે ખ્યાલ કરવો જોઇએ. કારણુકે જ્યારે કોઇપણુ પ્રકારના કાર્યોનો નવીન આરંભ કરવામાં આવે છે, ત્યારે તેના પ્રવર્તક તરફ વિવિધ પ્રકારની વિપત્તિઓ આડખીલીઓ નડ્યા વિના રહેતીજ નથી. આંતરિક રીતે અવલોકન કરતાં તે બરાબર દેખાઇ આવે છે. કુદરતની એ રૂઢી ઘણીજ આવકારદાયક છે, અને એમ ન થાય તો પછી સત્યા·

સત્યની કસોટી થઇ શકેજ નહિ, અને દુનિયાની સમગ્ર વ્યક્તિ સરખી પંક્તિમાં આવી જવાથી ન્યૂનાધિક અથવા ગુરૂ લઘુપણાનો ભેદ રહી શકેજ નહિ, જેથી એવા આશયયુક્ત કુદરતના કાનુનને અનુસરી દરેક નેતાઓ દીર્ઘદૃષ્ટિ વાપરી ગંભીરતાપૂર્વક જનસમાજના સંગીન કાર્યો પ્રારંભવા અને પ્રારંભેલાં કાર્યો અથથી ઇતિ સુધી નીભાવવા કટીબંધ રહે છે તેથીજ એને ઉત્તમ કર્તવ્ય કહેવામાં આવે છે. આ દુનિયામાં બીજાનું રક્ષણ કરવા સાથે એક અગત્યનું રહી જાય છે તે એ છે કે ગરીબડી ધીરજને બરાબર રીતે ખુબ બરદાસ અને કેળવણી વડે ઉછેરવામાં આવે અને પછી એનાં જે ફળફૂલ ઉતરે તે જન્મની સ્વાભાવિક બુદ્ધિના કરતાં પણ વિલક્ષણ સ્વાદવાળાં અને સુગંધીદાર નીવડે છે. જગતની વીસાળ નિશાળમાં સંકટ અને શ્રમ એ બે બહુ આકરા ગુરૂ છે પણ તેમની પાસે ધીરજ અને ઉત્સાહ વડે ભણવાથી ઉમદા તાલીમ મળે છે.

એક વખત યુરોપમાં જ્યારે રોમન કેથોલીક લોકોએ પોતાનો મૂર્તિપુજા વિરૂદ્ધ મત ફેલાવવા લાગ્યા ત્યારે તેના તરફ અનેક વિરોધ મત પડવા લાગ્યા. આત્મા અમર છે એ પ્રમાણે માનનાર ગ્રીક તત્વજ્ઞ સોક્રેટિઝને ત્યાંના સરકારે ઝેર આપીને મારી નાખ્યો. ઇસુ ખ્રિસ્ત કે જેની નીતિ ઉચ્ચતમ હતી તેને તેના જાતિ યાહુદી ભાઇઓએ શૂળીએ ચઢાવી પ્રાણ લીધા, હજરત મહમદને આરબોની રંજાડથી મક્કેથી મદીને નાસી જવું પડયું, સત્યની ખાતર ગેલેલીઆને મારી નાંખવામાં આવ્યો હતો જોન ઓફ આર્કને જીવતી બાળી નાખવામાં આવી હતી, ઇત્યાદિક અનેક દાખલાઓ મોજુદ છે તે ઉપરાંત ધૈર્યની કસોટી ઉપર યુરોપના સોક્રેટીસ નામના વિદ્વાનનો દાખલો આપણી દૃષ્ટિ બહાર નથી. તે ઘણોજ વિદ્વાન અને ધૈર્યવાન હતો, તેની ઓરત

મહા ક્રોધી હતી. એક વખત સોક્રેટીસ પોતાના મકાન નીચે થઇ પસાર થતો હતો, તેવામાં તેની સ્ત્રીની નજર તેનાપર પડવાથી તેને તેનાપર ઘણોજ ગુસો આવ્યો અને તે ગુસાના આવેશમાં આવવાથી પ્રથમ પુષ્કળ ગાળો દીધી. આથી તેને હસવું આવ્યું તેથી ખુબ હસ્યો. પોતાના ધણીને હસતો જોઇ તેને ઘણોજ ગુસ્સો થયો. આવી રીતે ગુસ્સાનું અનુપાન મળવાથી પોતાના પતિ ઉપર એંઠવાડ જેવા ગંદાપાણીનું પાત્ર ઠલવ્યું, તોપણ તે હસ્યો અને બોલ્યો કે વાહ વાહ! કુદરતની કેવી અજાયબ ખુબી છે કે જ્યારે વરસાદ આવવાનો હોય છે, ત્યારે અગાઉથી એકદમ વાદળાઓ ગગન માર્ગે ચડી આવી ઘેરો ઘાલે છે અને પછી ખુબ ગર્જના કર્યા બાદ મેઘરાજા પોતાની મુશલધારા નિડરપણે અવનિપર છોડે છે, તેવીજ રીતે આ ઓરતને મારાપર વરસવું હતું, એથી પહેલાં તો ખુબ ગર્જના (ગાળો રૂપી બડબડાટની ગર્જના) કરી, ત્યાર પછી પાણીરૂપ મુસલધારાએ મારા શિરપર વૃષ્ટી કરી મારી ઓરત (સ્ત્રી) કેવી કાર્ય દક્ષતાવાળી છે વગેરે કહીને આનંદ પામ્યો. પણ તેને ગુસ્સો ન થયો, એ દ્રષ્ટાન્ત સારી રીતે આપણને શીખવે છે કે હમેશાં મહાત્માઓ જનસમાજના સંગીન કાર્યો કરવા તરફ પડતી હાડમારીઓને ધૈર્યતાથી સહન કરી લે છે પણ કદિ પાછો પગ ભરતા નથી એજ તેમની ખુબી છે.

મહાન તત્વવેત્તા મહાવીર પ્રભુ કથી ગયા છે કે ત્યાગીઓનો ધંધો ધુળધોયાનો છે; એટલે ધુળધોયા લોકોને જેમ ધુળનો ઢગલો સામટો ધોવો પડે તોપણ તેમાંથી સોનાની એક કણી નીકળે કે વખતે ન પણ નીકળે કે વખતે થોડું ધોતાં ઘણું પણ જડી આવે. પ્રાચીન રૂઢીને એ ઉદાહરણ મજબૂત બંધબેસ્તુ થઇ પડે તેવું છે. પણ આધુનિક શોધ ખોળની દૃષ્ટિએ એ દૃષ્ટાન્ત આપણને હલકું જણાતું હોય

તો ચાલશે આપણે મજકુર નામ બદલાવી કોહીનૂર (હીરા) ની ખાણ ખોદવાનો ધંધો એવું નામાભિધાન અર્પણ કરીશું તોપણ ચાલશે, એમાં રૂપાન્તર નહિ ગણાય. હીરાની શોધ કરનાર મોટી મોટી પત્થરની ખાણો તોડે છે પરન્તુ હીરો તો એકાદ કોઇક વખત નીકળે, વખતે ન પણ નીકળે કે પ્રસંગોપાત ખોદતાં વધારે પણ વખતે નીકળે. પરન્તુ તેથી એ બન્ને કદી પણ નીરાશ થઇ પોતાનો ધંધો છોડી દેતા નથી તેમ તેને નકામો કે નિર્માલ્ય ધંધો સમજતા નથી.

તે અનુસાર આપણે પણ માનપાનની લાલસા તેમજ સુખ-દુઃખની દરકાર કર્યા વિના પોતાની ફરજ બજાવવા તેઓનું અનુકરણ કરીશું તો આપોઆપ આપણે ઉદયના ઊંચા શિખરે પહોંચી વળીશું એ નિર્વિવાદ છે. આપણા મગજમાં જે સંસ્કારો ઘર કરી રહેલા છે. જેવાકે અન્ય મતિઓને બોધ આપવો નહિ, તેમની સાથે સમાગમ કરવો નહિ, તેમની સાથે વાર્તાલાપ કરવો નહિ, અરે છેવટે તેમને ત્યાં જવામાં પણ બાદ ગણવા જેવા મિથ્યા સંસ્કારો ઘુસી ગયા છે તે આપોઆપ નાબુદ થશે, અને તે નાબુદ થયે જૈનોદયની શુભ આશા બાંધી શકાશે. વીર પ્રભુએ જૈનોનું કેવું ઉદાર ક્ષેત્ર બતાવ્યું છે તે આચારંગજીના અધ્યયન ૪ ની ગાથા ૨૨૨ માં નીચેનાં સોનેરી વાકયો ટાંકવામાં આવ્યાં છે, તેપરથી સારી રીતે સમજાશે.

॥ गाथा ॥

ए सधम्मे, सुद्धे, णितिए, सासए, समेश्च लोयंखेयन्नेहिं पवेदिए, तंजहा, उठ्ठिएसुवा, अणुठ्ठिएसुवा, उवरये दंडेसुवा, सोवहिएसुवा, अणोवटिएसुवा, संजोगरएसुवा, असंजोगरएसुवा.

અ. ૪. ઉ. ૧. ગા. (૨૨૨.)

અર્થઃ—આવો પવિત્ર અને નિત્ય સાસ્વતો ધર્મ લોકના દુઃખને જાણનાર ભગવાને સાંભળવા તૈયાર થએલાઓને, નહિ થએલાઓને, મુનિઓને, ગૃહસ્થોને, રાગીઓને, ત્યાગીઓને, ભોગીઓને તથા યોગીઓને બતાવ્યો છે.

આ પ્રમાણેનું કથન ખુલ્લી રીતે અજવાળું પાડે છે કે જ્ઞાતપુત્ર મહાવીર પ્રભુએ કોઇ પ્રકારના સ્વાર્થ વિના તેમજ માન પાનની લાલસા વિના અને છેવટ સમાજની વરધીના નિરલોભતાથી મહેનતના પણ બદલાની આશા વિના કોઇ જાતનો કર નાંખી લોકો પાસેથી ધન મેળવી એશઆરામ કરવાથી સ્વપ્ને પણ આશા બાંધી ન હતી. માત્ર પરોપકાર નિમિતે અને જગતનો ઉદ્ધાર કરવાના ઉમદા હેતુથી મોક્ષ માર્ગ હમેશને માટે ખુલ્લો બતાવી આપ્યો છે, મોક્ષ મેળવવા માટે પંદર ભેદ ગણાવ્યા છે. જેની અંદર જૈનતીર્થી તથા અન્યતીર્થી સવલીંગે તથા અન્ય લીંગે ગૃહસ્થ તથા ત્યાગી એમ કોઇ જાતનો ભેદ રાખ્યા વિના સર્વને છુટ આપેલ છે. જ્યાં જોઇએ ત્યાં અપની અપની ગાયેલ છે, પરંતુ આ જ્ઞાતપુત્રે નિષ્પક્ષપાતે સત્યને ખુલું કર્યું છે. માત્ર ગૌણુતાપણે રાગ અને દ્વેષ એ ઉભય પ્રબળ રીપુઓનો ઉચ્છેદ હોવો જોઇએ અને એ ઉચ્છેદ થતાં અદ્વિતપણામાંજ મોક્ષ બતાવ-વામાં આવેલ છે. અને એ મુજબ પોતે સામા બચાવના પક્ષકારના વકીલ તરીકે સરખી રીતે સઘળાઓને સત્યનો પ્રકાશ કરી અશુભ માર્ગથી બચાવી અગાધ ઉપકાર કર્યો છે. અને છેવટે એ પોતાના પવિત્ર યંત્રને પોતાના પાછળના પ્રતિનિધિઓ તરીકે કામ બજાવનારા ત્યાગીઓ એટલે સાધુઓને સુપ્રદ કરતા ગયા છે. એ ફરમાન અનુસાર ત્યાગીઓએ પોતાની ફરજ બજાવવી જોઇએ અને એ ફરજ અદા કર્યા બાદ તેની જવાબદારી ત્યાગીઓ ઉપર રહેતી નથી. મહાવીર

કહે છે કે **राग द्वेषादि शत्रुन् जयतीति जीनः** । રાગદ્વેષને જીતે તેજ જૈન છે. જૈનની વ્યાખ્યા ઉપર મુજબ થાય છે. એ વાક્યજ ગુણાનુરાગીપણું તથા સમભાવ ભાવીતપણું વિહિત કરે છે. આજે તો માત્ર જન્મ થતાંજ એ પદ મેળવી લેવાનું જોવામાં આવે છે. તેમાં વળી અમુક જ્ઞાતીમાંજ રજીષ્ટર તરીકે થએલ હોય એમજ જણાય છે. તેની સાથે બીજાઓ પણ અઘાટ માંડી આપવા માફક અમુકને તે ગ્રાહ્ય છે. ખરેખર ઉભય પક્ષની તે ન સહન થઇ શકે તેવી ગંભીર ભૂલ થતી અવલોકવામાં આવે છે પરંતુ તવારીખમાં આપણે જોઇશું તો આપો આપ જણાશે કેઃ—

રજપૂત રાજાઓ પણ જૈનમતને અનુસરનારા અને માનભરી દૃષ્ટિથી જોતા હતા. થોડા વખત પહેલાં રાજકોટ મુકામે ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઇ હતી તે વખતે હિંદુસ્તાનના ગૃહસ્થો ગુજરાતી ભાષા પ્રતિ અનુરાગ રાખનાર અનેક વિદ્વાન મળ્યા હતા. એ પરિષદમાં ગુજરાતી ભાષા જૈનમાંથી ઉત્પન્ન થઇ છે, એ વિષય ઉપરના નિબંધમાં ઇતિહાસિક દૃષ્ટિએ જૈનની પ્રબળતા તથા રજપૂત રાજાઓ જૈનમતને અનુસરનારા હતા.

વિક્રમ સંવતની શરૂઆતમાં સિદ્ધસેન દિવાકર થયા છે, તેઓ સંસ્કૃત ભાષાના પ્રબળ અભ્યાસી હોઇ તેમજ તેઓના સમયથી પ્રજાનું વલણ સંસ્કૃત તરફ વળેલું જોઇ તેઓએ ૪૫ આગમો પ્રાકૃતમાંથી સંસ્કૃતમાં ફેરવવાની પોતાની ઇચ્છા પોતાના ગુરૂને જણાવતાં તેઓએ તેવી ઇચ્છા કરવા માટે તેને પ્રાયશ્ચિત (બાર વરસ તપ સહિત તીર્થયાત્રા) અને એક રાજાને પ્રતિબોધવાળું પાયશ્ચિત આપ્યું. આ વાત મેરૂતુંગા આચાર્યના સંવત ૧૩૬૦ માં લખાયેલું પ્રબંધ ચિંતામણી ગ્રંથમાં છે, અને બીજા ગ્રંથો નામે જીન પ્રભસૂ-

રિના પ્રબંધ કોશ, તથા પ્રભાવિક ચારિત્ર હેમાચાર્યનું પરિશિષ્ટ પર્વ અને હરિભદ્રસૂરિ વિરસંવત ૫૩૫ માં થયા છે તેની આવસ્યક બૃહદ્‌-વૃત્તિમાં પણ આ પ્રસંગ છે કે જેમાં તેને બાર વરસ સુધી સંઘ બહાર કર્યાનું જણાવવામાં આવ્યું છે.

પ્રાચીન શોધકોના અભિપ્રાય પ્રમાણે ચાવડાવંશના વખતમાં ગુજરાતની અંદર ચાવડાઓનું જોર જેટલું હતું, તેના કરતાં સોલંકીવંશીય રાજગાદી ઉપર આવ્યા બાદ ગુજરાતમાં ઘણું જોર સોલંકીઓ વધારી શક્યા હતા. અને સોલંકીઓના વખતમાં જૈનીઓનું ધર્મબળ ઘણું હતું, એટલુંજ નહિ પણ રાજસત્તામાં પણ તેઓનું બળ એટલું બધું હતું કે રાજાઓનો મોટો ભાગ જૈની હતો, તેઓના પ્રધાનો અને બીજા કામદારો તથા સેનાપતિઓ પણ બહુધા જૈન હતા.

ચામુંડ રાજા વીરગણી નામના જૈન આચાર્યનો ભક્ત હતો. ભોજરાજા પાસે અભયદેવ સૂરિનું ઘણું માન હતું, હેમાચાર્યજી પ્રત્યે સિદ્ધરાજનું માન હતું તે બતાવવા તેઓના લખવા માટે તેઓના લખેલ સિદ્ધહેમ વ્યાકરણને સિદ્ધરાજે હાથીની અંબાડી ઉપર ચડાવ્યું હતું તે દાખલો બસ છે. મલ્લધારી અભયદેવસૂરિ ગુજરાતનો રાજા કરણ તેઓ તરફ ઘણું માન ધરાવતો હતો. તેણે તેઓને મલ્લધારીનું બિરૂદ આપ્યું હતું. સોરાષ્ટ્રનો રાજા રાખેંગાર તેઓ પ્રત્યે બહુજ પુજ્ય બુદ્ધિ રાખતો હતો. અજમેરના રાજા જયસિંહે આ આચાર્યની માગણીથી વરસમાં કેટલાક દહાડા હિંસાનો પ્રતિબંધ કર્યો હતો. સાકંભરીના રાજા પૃથ્વીરાજ પણ આ આચાર્યનો ભક્ત હતો. કુમારપાળ જૈની હોઇ, જૈનીઓનું કેટલું પ્રબળ હતું તે સર્વ કોઇ જાણે છે. કુમારપાળે જૈનમત સ્વીકાર્યો ત્યારથી એક બે સિવાય સઘળા રાજાઓ

જૈનમતના હતા. વળી તે સિવાય કર્નલ ટાડના ઇતિહાસપરથી સાબિત થાય છે કે રજપૂત રાજાઓ જૈનોનું કેટલું માન જાળવતા. રજપૂતસ્થાનમાં રજપૂત શિરોમણિ મુખ્ય રાજકર્ત્તા મેવાડના મહારાણાએ જૈનોનાં માન પ્રતિષ્ટા જાળવવાના દાખલા કર્નલ ટૉડે જોયા હતા એમ તે લખે છે. ચાતુર્માસમાં કુંભાર લોકોએ ચાકડો તથા ઘાંચી લોકોએ ઘાણી બીલકુલ ફેરવવી નહિ એમ હુકમ કર્યો હતો. તથા ઔરંગજેબના વખતમાં મેવાડમાં રાણો રાજસિંહ રાજ કરતો હતો ત્યારે તેણે દશ હજાર ગામની અંદર સરદાર પટેલ પટવારી તરફ જીવદયા સંબંધમાં એક ફરમાન બહાર પાડી જણાવ્યું કે રાજ દરબારી ચોર ગુન્હેગાર જે જૈન સાધુઓને શરણે ગયો હોય તો પછી તેને ત્યાંથી બીલકુલ પકડવો નહિ. કર્નલ ટૉડ સાહેબ કહે છે કે તે વખતે એક લાખ ઘર આ દેશમાં જૈનોનાં હતાં. વેપાર રોજગારનો મુખ્ય આધાર જૈનોને હસ્તક હતો. દરબારી અને મુલકી કામદાર ઘણા ખરા જૈન હતા, ઉદેપુરના મુખ્ય રાજ ન્યાયાધિકારીઓ પણ જૈન હતા. સો વરસમાં આપણી આવી ઉત્તમ સ્થિતિ બદલાઇ જવાનું કારણ શું તે કોઇ બતાવી શકશે કે ? જૈનોની આવી ઉત્તમ સ્થિતિ બદલાએલી જોતાં ખચીત દરેક ખરા જૈનનું હૃદય છિન્ન ભિન્ન થયા વિના રહેશે નહિ. આવી સ્થિતિ થઇ જવા માટે આજ કાલના ઉછરતા યુવાનો ધર્મ ગુરૂઓનોજ દોષ પોકારે છે, પણ તેઓ પોતાના ધંધા રોજગારમાં કેટલું બધું કૃત્ય કરે છે, એ જોતાં જૈન તરીકે ગણાતા જૈનીને છાજે નહિ. કીડી, મંકોડી મરી જતાં ગાંડા બની જાય છે અને તેમ થતું અટકાવવા સતત પ્રયાસ કરે છે, અને બીજી બાજુ જો દુકાનદાર હોય છે તો ગ્રાહકોનાં ગળાં રેંસવામાં પાછો પગ કરતા નથી. અને જેઓ

આધુનિક કેળવણી મેળવી વકીલ, બારીસ્ટરો, સરજનો, અને મોટા અધિકારીઓ બને છે તેમાંના વકીલો અસીલોને દંભ ભરાવી કાયદાની બારિકીથી કોર્ટના બારણાઓનાં પણ દર્શન નહિ કરેલા ભોળા અને બ્હીકણ લોકોને ગભરાવી કોથળીઓની કોથળીઓ કઢાવવામાં અને ડૉક્ટરોએ લોકોના ખિસામાં નસતર મારી લાખો રૂપિયા મેળવવામાં અને અધિકારીઓ પોતાની સત્તાના રૌફમાંજ તણાઇ જઇ લોકોને ગમે તેમ ધમકાવી નાણું કઢાવી પોતાનાં ઘર ભરવામાં પાછું વાળી જોતા નથી અને ગરીબોની દિલસોજી ખેંચવી તદ્દન ભુલી જાય છે. અને તેઓની રહેણીકહેણી જોતાં ખરેખર માત્ર વાચાજ્ઞાનજ ધરાવે છે. અને તેવા કેળવાએલાઓ વૃદ્ધો ઉપર કૃપણુતાનો જે આક્ષેપ મુકે છે તે કોઇ રીતે સહન થઇ શકે તેમ નથી. મોટી મોટી ડીગ્રીઓ મેળવવા પાછળ અને છેવટે પડતા દુષ્કાળોના ભયંકર સંકટ વખતે વૃદ્ધોએ જે આર્થીક ને માનસિક ભોગ આપ્યો છે તે આપણા ખ્યાલ બહાર નથી. ગયા દુષ્કાળ દરમ્યાન મુંબઇ શહેરમાંથીજ નિરાધાર પ્રાણીઓના સંરક્ષણ અર્થે લગભગ પાંચ છ લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, તે બધું સાદી જીંદગી ભોગવતા વેપારી વર્ગનેજ આભારી છે. પરંતુ મિટિંગોમાં ઉંચા માંચડા ઉપર ઉભા રહી ઘાંટો કાઢી કોથળીનાં મોઢાં ખુલ્લાં કરો, ખુલ્લાં કરો વિગેરે બુમો પાડનારા આપણા કેળવાએલા બંધુઓએ પોતાને મળતા હજાર પાંચસોના પગારમાંથી એક પગાર એવા ગરીબોના અથવા સમાજના હિત અર્થે અથવા જાહેર હિતની સંસ્થાઓમાં ખારો કરી નાંખ્યો હોય એવું હજુ સુધી નોંધ પોથીમાં ભાગ્યેજ જોવામાં આવ્યું હશે. આથી કરી કોઇ દિવસ કોઇ પ્રકારનો ઉદય થઇ શકવાનોજ નથી. એક બાજુ ઉંદરડા જેવા જીવ મરી જતાં તેનું પ્રાયશ્ચિત લેઇ નિર્દોષ થવા અને

મોક્ષ મેળવાની ઉંચી અભિલાષાએ ધર્મગુરૂ પાસે દોડી જાય છે, ત્યારે બીજી તરફ મનુષ્યોનાં તેમજ સ્વધર્મીઓનાં સંકટો તરફ બેદરકાર રહે છે. વરસને આખરે ગત વરસમાં મેળવેલી લક્ષ્મીનો સરવાળો તપાસે છે તેવીજ રીતે ગત વરસમાં થયેલા આત્માના પાપાપાપનો અથવા જનસમાજના પરોપકારી કાર્યનો વિચાર કરવા જેટલી પણ ફુરસદ ન મળે એ શું શોચનીય નથી? તમો તમારા બંધુઓ માટે ઘટતુ કરવા બેદરકાર રહો છો અને તમોને સ્વધર્મ પ્રત્યે કેટલી દાઝ છે તે તમારા સ્વાર્થી કર્તવ્યોજ કહી આપે છે. જૈન આગમ જ્ઞાતાજી સૂત્ર તરફ દષ્ટિ કરતાં જે વખતે થાવરચા કુમારની માતા થાવરચા ગાથાપતણી કૃષ્ણ વાસુદેવ પાસે છત્ર ચામર આદિ પોતાના પુત્રના દિક્ષા ઓત્સવ માટે યાચવા ગયાં તે વખતે કૃષ્ણ વાસુદેવ પોતે તેના વૈરાગ્યની વાત શ્રવણ કરી અતિશય આનંદ સાથે સઘળું કાર્ય પોતે કરવા કબુલ્યું. તે ઉપરાંત જાહેર ઢંઢેરો પીટાવી છુટથી ફરમાવ્યું કે મારા સામ્રાજ્યમાં તમે રહેલા રાજા રાણાઓ તથા રાજકુમારો, રાણીઓ અને શેઠ સેનાપતિ ગમે તેને વૈરાગ્ય થતાં નેમનાથ પ્રભુ સમિપે થાવરચા કુમાર સાથે દિક્ષા લેવાની ઇચ્છા થયે સઘળાને મારી અનુજ્ઞા છે અને તેમાંના કોઇને આર્થીક સંબંધી કફોડી સ્થિતિ સબબ બંધન હોય તો સઘળાને તે મુશ્કેલી દૂર કરવા ઉપરાંત પાછળનાં તેઓના સ્વજનોને સર્વાંશે રક્ષા કરીશ. આનું નામ ધર્મની દાઝ તથા પરોપકાર વૃત્તિ કહી શકાય. એવા ઉત્તમ પરોપકારી કાર્યથીજ અને જેના પ્રત્યે અત્યંત અને ગાઢો પ્રેમ રહેલો હોય તે પ્રત્યે પણ નિર્મોહ વૃત્તિ કરવાથી તીર્થંકર ગોત્ર ઉપાર્જન કર્યું હશે. નહિ કે, બે ચાર પાંચ સામાયક, અપવાસ, યા પોષા કરી નાંખવાથી તથા સિદ્ધાંતો વાંચવાથી તીર્થંકર ગોત્ર બંધાઇ જાય? જ્યારે ધર્મની ખરી ગરજ થાય છે, ત્યારે તેને

અહંભાવપણું, મારૂં અને તારૂં એ દ્વૈતભાવ બિલકુલ રહેતો નથી, એ ભૂમિકાના આંદોલનો (વિચારો) ભિન્ન એટલે જુદાજુદા રૂપે ઉદ્‌ભવે છે. જેવાકે હવે તો પ્રભુના પુત્રો માટેજ હું મારૂં હુંપણું ભુલી જઇશ. પ્રભુના સઘળા જીવો ખાતર મારૂં બધું સુખ અર્પણ કરી દઇશ, અને તેનાં બધાં દુઃખો હું વહોરી લઇશ. આ બધા મનુષ્યો છે તે મારી ભુજાઓ છે, અને પશુપક્ષીઓ છે તે મારા કનિષ્ઠ બંધુઓ છે, પહાડ પર્વતો મારા આનંદનાં સ્થાનો છે, પૃથ્વી મારી સુંદર શય્યા છે, આકાશ મારૂં તીવ્ર તાપ હરનાર ભવ્ય સુખમય છત્ર છે, અને વાયુ, તેજ એ મારાં ઉન્નત સ્થિતિએ પહોંચાડનાર સખા (મિત્રો) છે; વનસ્પતિ મારો સાત્વિક આહાર છે, આવી ઉચ્ચવૃત્તિઓ, આવું નિખાલસપણું, આવો અભેદ ભાવ, આવું આત્મિક બળ, અને આવો સ્વાર્થ ત્યાગ, બુદ્ધિની આવી વિશાળતા આવું ખાસ અલૌકિકપણું તેનું વર્ણન શબ્દોથી થઇ શકે તેમ નથી, પણ તે અનુભવથી માત્ર જણાઇ શકે. એવી અદ્‌ભુત સૌંદર્યવાળી તથા સાચા સુખવાળી ભાવના ખાસ પ્રશંસવા યોગ્ય છે, એમ ધાર્મિક જીવન ગાળી નિર્મોહ વૃત્તિ કરી અને સંયમને સાધી, અંતર શક્તિઓ કે જે જ્ઞાન થવાનાં ખરાં દ્વાર છે, તેમના ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરવાથી અને આવી હૃદયની વિશાળતાથી વિશ્વનો કોઇપણ પદાર્થ પરહિતાર્થે અર્પણ કરવા મુશ્કેલ થઇ પડતો નથી. શું આપણા ભાઇબંધોને માટે આપણા ધર્મને માટે અને છેવટ આપણા પોતાનાંજ કર્મ અજમાવવા માટે જ્યારે કાંઇ નહિ કરી શકીએ, ત્યારે શું આપણા માટે બીજો કોઇ કરી દેવાનો હતો! યાદ રાખજો કે આપણા આંતરીક દુઃખો દૂર કરવા માટે કાંઇ આસમાનમાથી દેવો ઉતરી આવવાના નથી, આપણા ધર્મની અગવડતા અળગી કરવા માટે કાંઇ પરધર્મીઓ કામ આવ-

વાના નથી પરંતુ એ કામ માટે આપણેજ આપણી શક્તિ અનુસાર કરવું જોઇએ અને એમ કરવું એનું નામજ પુરૂષાર્થ છે. પુરૂષાર્થને માટે બહુ મોડું થઇ ગયું છે. હવે આટલી આધેડ કે વૃદ્ધ વયે હું શું કરી શકું એમ કદી બોલતા નહિ. તમારામાં પણ અનંત બળ રહેલું છે અને તે બલને પ્રગટ કરાવનાર આશા છે. તમે કહેશો કે મારૂ વય ૪૦) વરસનું છે હવે મારાથી નવીન બાબતનો અભ્યાસ શીરીતે થઇ શકે? હું આ પરમાર્થનું કાર્ય શી રીતે કરી શકું! હવે આ શરીર કયાં સુધી બોજો ધારણ કરી શકશે! હવે તો દિવસ ઘણા નજદીક આવતા જાય છે પણ જરા સબુર કરો, એશી, શીપારસ, કબી, પણ મત કરનાં—ચાલતા વિષયના અનુસંધાનમાં કેટલાક ઉદાહરણો આપવામાં આવે છે તે જરા શાન્ત મનથી સાંભળો અને પછી વિચારો કે ગ્રીક વિદ્વાન કેટોએ ભાષાનું પુસ્તક ૮૦ વરસની વયે લખ્યું હતું. અને સાઇમોન્ટાઇડીઝ ૮૦ વરસની વયે કાવ્ય રચવામાં તથા બીજા અનેક હરીફોથી આગળ પડીને ઇનામ મેળવી ગયો હતો. થીયોફ્રેસ્ટસ નામના વિદ્વાને ૯૦ વરસની ઉમરે મનુષ્યનું ચારિત્ર એ નામનું પુસ્તક લખવાનો આરંભ કર્યો હતો, ગેથે નામના જર્મન વિદ્વાને ૮૦ વરસ પછી ફોરસ્ટ નામનું લોક પ્રિય કાવ્યું રચ્યું હતું. આ તો પ્રાચીન દાખલા કહ્યા, પણ હાલમાં લૉર્ડ રીપન ૮૪ વરસની વયે પોતાની ગાડી હાંકવા શીખ્યો હતો, ગ્લાડસ્ટનનું વય મરણ વખતે ૮૦ વરસ ઉપરનું હતું અને છેક છેવટ સુધી તે પાર્લામેન્ટમાં બહુ સારી રીતે કામ બજાવી શકતો હતો. એ ઉપનયે હજુ આપણે મોડું થઇ ગયું નથી. આપણી સ્થિતિનો વિચાર કરવા સાથે ઉદયના કાર્યો તરફ ટટાર થવું જોઇએ, પણ અફસોસ કે આ સઘળી નસીયત કાગળના કટકા ઉપરજ રહેવાની છે. કોઇ કોઇને હાઝે તેમ નથી. કારણ

કે જ્યાં સત્યનું સત્યાનાશ ગયું, મૂળમાંજ બિગાડ થયો તો ફળ સારાં થવાની આશા કયાંથીજ બાંધી શકાય ? જ્યાં પોતાનીજ પાય માલી થવા બેઠી હોય ત્યાં બીજાનું ભાન કયાંથી આવે ? પણ હવે આપણે પોતાની વિશાળ ફરજો અદા કરવા કટીબંધ થવું જોઇએ.

સુભાગ્યોદયે, સ્વામીજીએ કર્તવ્યનું વિશાળ ક્ષેત્ર ખેડી પ્રભાવિક કર્તવ્યનું ઉચ્ચ ધોરણ આચારમાં મૂકી પૂર્વની સ્થિતિનું દિગદર્શન કરવા માટે ભવિષ્યના સૂર્યોદયનાં પ્રકાશિત કિરણો આપણા હૃદય મંદિરમાં પ્રદીપ્ત થવાની શુભ આગાહી કરી છે. અને તેથી જયશ્રી અથવા વિજયશ્રીની શુભાશા બંધાવા માંડી છે. સ્વામીજી જોકે જરાગ્રસ્ત અને વૃદ્ધ વયે પહોંચવા છતાં, હજી પણ જાહેર અને જનસમાજને સન્માર્ગે ચઢાવવાનાં કાર્યોમાં ઉલટથી જોડાએલ છે એ ખરેખર તેમની પરોપકાર વૃત્તિ અને મનોબળને આભારી છે. જેમ ડુંગરના ઉચ્ચા શિખરો ઉપર ચઢતો મુસાફર નીચેના સમુદ્રમાં ચાલતાં તોફાનો નિર્ભયપણે અને સ્વસ્થતાથી જોતો જાય અને પોતે આગળ ચાલતો જાય તેજ પ્રમાણે મહાપુરૂષો પણ મહા નિંદા, ઇર્ષારૂપ સમુદ્રના દુઃસહ તોફાનથી દૂર રહીને ઉંચ પ્રયાસના શાન્તિશિખર ઉપર રહીને કર્તવ્યના પરમાનંદ સૂર્યના પ્રકાશમાં નીડર મનથી આગળ ચાલવું જારી છે પોતે પુસ્તકો લખવાનં વૃદ્ધાવસ્થા થવાના સબબે હાલમાં થોડાં વર્ષ થયાં આટોપી લીધેલ છે ?

સ્વામીશ્રીએ યોગ બલ અને ઇંદ્રીયજય ઉપર અસાધારણ કાબુ કરેલો છે બાલવયથી ભીષ્મ બ્રહ્મચર્ય સમેતચારીત્ર અંગીકૃત કરી યતિ (સાધુ) જીવનને સુંદર ઓપણીથી આદર્શ બનાવેલ છે. અનુકરણીય જીવન પરચર્યા વિષે સક્ષીપ્ત શબ્દોમાં કહીએ તો સંયમ મારગમાં

પારદર્શકતા મેળવી છે અર્થાત ચીરંજીંદગીમાં અનેક તપ વિદ્ધિ આદરવા સાથે વર્ષોના અમુક માસોમાં તો ફક્ત સુષ્કાહાર ઉપર રહી મનોબળને ભારે કસોટીથી સુંદર કસરત કરાવી મનને સ્વાશ્રય કરેલ છે એક વર્ષ દરમ્યાન મહાવીર પ્રભુના કથિત ઉપનિષદ મંત્રોના ૯૦૦૦૦૦, નવલાખ મંત્રો (શ્લોકો) ની અશક્ય અને મહાશ્રમે થઇ શકે તેવી સ્વાધ્યાય કર્મની નિર્જરાર્થે કરી આત્મવિનોદથી જીંદગીની આનંદી સરતોમાં આત્મબલને કસોટીએ ચઢાવી ભગીરથ પ્રયત્ન ઉઠાવી કર્તવ્યની રંગભૂમિમાં ઉમદા ભાગ ભજવ્યો છે. જડવાદીઓ બાલક્રીડાવત્ દુનિયામાંના ઉપભોગો માટે વિભાવિક વસ્તુ વડે ભિન્ન ભિન્ન પ્રકારે આનંદ મેળવવા યત્ન કરે છે, ત્યારે મહાત્માઓ અર્થાત્ આત્માનંદી પુરૂષો જીંદગીની ભવ્ય રંગભૂમિ ઉપર જડ અને ચેતન્યના વિશાળ ક્ષેત્રમાં નાના પ્રકારનાં અનુષ્ઠાન વડે ઇન્દ્રિયજય અને મનોનિગ્રહ કરી, જડ ઉપર સ્વામિત્વ મેળવી તે પ્રમાણે ધીરવીર થઇ આત્મવિનોદથી સુંદર ક્રીડા કરે છે. આજ સુધીમાં સ્વામીજીએ લગભગ બે લાખ શ્લોક લખવા ઉપરાંત દશવિકાલિક સિદ્ધાંતની નવીન ઢબથી ગમ્ભીર અર્થ સાથે લગભગ બે હજાર શ્લોકવાળી અપૂર્વ પ્રત મહાન્ પરિશ્રમે પોતાના હાથે તૈયાર કરેલ છે, અને જેનું અવતરણ ઘણા ગૃહસ્થો તથા ત્યાગીઓએ કરેલું છે. સદહુ પુસ્તક સાક્ષાત્ જ્ઞાનનો અપૂર્વ નિધિ છે. એ નિધિમાંથી દરેકને જ્ઞાનનું અમૃત પાન મળે છે. તે ઉપરાન્ત મદનકુમારનો રાસ લગભગ બે હજાર શ્લોકનો પદ્યબંધ, કવિતામાં રચી પ્રજાના વાંચનમાં ઉપયોગી વધારો કર્યો છે; તેમાંની કવિતા ઘણીજ રસમય અને વૈરાગ્યને પ્રફુલીત કરાવનારી છે.

દોહરો.

રસભીંજી શુભ ગુણવતી, ભૂષણ ભૂષિત અંગ;
બુધજન મન મોહિત કરે, બેઠી તર્ક તુરંગ.

અર્થ—શૃંગારાદિ જે નવરસ તેથી ભીંજાયેલી, ઉત્તમ એવા પ્રસાદ, માધુર્યાદિ ગુણ તેથી યુક્ત, ઉપમાની પ્રસાદિ કે ભૂષણ તેથી જેનું અંગ શણગારમાં આવેલું છે એવી તથા તર્ક રૂપી તુરંગ (અશ્વ) ઉપર સ્વાર થયેલી એવી જે કવિતા તે પંડિત જનોના મનને મોહિત કરે છે.

મહાવીર જયન્તી

આ ઉપરાંત મહાવીર જયન્તી માટે પુષ્કળ પ્રયાસ કરી જીંદગી પર્યન્ત ચૈત્ર સુદ ૧૩ તેરશ પાળવા નીચેનાં ગામોમાં હમેશના માટે ઠરાવ પસાર કરાવી જે પહેલ કરાવવામાં આવી છે તેથી ખરેખર ખુશી થવા જેવું છે.

ગામોનાં નામ.

(૧) અજમેર
(૨) અણીઆલી (૧)
(૩) અણીઆલી (૨)
(૪) અંકેવાલીઆ
(૫) આણંદપુર
(૬) ઉપલેટા
(૭) કાલાવડ
(૮) કેરાળા
(૯) કરમડ
(૧૦) કુડલા
(૧૧) કુકડા
(૧૨) કારીઆણી
(૧૩) કાટકોરા
(૧૪) કંથારીઆ
(૧૫) કટારીઆ
(૧૬) કેરાળા
(૧૭) કેરાળું
(૧૮) ખંઢેરા
(૧૯) ખાટડી
(૨૦) ખીજડીઆ

(૨૧) ખીંટલા
(૨૨) ખરેડી
(૨૩) ખાખીજાળીઆ
(૨૪) ખાંડીઆ
(૨૫) ખીરસરા
(૨૬) ખંભલાવ
(૨૭) ગોમટા
(૨૮) ગુંજાર
(૨૯) ગુંદીઆળા
(૩૦) ગળથળ
(૩૧) ગેડી
(૩૨) ગુંદીઆવડા
(૩૩) ગરાંભડી
(૩૪) ગુંદાળા
(૩૫) ગુંદા
(૩૬) ધણાદ
(૩૭) ચૂડા (ઝાલાવાડ)
(૩૮) ચચાણા
(૩૯) ચાચકા
(૪૦) ચાણુપુર
(૪૧) ચરેલ
(૪૨) ચારણીઆ
(૪૩) ચીરોડા
(૪૪) ચોકડી
(૪૫) ચેલા
(૪૬) ચંગા
(૪૭) ચરખડી
(૪૮) ચૂડા (સૌરાષ્ટ્ર)
(૪૯) છત્રીઆળા
(૫૦) છોડવડી
(૫૧) છલાળા
(૫૨) જેતપુર (કાઠીરાજ્ય)
(૫૩) જામખંભાળીઆ
(૫૪) જામકંડોરણા
(૫૫) જામમેવાસા
(૫૬) જેતલસર
(૫૭) જશાપુર
(૫૮) જાંબુ
(૫૯) જાખણ
(૬૦) જોધપુર
(૬૧) ઝોબાલા
(૬૨) ઝાંઝરકા
(૬૩) ઝમર
(૬૪) ટુવા
(૬૫) ટોકરાળા
(૬૬) ડોળીઆ
(૬૭) ડેરવાળા
(૬૮) તલસાણા
(૬૯) ત્રાડીઆ મોટા
(૭૦) થાણાંગાલોળ

(૭૧) દેવળીઆ
(૭૨) દેવપુરા
(૭૩) દેડાદરા
(૭૪) દરોદ
(૭૫) ધોરાજી
(૭૬) ધ્રાફા
(૭૭) દુધિવદર
(૭૮) ધાંધલપુર
(૭૯) નવાગઢ
(૮૦) નડાળા
(૮૧) નળબાવળી
(૮૨) નવાણીઆ
(૮૩) નોલી
(૮૪) નાગડકા
(૮૫) નિનામા
(૮૬) પીંપરાળી
(૮૭) પીંપળીઆ
(૮૮) પચ્છમ
(૮૯) પાનેલી મોટી
(૯૦) પીપળવા
(૯૧) પળાલી
(૯૨) પીપળીઆ
(૯૩) બરવાળા
(૯૪) બોરણા
(૯૫) બોડાણા
(૯૬) બલાળા
(૯૭) બાજરડા
(૯૮) બગડુ
(૯૯) બળોલ
(૧૦૦) ભોઇકા
(૧૦૧) ભડકવા
(૧૦૨) ભાડલા
(૧૦૩) ભંડારીઆ
(૧૦૪) ભાદરા
(૧૦૫) ભાયરીઆ
(૧૦૬) ભેંસજાલ
(૧૦૭) ભડવાણા
(૧૦૮) ભાલાળા
(૧૦૯) મુળીલા
(૧૧૦) મેવાસા
(૧૧૧) મુંઝપર
(૧૧૨) માતલી
(૧૧૩) મતવા
(૧૧૪) મુલબાવળા
(૧૧૫) રામપુરા
(૧૧૬) રાણપુર (સૌરાષ્ટ્ર)
(૧૧૭) રાજપર
(૧૧૮) રાજપરા
(૧૧૯) રંગપુર
(૧૨૦) રાકુદડ

(૧૨૧) રાતડકી
(૧૨૨) રજોાલ
(૧૨૩) રાયડી
(૧૨૪) રોઘેલ
(૧૨૫) રબારીકા
(૧૨૬) લાલપુર જામ
(૧૨૭) લાલીઆદ
(૧૨૮) લોટકાવડાળા
(૧૨૯) વણા
(૧૩૦) વસતડી
(૧૩૧) વડોદ
(૧૩૨) વેળાવદર
(૧૩૩) વાવડી
(૧૩૪) વેજલકા
(૧૩૫) વાણીઆવદર
(૧૩૬) વડાળ
(૧૩૭) સાયલા
(૧૩૮) સરવાળ
(૧૩૯) સાતોદડ
(૧૪૦) સાંગુધ
(૧૪૧) સમઢીઆળા (૧)
(૧૪૨) સણોસરા
(૧૪૩) સમઢીઆળા (૨)
(૧૪૪) સણોસરા
(૧૪૫) સરવાળ
(૧૪૬) સમઢીઆળા (૩)
(૧૪૭) સૌંહણુ
(૧૪૮) હરિપર

વગેરે ગામોમાં કાયમને માટે ઠરાવો પસાર કરાવવામાં આવ્યા છે. તે પૈકીના (૧૨) ગામોમાંતો ત્યાંના દરબાર સાહેબોના ફરમાનથી ત્યાંના રહીશ હિંદુ મુસલમાન વગેરે કોમવાળાઓએ, ખેતીવાડી તથા વ્યાપાર વગેરે સઘળા ધંધા તે દિવસે બંધ રાખવાને કબુલ્યું છે એ મગરૂર થવા જેવું છે. તે બાર ગામો નીચે પ્રમાણેઃ—(૧) ચૂડા, (૨) વણા, (૩) રાજપુર, (૪) ઝોબાળા, (૫) જાખણ, (૬) પચ્છમ, (૭) ગેડી, (૮) ભડવાણા, (૯) ડેરવાળા, (૧૦) ભાલાળા, (૧૧) પળાલી, (૧૨) અંકેવાળીયા જે ગામોમાં મહાવીર પ્રભુને માનનારાઓ પણ તે બાબતની આનાકાની કરે તો પછી તેમાંથી ખરા વીરપુત્રો કોને કહેવા તે શ્રોતાઓ તથા વાચકવર્ગની મુનસફી ઉપર છોડવું ઉચિત છે.

આ પ્રમાણે પોતાની પરિક્રમાના માર્ગમાં તેમણે કોઇપણ પ્રકારે પાછી પાની કર્યા સિવાય જનસમાજને અત્યન્ત ઉપકાર તળે મુકેલ છે. દયા–ધર્મના માર્ગનો આવિષ્કાર કરી પોતાનાં પીયુષપૂર્ણ વચનામૃત અને દયાદર્શક કાર્યોથી જનસમૂહને આનંદ આપી સુરમ્ય, સુલલિત અને સર્વોચ્ચ વિચારથી ઝળહળતા અનેક ગ્રંથરત્નો ભવિષ્યની પ્રજાને સમર્પી દયા ધર્મરૂપ મહાન્ રસસરિતામાં ભાગ્યશાળી જીવોને નવરાવી ઉત્કૃષ્ટોત્કૃષ્ટ સર્વ સદ્ગુણ સંપન્ન ચારિત્રનો આદર્શ વિશ્વના ચારિત્રોમાં ઉમેરવા ઉપરાન્ત પોતાના સરળ ઉચ્ચતમ વિચાર અને ક્રિયાથી પરિપૂર્ણ મનુષ્ય સાધ્ય સંપૂર્ણ નીતિમાન્ રસાર્ણવમાં નિમજ્જન થયેલ સર્વોદ્ધાર કારક લલિત અને મધુર ભાવોથી યુક્ત દયામય પ્રણાયસ્વરૂપ સ્વર્ગીય સુરાશિમય નિર્ગુણ ચારિત્ર્યમાંજ તેઓના જીવન કર્ત્તવ્યની પરિસીમા છે. તેમના સર્વોત્તમ ચારિત્ર્યને લીધે તેઓશ્રીના ધર્મ વિસ્તારમાં તેમના માનસિક બળે જેટલું કાર્ય બજાવ્યું છે તેટલું તેમના ચારિત્ર્યબળે પણ બજાવ્યું છે.

तितिक्षादि गुणै र्युक्तं । सुबोधामृतनिरधिम् ।
सदाचारे सदारक्तं । वन्दे लवजीत्स्वामिनं ॥

॥ शार्दूल ॥

यज्ज्ञानार्कविनष्टमानवमनो मालिन्यसंघः सदा ।
सद्गांभीर्ये दया परोपकरणा सन्नीति बोध प्रदः ॥
कुर्वाणो निज धर्म वृत्ति विवशान् स्वीयाञ्जनान्नित्यसः ।
स्वामिश्री लवजी विविश्रुत महाराजः सजीयात्सदाः ॥

(અર્થ) જેઓના જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી વિનષ્ટનામ નાસ

પામેલ છે, મનુષ્યના મનનું જે માલીન્ય કહેતાં મલીનપણું, જેહનાથી એવા, તથા ઉત્તમ ગાંભીર્ય, દયા, પરોપકાર વૃત્તિ તથા ઉજ્જવળ વૃત્તિ એ બધાં સાથે ઉત્તમ બોધ આપનારા તથા પોતાના ધર્માનુયાયી માણુસોને સ્વધર્મ વૃત્તિ પરાયણ કરનારા એવા શ્રી **લવજી** સ્વામી નામના મહાત્મા હમેશાં જય પામો.

॥ उपजाति ॥

श्री भालदेशस्य शुभप्रदेशे
ग्रामं शुभं वेजलकेति नाम्ना ॥
यदस्ति नाम्नाऽत्र तु भावसार-
जात्योऽभवच्छ्रीनरसिंहदासः ॥ १ ॥

(અર્થઃ) શ્રી ભાલ નામના શુભ પ્રદેશમાં વેજલકા નામનું જે ગામ હાલમાં છે. આ ગામમાં ભાવસાર જ્ઞાતિમાં ઉત્પન્ન થનાર શ્રી નરસીંહદાસ નામે હતાઃ—

तस्य गृहे केसरनामधेय-
पत्न्यां जानिर्यस्य सुचेष्टितायाम् ॥
बाल्यात्समारभ्य बिभर्ति नित्य-
मखंडितं यस्तु बृहद्व्रतं च ॥ २ ॥

(અર્થઃ) તેમને ઘેર કેસરબાઇ નામના સદાચરણી ધર્મપત્નિમાં જેમનો જન્મ છે. વળી બાલપણુથી આરંભિને જેઓ અખંડિત બ્રહ્મચર્યને ધારણ કરનારા છે.

सोयं सुधीः सच्चरितो महात्मा
तिरस्कृताशेषकदीन्द्रियार्थः ॥

सदा वितन्वन् जनतादितं वै
जीयाच्चिरं श्री लवजी समारव्यः ॥ ३ ॥

(અર્થઃ) એવા સ્વામીજી શ્રી લવજી નામના મહાત્મા કે જેઓ સારી બુદ્ધિવાળા સદાચરણી, અને જેઓએ વિશેષ (સમગ્ર) ઇંદ્રિયોના વિષયને તુચ્છ ગણી ત્યાગ કર્યો છે. તે સ્વામીજી જનસમાજના હિતને માટે વિશ્વપર ચીરંકાળ જીવો.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

શ્રાવણ શુક્લપક્ષ પૂર્ણિમા શનિવાસર.

જામકંડોરણા. }   કર્ત્તા
વીરસંવત ૨૪૪૦ }   મુનિશ્રી જેઠમલજી.

પ્રકરણ ૫ મું.

પ્રકીર્ણ પત્રમાલા.

બીલખા, કાંથડવાળા ગેસ્ટ હાઉસ તા. ૧૨-૨-૧૩ રવીવાર.
મહારાજ શ્રી લવજીસ્વામીની સેવામાં,

આપના ખબર મળ્યા આપના સદુપદેશ મુજબ અગીઆરશ, અમાસના દિવસોએ ખેડુતો બળદ ન જોડે એ વિગેરે દયાને લગતા હુકમો આખા સ્ટેટમાં કાઢવામાં આવેલ છે. આપના પરમારથ સંબંધી ઉપદેશની હમેશાં આબાદિ ઇચ્છું છું. આવાં અનેક શુભ કાર્યો કરવાની ઇશ્વર સુબુદ્ધિ આપે તેવી માગણી કરૂં છું. આપનો અમૂલ્ય સમાગમ હરદમ યાદ આવે છે. સ્વહસ્તે તૈયાર થયેલો મહાવીર જયન્તીનો નકશો જોયો. તેની સુંદરતા માટે અમો ઘણા ખુશી થયા છીએ અને તે પાછો મોકલ્યો છે.

લી. વજુભાના નમસ્કાર.

રાજકુમાર કૉલેજ, રાજકોટ.
તા. ૨૨-૧-૧૩.

ગુણવંત ગુણના ભંડાર ક્રીયાપાત્ર ધર્મ યાત્ર આત્મા અર્થી એવી અનેક ઉપમાએ કરી વિરાજમાન મહાપુરૂષ શ્રી લવજીસ્વામી તથા મહારાજશ્રી * * * ની પવિત્ર સેવામાં પહોંચે.

રાજકોટથી લી. અમારી બન્ને ભાઇની વંદના વાંચશોજી. બીજું પોષ્ટ કાર્ડ આવવાથી અમો ઘણા ખુશી થયા છીએ. બીજું અમો બન્ને ભાઇઓથી કાગળ નથી લખાણો તેથી માફ કરશોજી બીજું

આવી રીતે કાગળ લખી અમો બન્નેને આભારી કરશોજી બીજું મુ. સાહેબ બીસીઆ દેવદાન જૈતમાણુ તથા ધાધલમાળા મુળુની વંદના વાંચશોજી. બીજુ અમો આપના ઉપદેશ મુજબ કૉલેજમાં યોગ્ય કર્ત્તવ્ય કરીએ છીએ.

કુમાર શ્રી **એભલવાળા** તથા કુમાર શ્રી **હરસુરવાળા** દા. પોતે.

પોરબંદર, યુરોપીઅન ગેસ્ટ હાઉસ,

તા. ૧૧-૫-૧૩.

કુમાર શ્રી એભલવાળા સાહેબ મારફત.

મુ. જેતપુર.

સ્વામી શ્રી વિવેક વારિધી સદ્ગુણ સાગર પરમ પવિત્ર ચૌદ વિદ્યાગુણ જાણ જીજ્ઞાસુના સદ્બોધક મહાશય મહારાજ શ્રી લવજી-સ્વામી તથા મહારાજશ્રી * * * ની પવિત્ર સેવામાં,

પોરબંદરથી લી. આપના ચરણનો દાસ દર્શનાભિલાષી સેવક પરમાર પ્રભાતસિંહજીના દંડવત્ સ્વીકારશોજી આપ મહાત્માઓ આ ભવાબ્ધિના ફેરામાંથી વિમુક્ત કરવા સંસારી પ્રાણિઓના અર્થે પરિ-વર્તન કરી ઉમદા આપનું મીશન બજાવો છો તેને માટે ખરેખર આપને મુબારકબાદી ઘટે છે. આપ જેવા ધર્મના અધિષ્ઠાતા પરમાર્થનિષ્ઠ પુરૂષોનાં દર્શન હમેશાં દુર્લભ છે. આપ જ્યાં જ્યાં વિચરો છો ત્યાંના જીવોનું અહોભાગ્ય માનું છું. ચતુષ્ટ અંતઃકરણ તથા દશ ઇન્દ્રિયોના અધીન થઇ પામર પ્રાણિઓ અધમ કર્ત્તવ્યના કૂપમાં પડી આ ભવા-બ્ધિના ભ્રમણમાંથી તેનો ઉદ્ધાર કરવા આપ જેવા મહાપુરૂષો સદોદિત સદુપદેશ વડે અપારશ્રમ લીઓ છો તેથી આપને એહસાન ઘટે છે.

આપ આ તરફ પધારવાથી સેવક દર્શનથી કૃતકૃત્ય થશે. અહીં મહેરબાન ઍડમીનીસ્ટ્રેટર વાજસુરવાળા સાહેબ પણ થોડા દિવસમાં પધારશે તેમજ અમારા નામદાર વઢવાણ ઠાકોર સાહેબ તથા નામદાર કુમાર સાહેબ હવા ખાવા માટે પધાર્યા છે. તેઓ સાહેબે આપને વંદના લખાવી છે. સેવક ઉપર કૃપા કરી દર્શનને લાભ આપશે એજ ભુલચુક માટે વિજ્ઞપ્તિ દર્શનાભિલાષી.

પરમાર પી. ના પ્રણામ.

વાંડળીઆ, તા. ૨૮-૧-૧૪.

રા. રા. કચરા લાધા મારફત,

મુ. લાલપુર.

પરમપૂજ્ય મહારાજશ્રીજી સ્વામી લવજીસ્વામી તથા સ્વામી * * * ની પવિત્ર સેવામાં,

વિનંતિ સાથે લખવાનું કે નામદાર દરબાર શ્રી મુલુવાળા સાહેબે આપને નમસ્કાર કહ્યા છે અને કઈ તરફ પધારવાનું તેમજ આ તરફ હવે ક્યારે વલણ થશે તે પુછાવવા સાથે દરબાર સાહેબે શ્રીયુત ગુરૂજીના જીવન વૃતાન્તની ૧૦ પ્રતો મોકલવા કહેલ છે. આપ જેતપુર ક્યારે પધારી દર્શનને લાભ આપશો તે કૃપા કરી જણાવસો;

હજુર હુકમથી;

શુભેચ્છક,

ગીડા ભોકા કાળાના પાયવંદન.

અંકેવાળીઆ, તા. ૨૦-૭-૧૩.

રા. રા. વકીલ ગોરધનદાસ મારફત,

મુ. જામકંડોરણા.

અખંડ પ્રૌઢ પ્રતાપી ધર્મ પ્રવર્ત્તક સ્વામી શ્રી લવજીસ્વામી તથા મહારાજશ્રી * * * ની પવિત્ર સેવામાં,

અંકેવાલીઆથી લી. રાણાશ્રી ઉમેદસંગજી તથા કુમાર શ્રી ચંદ્રસિંહજી તથા કુમાર શ્રી મનુભાના સવિનય દંડવત્ માન્ય કરશોજી. આપ સાહેબ મારા ઉપર કૃપા કરી યાદ કરો છો તેથી ઘણો ખુશી થયો છું અને ધારૂં છું કે સ્વામીજીની કૃપા મારા ઉપર આબાદ રહી છે. આપના સદ્બોધ મુજબ જીવદયા પાળુ છું અને બીજાઓ પાસે પળાવું છું. આપ મહાપુરૂષોની મારા ઉપર જે દયા છે તેવીજ બલકે તેથી વિશેષ રાખજો. નામદાર દરબાર સાહેબ જસાવાળાને ઘટિત મારી વતી કહેવરાવશો. હમેશાં આપની તરફ મનોવૃત્તિ ચાલુ છે એજ.

દા. ઉમેદસંગજી.

રાજકોટ, રવાવિલાસ મહેલ,

તા. ૭-૨-૧૯૧૩.

પરમારશ્રી જસવંતસિંહજી,

મુ. લીંમડી.

વિનંતિ તા. ૩ નો પત્ર મહેરબાન કુમાર શ્રી હરભમજીભાઇ સાહેબને મળ્યો. આપે લખેલ સમાચાર જાણ્યા. મહારાજ શ્રી લવજી સ્વામી તથા મહારાજ શ્રી * * * સ્વામીએ દુર્વ્યસનોમાંથી ઘણાઓનેમુક્તકર્યાનું જાણી મહેરબાન સાહેબને ઘણો સંતોષ થયો છે.

અને ઉમેદ છે કે તેઓ એજ રીતે ધર્મભેદ જ્ઞાતિભેદ રાખ્યા વિના સર્વેને સરખો ઉપદેશ કર્યાજ કરશે.

એસોસીએશન તરફ બન્ને મહારાજશ્રીઓ જે લાગણી ધરાવે છે તે ખાતે તેઓ સાહેબ મહારાજશ્રીનો ઘણો ઉપકાર માને છે એજ.

લી. હુકમથી સેવક,
જટાશંકર બુચ.

ગુંદીઆળા.

દરબાર શ્રી રાણીંગવાળા,

મુ. જેતપુર.

તમારો પત્ર આજરોજ પહોંચ્યો વાંચી આનંદ થયો. છે મહાપુરૂષ શ્રી લવજી સ્વામી તથા મહારાજશ્રી * * * ની સેવામાં આપના ઉપદેશાનુસાર કરવા સાથે હરદમ આપના સત્સંગ તેમજ સદ્બોધ માટે યાદ કરીએ છીએ. પત્રની ઢીલ માટે દરગુજર કરશોજી. આ તર્ફ હવાથી જન સુખાકારી વર્તે છે, તે તર્ફના શાન્તિકારક ખબર મોકલાવશોજી તા. ૩

રાણાશ્રી અભેસિંહજી માધવસિંહજી.

મેંદરડા તા. ૨૯-૪-૧૯૧૪.

શાહ ન્યાલચંદ જેચંદ જોગ.

મુ. ધોરાજી.

મેદરડાથી લી. નામદાર દરબાર સાહેબ માણસીઆવાળાના રામ રામ વાંચશો. ખાસ લખવાનું કે સ્વામી શ્રી લવજીસ્વામી તથા સ્વામીજી * * * સ્વામી ત્યાં બીરાજતા હશે તેઓશ્રીને અમારા વતી

વંદન કરશો અને ખુશી પુછશો. વળી સ્વામીજીનું **જીવનચરિત્ર** છપાય છે. તેવી ખબર મલવાથી લખવાનું કે અમારી વતી ૬ છ ચોપડીઓ તૈયાર થયે વી. પી. થી મોકલી આપશો. અને સ્વામીજી ત્યાંથી ક્યાં પધારવાના છે તે લખશો.

દા. હજુર હુકમથી

કામદાર **ચ. ભ.** ના જયજીનેંદ્ર.

નવાણીઆ, (જેતપુર ભાગદાર) તા. ૧૧-૯-૧૧.

રા. રા. મીયાં સાહેબ,

મુ. **જુનાગઢ.**

આપને ત્યાં બીરાજતા સ્વામીજી લવજી સ્વામી તથા સ્વામી શ્રી * * * ની પવિત્ર સેવામાં,

પુંજાવાળાના યથાયોગ્ય નમન આપ મહાપુરૂષોની સેવામાં કબુલ કરશોજી. આપ મહાશયો મારા ઉપર કૃપા રાખો છો તેને માટે ઘણોજ ઉપકાર માનું છું. આપે બતાવેલ પવિત્ર લાગણી અને કરેલ પવિત્ર બોધ મારા અંતઃકરણમાં કોતરી રાખવા કદી ચૂકીશ નહિ. આપના જેવા મહાપુરૂષોનો સમાગમ સદાકાળ રહે તો મનુષ્યોને આ જગતના કારોબારમાં સુખરૂપ થઇ પડે એ નિઃસંશય છે, અને જો કે આ અસાર જગતની અંદર આત્માને માટે કોઇ પણ હિત હોય તો માત્ર એક સત્સંગજ છે, અને એ સત્સંગના જેવું બીજું એકે શુભ સાધન નથી. તાબાના બધા પાસવાનોના નમસ્કાર વાંચજો એજ તા. સદર.

દા. પુંજા વાલા (**નવાણીઆ સ્ટેટ.**)

જેતપુર.

મે. મીયાં સાહેબ,

મુ. જુનાગઢ.

જેતપુરથી લી. રાણીંગવાળા તથા કાંથડવાળા તમારો પત્ર મળ્યો. આપે મહારાજ શ્રી લવજી સ્વામીના ત્યાં વિરાજવાના ખબર લખ્યા તે જાણ્યા; જેથી ઘણુાજ ખુશી થયા છીએ પણ હાલમાં બન્નેને શારીરિક તંદુરસ્તી નરમ હોવાના સબબે આવી શકીએ તેમ નથી. હાલ એજ સર્વે કુશલ ત્યાંના કુશળ જણાવશો.

હજુર હુકમથી કામદાર

(સહી) શુભેચ્છક **રાણીંગવાળાના** પ્રણામ.

વઢવાણ કૅમ્પ, કૉલેજ તા. ૫-૧૨-૦૯.

લી. કુમાર શ્રી સુરસિહંજી ખીરસરા વિનંતિ સાથે લખવાનું કે આપના ફરમાન મુજબ હમેશાં નિત્ય નિયમ સાચવીએ છીએ. આપ વઢવાણ શહેરથી ચાતુર્માસ પૂર્ણ કરી અત્રે પધાર્યાના ખબર સાંભળી ઘણોજ ખુશી થયો છું. આપનાં પવિત્ર દર્શનની ઘણીજ જીજ્ઞાસા છે પરંતુ સાહેબની રજા સિવાય કૉલેજમાંથી નહી નીકળી શકવાથી લાચાર તેને માટે માફ કરશોજી. આપ પધારી સેવકને આભારી કરશો આપને કેટલું રોકાવાનું થશે તે જાણવા આતુર છું.

દા. કુમાર શ્રી **સુરસિંહજી.**

ચૂડા, તા. ૨૬-૭-૧૩

મામલતદાર મારફત

મુ. જામકંડોરણા.

સ્વામીજી લવજી સ્વામી તથા મહારાજશ્રી * * * ની સેવામાં,

વિનંતિ કે મારા મુરબ્બી ભાઇ ભગવાનલાલ તરફથી આપ કંડો-

રણા બીરાજો છો. એ ખબર સાંભળી બહુ આનંદ થયો છે, અને વિશેષમાં આપ મને યાદ કરો છો તેથી ઘણો આભારી થયો છું. વળી આપે સમગ્ર વિશ્વ પ્રાણીઓને દયા અને દીલસોજી બતાવવા ફરમાવ્યું તે ઉપકાર સાથે માથે ચડાવું છું અલબત તે બાબતમાં મારાથી બનતું કરીશ.

લી. **વેણીલાલ રણછોડ બક્ષી**
(બી. એ. એલ એલ. બી.)
દીવાન–ચુડા.

રાજકોટ તા. ૨૭–૩–૧૩

રા. રા. **માનસંગ નરભેરામની** મારફત

મુ. **જેતપુર**

સ્વામીશ્રી **લવજી** સ્વામી તથા સ્વામીશ્રી * * * ની સેવામાં,

આપના ખબર મળ્યા. આપના ફરમાન મુજબ તપાસ કરતાં, મે. હરભમજી સાહેબ હાલ અહીં નથી. તેઓ સાહેબ આવશે એટલે આપને ખબર આપીશ. જવાબની ઢીલ થઇ છે તેને માટે માફી માગું છું. એજ કામકાજ લખશોજી.

લી. **વકીલ હરજીવન ભગવાનજી શુકલ**
(બી. એ. એલ એલ. બી.)

વકીલ ગોરધનદાસ રાઘવજી,

મુ. **જામકંડોરણા**

ચોટીલેથી લી. દરબારશ્રી ખાચર દેસા મેરામના જયજીનેન્દ્ર વાંચશોજી. ત્યાં વિરાજતા સર્વે શુભ ઉપમાલાયક મહાપુરૂષશ્રી, મહારાજ સાહેબ લવજી સ્વામી તથા મહારાજ શ્રી * * * ને મારીવતી વંદણા

કરશોજી. આપના ફરમાવ્યા મુજબ શિકાર નહિ કરવા કરેલ પ્રતિજ્ઞા હજુ કાયમ છે, ને અહીં સર્વેને ધરમ કરવા કહ્યું છે. આપની લાગણી મારા તરફ છે, તેથી વિશેષ રાખશો. ઘણા વખત થયાં આપનાં દર્શનનો લાભ મળ્યો નથી, માટે આ તરફ પધારવું ક્યારે થશે તે ખબર આપવા તસ્દી લેશો.

લી. ખાચર દેસા મ્હેરામ.

વાડાસડા તા. ૨૨-૯-૧૨.

રા. રા. ચોકસી.

મુ. જુનાગઢ

ત્યાં વિરાજતા સ્વામીજી લવજી સ્વામી તથા સ્વામીશ્રી * * * ની પવિત્ર સેવામાં વિનતિ સાથ લખવાનું કે આપ ત્યાંથી ક્યાં પધારવાના છો, અને જો ધોરાજી પધારવા ઇચ્છા હોય તો મુને અગાઉથી ખબર આપશોજી. અને હજુ આપ જુનાગઢ ક્યાં સુધી રોકાવાના છો. રાઇટર પારસી મહાશય કુંવરજી ભાઇ તરફથી આપના ખબર મળ્યા તેથી પત્ર લખ્યો છે. હાલ એજ અરજ.

લી. સેવક

ધનજીશા ફરામજી કામદીન

(પોસ્ટ ઇન્સ્પેકટર)

ખડીઆ તા.-૫-૫-૧૩

દરબાર શ્રી વાલા રાણીંગ ગોદડ

મુ. જેતપુર.

મહારાજશ્રી લવજી સ્વામી તથા મહારાજશ્રી * * * ની સેવામાં, આપનો કૃપાપત્ર મળ્યો, જેવાંચી ઘણોજ આનંદ થયો છે એજ રીતે

પ્રીતિમાં વધારો રાખી કાગળ લખી ઉપકારી કરશો, અને આપ અહીં પધારેથી હું ઘણોજ ખુશી થઇશ. તા. સદર.

લી. ખાન શ્રી **મહમદખાન.**

જુનાગઢ તા–૧૮–૪–૧૩

મહેરબાન દરબારશ્રી જસાવાળા સાહેબ,

મુ. **જેતપુર.**

જુનાગઢથી લી. કમતરીન ફેજદીન મીયાં મકબુલ મીયાંના ઘણા કરી સલામ. વિનતિ સાથ લખવાનું કે આપે મને કાગળથી યાદ ફરમાવી અહેસાનમંદ કરેલ છે, પરન્તુ હું દીલગીરી સાથે જણાવું છું જે મારા મર્હુમ મુરબ્બી માજી સાહેબના વરસ દિવસના ફાતેહાના કામકાજ અને કુટુંબીઓની પરોણાગતને લઇ અને બીજા કેટલાક અણધાર્યા સંયોગોને લઇ સ્વામીજી તથા આપની મુલાકાતનો અલભ્ય લાભ લેવો અશકય ધારૂં છું. માટે મારા તરફથી વિનતિ સાથ શ્રી સ્વામીજી સાહેબ પાસે માફી માગી મને અહેસાનમંદ કરશોજી. તકલીફની માફી ચાહું છું. કામ સેવા ફરમાવશો. સ્વામીજીને મારા ઘણા કરી સલામ કહેજો. એજ. તા. સદર. કમતરીન

ફેજદીનમીયાં મકબુલમીયાં.

જુનાગઢ તા–૧૯–૪–૧૩

બીસયાર મહેરબાન દરબાર શ્રી જસાવાળા,

મુ. **જેતપુર.**

આપ સાહેબના તરફથી ઇન્વીટેશન કાર્ડ મળ્યું. વાંચી ઘણો ખુશી થયો. સ્વામીજી લવજી સ્વામી તથા સ્વામીજી * * * ત્યાં વિરાજે

છે. વળી તેમનો મોટો દિવસ હોવાથી ત્યાં લાભ, લેવાની ખબર મળી. તે ખાતે આપનો ખરા જીગરથી આભારી થયો છું. આપની મહોબતનો લાભ લેવા ડેર થવાનું કારણ કે જો વખત મળે તો તારથી ખબર આપું, પરન્તુ લાચાર કે મને અવકાશ ન મળ્યો. અમારા કુટુંબમાં સાદીઓ છે, જેથી લાચારી સાથ માફી માગું છું મને ખાત્રી છે કે આપ કબૂલ રાખશો. મારી વતી સ્વામીશ્રીને ઘટિત શબ્દોમાં કહેવરાવશો. આપની મુલાકાતનો લાભ અને મહારાજશ્રીનાં દર્શનનો એમ એવડી તક હતી પણ લાચારછું. એજ તા. સદર.

આપની ખેરીયતનો જિજ્ઞાસુ,

નસીરૂલહક પ્યારામીયાં

(ઉર્ફે બડાબાપુ)

લાલપુર. તા. ૨૦-૧-૧૪ સોમ.

રા. રા. સંઘવી મુલજી જગાણી,

મુ. જામખંભાળીઆ.

પરમ ઉપકારી સ્વામીજી **લવજી** સ્વામી તથા સ્વામી શ્રી * * *ની સેવામાં, લી. દફેદાર રૂપસંગજી મેરૂજીના નમસ્કાર. વિશેષ લખવાનું કે બહારવટીઆની તપાસ માટે મારી લાલપુર ખાતે નિમણુક થઇ. દરમ્યાન આપનું અહીં પધારવું થતાં, આપનું વૈરાગ્યમય ભાષણ સાંભળી મને ઘણો આનંદ થયો છે. દુનિયામાં આપ જેવા મહાપુરૂષોજ અમારા જેવા માયામાં લિપ્ત થયેલા જીવોના ઉદ્ધાર કરનારા છે. આપની વાણી શ્રવણ કરી મારૂં અંતઃકરણ નિર્મળ થયેલ છે. આપના અપૂર્વ ભાષણનો લાભ ગયા રવિવારે લેવા ઘણીજ શીઘ્રતાપૂર્વક ડીસ્ટ્રીકટમાંથી આવ્યો પણ મારા આવવા પહેલાં, ખતમ થવા

ઉપરાન્ત આપ સાંજરેજ પધારી ગયાના ખબર સાંભળી મારૂં મન ગમગીનથી લીપ્ત થયું; તેથી તુરત સ્વાર થઇ આપનાં પવિત્ર દર્શન તેમજ વાણીનું પાન કરવા પાછળ ખીરસરા આવતાં ત્યાંથી આપ પધારી ગયા, જેથી રાપુદ્દડ મારી ઉમેદ પૂર્ણ થઇ. આપના ફરમાન મુજબ અત્યારથી જીંદગીપર્યંત જીવહિંસા કરવી કે કરાવવી તેમજ મારા ખેતરમાંથી ગાયને હાંકવી કે હંકાવવી નહિ. તથા દારૂ, પરમાટી, તથા પરસ્ત્રી વગેરે દુર્વ્યસનોનો ત્યાગ કરૂં છું અને તે મુજબ મારાં સંબંધીઓમાં તથા લાગતા વળગતાઓમાં બનતું કરીશ તથા મારા તાબાના સ્વાર વાલા બાલુભા તથા રાવ ખીમાજી તથા જાડેજા બાલુભા વગેરેએ પણ ઉપર મુજબ પ્રતિજ્ઞા કરી છે તે આપ સ્વીકારશોજી અને ફરી આપનાં પવિત્ર દેદારના અભિલાષી છીએ તે પરમેશ્વર પૂર્ણ કરશે એવી આશા છે અમો ખુશીથી દિવસ આથમે પહોંચી ગયા છીએ એજ તા. સદર.

દા. ચાવડા રૂપસંગજી મેરૂજી.

સાયલા. તા. ૧-૨-૧૪

સંઘવી મુળજી જગાણી,

મુ. જામખંભાળીઆ.

સાયલાથી લી. કુમારશ્રી મદારસિંહજી સાહેબના રામરામ વાંચશો.

સ્વામીશ્રી **લવજી** સ્વામી તથા સ્વામી * * *

ત્યાં સુખાનંદમાં વિરાજતા હશે. તેઓશ્રીને અમારાવતી યથાવિધિ દંડવત નમસ્કાર કરશો, અને સુખશાતા પૂછશો અને આ

તરફ પધારવા અમારા તરફથી આગ્રહ કરશો. તેઓ સાહેબનાં જીવ-દયા સંબંધી પ્રશંસનીય કર્ત્તવ્યો સાંભળી અમો બહુ ખુશી થયા છીએ, અને અમોને પણ તેવાંજ કાર્યોનું ફરમાન કરશો એવી આશા છે. કુમાર શ્રી **મેરૂભાભાઇ**ના સ્વર્ગવાસથી **સાયલાને** હમેશને માટે ન પુરી શકાય તેવી ખોટ આવી પડી છે. ખાખર કાળની ગહન ગતિ છે, પણ જીવ માયાના પ્રબળ આવરણથી આચ્છાદિત થઇ જવાથી પોતાનું હિત પ્રબોધી શકતો નથી, એજ એની મૂર્ખતા વિદિત થાય છે. પરન્તુ આપ જેવા સત્પુરૂષોના સત્સંગથી દુરારાધ્ય દુઃખોદધિ તરી શકાય છે અને માયાના આવરણો આપોઆપ વિધ્વંસ થઇ જાય છે. એજ કામ સેવા ફરમાવશો અને અમારીવતી વિનતિ કરશો. કે સાપલા તરફ વ્હેલા પધારો.

દા. **કુમાર શ્રી મદારસિંહજી.**

પોરબંદર. તા. ૧૪–૨–૧૪

સ્વામીજી **લવજી** સ્વામી તથા સ્વામી * * * ની સેવામાં

જૈન ઉપાશ્રય.

મુ. પોરબંદર.

વિનતિ સાથ લખવાનું કે અત્યારે ઉત્તર વિભાગના ડીસ્ટ્રીકટમાં જવાનું હોવાથી ત્યાંથી જુનાગઢ જવાનું છે તો બનતાં સુધી તા. ૧૭મીએ આવીશ અને તે વખતે આપનાં દર્શનનો લાભ લઇશ. એજ તા. સદર

દા. **બાલસિંહજી.**

ચીફ રેવન્યુ અધિકારી.

વણા.

અસાઢ શુકલપક્ષ

રા. રા. ચોકસી મારફત.

મુ. જુનાગઢ.

સ્વામી **લવજી** સ્વામી તથા સ્વામીજી * * *

વણાથી લી. દરબારશ્રી જામસીંહજીના જયજીનેન્દ્ર સાથ લખવાનું કે ત્યાં વિરાજતા સ્વામીજી લવજી સ્વામી તથા * * * સ્વામીને અમારા વતી યથાયોગ્ય દંડવત્ સાથે ઘટિત કહેશો. સ્વામીજીના ઉપદેશાનુસાર સઘળા લોક હિતકાર્યમાં સામેલ રહીએ છીએ અને મહાવીર જયન્તી માટેનો અમારો હુકમ પ્રજા ઉપર કાયમ છે. મહારાજશ્રીને અમારા પ્રેમપૂર્વક વંદણા સાથે ઉપરના ખબર પહોંચડાવશો.

હુકમથી લી. **શા. માણેકચંદ.**

સમાપ્ત.

અગાઉ આશ્રય આપનારનાં ગ્રાહકો મુબારક નામ.

૩૨ જેતપુર (કાઠીરાજ.)

૧૦ નામદાર દરબાર સાહેબ જસાવાળા.
૧૦ કુમારશ્રી વજુભા સાહેબ. સાયલા, હાલ કાંથડવાળા સ્ટેટના દિવાન.
૫ નામદાર દરબાર સાહેબ ઉનડવાળા.
૫ નામદાર દરબાર સાહેબ રાણીંગવાળા.
૧ શાહ શામળજી ખોડાભાઇ.
૧ ગાંધી પ્રમાણંદદાસ કેશવજી.

૧૫ પીઠડીયા (જેતપુર ભાગદાર.)

૧૦ નેક નામદાર દરબાર સાહેબ મુળુવાળા.
૨ રા. રા. ગીડા ભોકા કાળા સ્ટેટ તજવીજદાર.
૧ રા. રા. વાંક હાથીઆ રામ. વહીવટદાર.
૧ વૈદરાજ મણીશંકર વિઠ્ઠલજી.
૧ મીસ્ત્રી કાળા જીવરાજ.

૧૦ ભીલખા (જેતપુર ભાગદાર)

૧૦ નામદાર દરબાર સાહેબ ભીમાવાળા.

૬ મેંદરડા (જેતપુર ભાગદાર)

૬ નામદાર દરબાર સાહેબ માણસીયાવાળા.

૫ વઢવાણ શહેર.

૫ કુમારશ્રી જાલમસિંહજી માધવસિંહજી.

૩૨ પોરબંદર.

૫ રા. રા. અભેચંદભાઇ. જોઇન્ટ એડમીનીસ્ટ્રેટર સાહેબ. બી. એ. એલ. એલ. બી.
૫ રા. રા. ભીમજીભાઇ, સર ન્યાયાધીશ, અને જેતપુરના માજી દફતરદાર. બી. એ. એલ. એલ. બી.
૨ રા. રા. મોદી વનેચંદભાઇ ન્યાયાધીશ સાહેબ, બૅરીસ્ટર એટ લો.
૧ રા. રા. રતનશાહ કુંવરજી ચોધરી. (પારસી) પોલીસ ઇન્સ્પેકટર સાહેબ.
૧ રા. રા. જાડેજા અગરસિંહજી કેસરીસિંહજી જેઠવા હોસ્ટેલના મૂ સાહેબ.

૨ શાહ આણુંદજી ભવાન.
૨ શાહ પ્રાગજી નારાયણજી.
૨ શાહ રામજી ખુશાલ હા. હીરજીભાઇ.
૨ શાહ નેમીદાસ હેમચંદ હા. મનમોહનદાસ.
૧ શાહ અભેચંદ દેવજી.
૧ શાહ મુળજી રાઘવજી.
૧ શાહ સુંદરજી હીરજી.
૧ શાહ પિતામ્બર નરસિંહ
૧ શાહ પ્રેમજી જાદવજી.
૧ શાહ જીવરાજ જેઠાભાઇ.
૧ શાહ વલભજી જાદવજી
૧ શાહ દેવીદાસ ભગવાનદાસ.
૧ વોરા ભગવાનદાસ જાદવજી
૧ શાહ ગોવીંદજી કાનજી
૧ શાહ માવજી ઝીણા.
૧ શાહ મોનજી ભાણજી

૧૫ ધોરાજી.

૫ રા. રા. મુળચંદભાઇ ત્રીભોવનભાઇ ગાંધી. ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ.

૨ શેઠ ગોપાલજી દેવજી. હા. નરભેરામ.
૨ કામદાર નેમચંદ હરખચંદ.
૧ શાહ ફુલચંદ નારણજી દલાલ.
૧ નિરાશ્રીત જૈન પુસ્તક ભંડાર.
૧ શાહ શામળજી કાલીદાસ.
૧ શાહ ઠાકરશી ડાહ્યાભાઇ.
૧ સંઘાણી જટાશંકર ખુશાલ ગોંડલવાળા.
૧ કામદાર પોપટ વનમાળી.

૧૨ ધ્રાફા.

૧ રા. રા. થાણદાર સાહેબ છગનલાલ ખોડીદાસ રાજકોટવાળા.
૧ જાડેજા લક્ષ્મણસીંહજી માલજીભાઇ વકીલ.
૧ જાડેજા ખીમજીભાઇ કસળસિંહજી. પોલીસ જમાદાર લાલપુર.
૧ શેઠ તેજપાળ પ્રાગજી.
૧ શેઠ વશરામ ગોકળ
૧ મહેતા નેમચંદ દેવચંદ.
૧ મહેતા સોમચંદ દેવચંદ.

૧ શેઠ હરખચંદ ચત્રભુજ
૧ દોશી હરખચંદ પુરૂશોત્તમ.
૧ શેઠ કાલીદાસ દેવજી
૧ શેઠ માણેકચંદ ચત્રભુજ
૧ મહેતા દામજી નાગજી

૯ ભાયાવદર.

૫ રા. રા. શાહ ત્રીભોવનદાસભાઇ ધનજી. જીન અને પ્રેસના માલીક.
૧ શાહ લક્ષ્મીચંદ વાલજી.
૧ કામદાર ભગવાનલાલ હરિશંકર તીજોરી કારકુન ધોરાજીવાળા.
૧ સંધવી મોતીચંદ ડાહ્યા ધોરાજીવાળા.
૧ ભાયાવદર જૈન સ્થાનક ખાતે.

૧૬ જામખંભાળીઆ.

૧ રા. રા. સરાયા જીવણદાસ ડુંગરશી ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ બી. એ. એલ. એલ. બી.
૧ રા. રા. ડુંગરશી ગોકળદાસ ચીફ કોન્સ્ટેબલ સાહેબ

૧ સંધવી મુલજી જગાણી
૧ સંધવી સુંદરજી રતનશી
૧ સંધવી પ્રાગજી ખીમજી
૧ સંધવી કસળચંદ પાનાચંદ
૧ સંધવી કેશવજી ઘેલાભાઇ
૧ રા. રા. વારીયા હરખચંદ ડાયાભાઈ કારકુન જામનગરવાળા
૧ રા. રા. પારેખ શાન્તિદાસ માણેકચંદ નાંજર જામનગરવાળા
૧ મેહેતા નેમચંદ દેવચંદ
૧ મેહેતા કાળા વીરચંદ
૧ મેહેતા ખીમચંદ વીરચંદ
૧ મેહેતા ઓધવજી નથુ
૧ માંડ જગજીવન નારાણજી
૧ માંડ જેઠા ચત્રભૂજ
૧ ઠકર હીરજી ઠાકરશી

૧૬ ભાણવડ (જામનગર તાબે)

૧ રા. રા. ભોળાનાથ ભાઇલાલ ઠાકોર ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ

૧ રા. રા. ચુડાસમા નાગજીભાઇ પંચાણુજી પોસ્ટ માસ્તર
૧ રા. રા. ચાવડા ત્રીકમજી બેચર તાલુકા સ્કુલ માસ્તર
૨ રા. રા. બારીઆ કાલીદાસ મેઘજી
૧ સંઘવી માણેકચંદ માધવજી
૧ રા. રા. ફુલચંદ ધનજી જનરલ ડયુટી કારકુન
૧ રા. રા. કલ્યાણજી પ્રેમજી પો. ઇ. ઓ. કારકુન
૧ સંઘવી નેણુશી રામજી
૧ સંઘવી સુંદરજી રામજી
૧ સંઘવી જાદવજી રામજી
૧ રા. રા. વકીલ લીલાધર મુળચંદ
૧ રા. રા. મહેતા મોતીચંદ પાનાચંદ લાલપુર દેરાસરજીના મેનેજર
૧ કંદોઇ ધનજી દામજી
૧ ફોફળીઆ ભીમજી હીરજી
૧ રા. રા. વારીઆ કાનજી ઝવેરચંદ છાપા કારકુન

૬ જામકંડોરણા.

૧ રા. રા. ગોવિંદજી ઝવેરચંદ મુનસફ સાહેબ
૧ રા. રા. ભગવાનલાલ કાળીદાસ બક્ષી મામલતદાર સાહેબ
૧ રા. રા. વકીલ છગનલાલ વી. દલપતરામ
૧ ભાટીઆ ઠાકરશી સામજી
૧ ભાટીઆ દેવચંદ ભવાન
૧ જૈન સ્થાનક ખાતે
૧ રામસુર જીત્રા. સ્પે. આસિ. તા. સ્કુ.
૧ પંડ્યા કાશીરામ રાઘવજી

૨૮ જામનગર.

૫ રા. રા. સોમચંદ કરમચંદ શાહ. બી. એ. એલ. એલ. બી. ચીફ રેવન્યુ અધિકારી સાહેબ.
૨ પારેખ માણેકચંદ પાનાચંદ હા. ઉમેદચંદ.
૨ પુનાતર ત્રીકમજી દેવચંદ
૧ રા. રા. ઉજમશી બાવાભાઇ લીંબડીવાળા એજ્યુકેશનલ ડેપ્યુટી સાહેબ.
૧ મેતા મણીશંકર અમરતલાલ.

૧ મેતા પ્રભાશંકર પાનાચંદ
૧ મેતા ન્યાલચંદ પાસવીર
૧ મેતા વનરાવન લાધા
૧ મેતા ખીમજી કરસનજી
૧ મેતા અમુલખ અંદરજી
૧ મેતા પરસોતમ કલ્યાણજી
૧ મેતા ભાઇચંદ અમરતલાલ
૧ પારેખ કચરા હીરાચંદ
૧ વસા ખેતસી કાળીદાસ
૧ ચાવડા રૂપસંગજી મેરૂજી દફેદાર ઇમ્પીરીયલ લાનસર
૧ વકીલ ઘેલા કસળચંદ
૧ શા. સવજી ગોવીંદજી
૧ માંઉ કાળીદાસ તેજપાળ
૧ શા. લખમીચંદ પોપટ
૧ શા. પોપટ મોનજી
૧ માંઉ સોમચંદ કાનજી
૧ વારીઆ વીરજી અભેચંદ

૧૪ લાલપુર (જામનગર તાબે)

૨ રા. રા. વકીલ મુળચંદ લીલાધર આસરા
૨ રા. રા. મેતા કચરાભાઇ લાધાભાઇ
૧ માંઉ દેવચંદ ભાણજી
૧ રા. રા. વકીલ સોમચંદ હીરાચંદ
૧ માંઉ કાળીદાસ ભાણજી
૧ રા. રા. ભાટીઆ વીઠલદાસ મુલજીભાઇ પારેખ
૧ માંઉ હીરાચંદ ભાણજી
૧ મેતા પોપટ વલમજી
૧ મોદી નેમચંદ સવજી
૧ ઠા. નારણજી ગોવરધન
૧ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય ખાતે
૧ રા. રા. ત્રીકમજી હરીભાઈ પોસ્ટ માસ્તર

૬ જામ જોધપુર.

૨ દોસી વિઠ્ઠલજી વિ. કુરજી.
૧ શ્રી જૈન સ્થાનક ખાતે.
૧ દોસી મુળજી રતનશી.

૧ મહેતા માણુકચંદ જસરાજ.
૧ સંઘવી વસનજી રામજી

૬ કાટકોરા.

૫ શાહ દયાળ કાળા.
૧ શાહ હરખચંદ કસળચંદ.

૪ ચરેલ.

૧ જાડેજા કેશરીસિંહજી. સ્કુલ માસ્તર.
૧ શાહ મોતીચંદ હેમરાજ.
૧ શાહ જીવરાજ અમરશી.
૧ શાહ ચુનીલાલ દેવચંદ.

૨ ગુંદા.

૧ મહેતા પોપટલાલ જેરામ.
૧ મહેતા લક્ષ્મીચંદ સુંદરજી

૨ ચેલા.

૧ શ્રી સ્થાનક ખાતે.
૧ મહેતા રામજી કાલીદાસ.

૧ હારંપર.

૧ ખવાસ ભીમજી નાગજી. વહીવટી કારકુન જામનગરવાળા.

૧ કાલાવડ.

૧ રા. રા. ડૉકટર નવલચંદ વાલજી.

૧ અરાંભડા. (જીલ્લો ઓખામંડળ)

૧ ગાંધી વાલજી મોનજી.

૧ બાંટવા.

૧ રાણા જાલમસિંહજી પુંજાજી.

૧ કલ્યાણપુર.

૧ શાહ સોમચંદ કસળચંદ.

૧ રાયડી.

૧ કોટીચા જાદવજી ભગવાનજી

૫ બરવાળા. (લીંબડી તાબે)

૫ રા. રા. અનોપચંદભાઇ જગજીવન મોદી. બી. એ. એલ. એલ. બી. નાયબ દીવાન સાહેબ બરવાળા.

૪ ખાખી જાલીઆ.

૧ રા. રા. મહંત શ્રી પૂર્ણદાસજી
૧ શા. કેશવજી ભાઇજી
૧ શા. મુલજી ચત્રભુજ
૧ જૈન સ્થાનક ખાતે

૫ રાણપુર. (સૌરાષ્ટ્ર)

૨ રા. રા. કામદાર ઉત્તમચંદભાઇ રૂપશીભાઇ કારભારી સાહેબ.
૧ શેઠ શામળજી પ્રેમજી
૧ કોઠારી કાળીદાસ મુળજી
૧ શેઠ બબજી પ્રાગજી

૨ ઉપલેટા.

૧ શેઠ ખુશાલચંદ કાનજી
૧ ડાકતર મણીલાલ સવજી મોદી

૧ ગુંદાળા.

૧ દેશાઇ પ્રેમચંદ નારણજી

૧ બગસરા.

૧ શા. પાનાચંદ ડાયાભાઇ

૨ મેવાસા (જામ)

૧ શા. રૂગનાથ ભવાન
૧ જૈન ઉપાશ્રય ખાતે

